Shree Kundkund-Kahan Parmarthik Trust
302, 'Krishna-Kunj', Plot No.30, Navyug CHS Ltd., V. L. Mehta Marg, Vile Parle(w), Mumbai–400056
**Phone No. :** (022) 2613 0820. **Website :** www.vitragvani.com **Email :** info@vitragvani.com

Atmadharma is a magazine that has been published from Songadh, since 1943. We have re-typed and uploaded the old Atmadharma Magazines to our website www.vitragvani.com

We have taken utmost care while re-typing, from the original Atmadharma Magazines. There may be some typographical errors, for which we request all readers to kindly inform us about the same, to enable us to correct and improve. Please send your comments to info@vitragvani.com

**Shree Kundkund-Kahan Parmarthik Trust**
**(Shree Shantilal Ratilal Shah-Parivar)**

दंसणमूलो धम्मो



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૧

## વીરના માર્ગે

ભાઈ, આ જીવનમાં મારે મારું કલ્યાણ કરવું જ છે–એવી ઊંડી આત્મજિજ્ઞાસાપૂર્વક ચૈતન્યનો મહિમા ઘૂંટતા ઘૂંટતા તારા નિર્ણયમાં એમ આવે કે અહો! હું જ સ્વયં પરિપૂર્ણ જ્ઞાન–આનંદસ્વરૂપ છું; આવા નિર્ણયના જોરે અંતર્મુખ થતાં પ્રત્યક્ષ સ્વસંવેદનવડે આત્મઅનુભવ થાય છે, તે સમ્યગ્દર્શન છે. સમ્યગ્દર્શન થતાં આત્મા પરમાત્માના પંથે ચડયો ને વીરના માર્ગે વળ્યો.

વર્ષ ૨૩: અંક ૭ વાર્ષિક લવાજમ રૂા ચાર વીર સંવત ૨૪૯૨ વેશાખ

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)


# સમ્પાદકીય

**વર્ષ ૨૩, અંક ૭ * વીર સં. ૨૪૯૨, વૈશાખ**

વૈશાખ સુદ બીજ....આજે આપણા ગુરુદેવની જન્મજયંતિનો ઉત્તમ દિવસ.....સોનગઢમાં અને ભારતભરના મુમુક્ષુઓમાં આજનો દિવસ આનંદથી ઉજવાઈ રહ્યો છે. અહા, જે કહાનગુરુએ જિનમાર્ગનું રહસ્ય બતાવીને આપણને જૈન બનાવ્યા, અરિહંતોનું અને સન્તોનું અધ્યાત્મજીવન કેવું હોય તે સમજાવીને આપણને અધ્યાત્મજીવન જીવતાં શીખવ્યું, મોક્ષની સાધના આનંદમય છે–એમ દેખાડીને આપણને દુઃખ ને કલેશના માર્ગેથી છોડાવ્યા, આત્માની આરાધના એ જ આ મનુષ્યજીવનનું સાચું ધ્યેય છે એમ બતાવીને જીવનના ધ્યેય તરફ વારંવાર આપણને પ્રોત્સાહિત કર્યા, જેમ કુંદકુંદાચાર્યદેવને તેમના પરાપરગુરુઓએ અનુગ્રહપૂર્વક શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપ્યો હતો તેમ જેઓ અનુગ્રહપૂર્વક આપણને નિરંતર શુદ્ધાત્મતત્ત્વનો ઉપદેશ આપી રહ્યા છે ને અચિંત્યઆત્મવૈભવ દેખાડી રહ્યા છે, અને જેમનું ભૂત–ભવિષ્યનું જીવન આપણને તીર્થંકર ભગવંતો પ્રત્યે પરમ ભક્તિ જગાડે છે–એવા આ ગુરુદેવનો જન્મોત્સવ ઉજવતાં આત્મા ઉલ્લસિત થાય છે, અને એમની મંગલ ચરણછાયામાં શુદ્ધાત્માની આરાધના પામીને જીવનને અતીન્દ્રિય આનંદથી ભરી દઈએ–એવી ઉર્મિઓ સ્ફૂરે છે.


હે ગુરુદેવ! આપના જીવનની મહત્તા શુદ્ધાત્માની આરાધના વડે છે. આપના જીવનની પ્રત્યેક પળનો ઉપયોગ શુદ્ધાત્માની આરાધનામાં જ આપ કરી રહ્યા છો, તો અમે પણ આપની પાસેથી શુદ્ધાત્માની આરાધના શીખીને એ જીવનનો મહોત્સવ ઊજવીએ–એવા આર્શીવાદ આપના જન્મદિવસની ખુશાલીમાં આપ અમને આપો........એમ પ્રાર્થીએ છીએ.

卐




હે ગુરુદેવ! આપની વૈશાખ સુદ બીજ....એ સોનેરી દિવસ છે. આપનું સોનેરી જીવન એ અમને આત્મિક સાધના માટેનું ઉત્તમ ઉદાહરણ આપી રહ્યું છે. તીર્થંકરો ગણધરો–ચક્રવર્તીઓ વગેરે પુરાણ પુરુષોનું પાવન જીવનચરિત્ર અને તેઓએ પૂર્વભવોમાં કરેલી આત્મસાધના, શાસ્ત્રોમાં એનું વર્ણન વાંચતાં પણ મુમુક્ષુને કેવો આહ્લાદ થાય છે!! તો એવી આત્મસાધનાવંત જીવોનું જીવન પ્રત્યક્ષ જોવા મળે,–એટલું જ નહિ–એમના સહવાસમાં નિરંતર સાથે ને સાથે રહેવાનું બને,–એ પ્રસંગે મુમુક્ષુના આહ્લાદની શી વાત! હે ગુરુદેવ! આપના પ્રતાપે અમને એવો સુયોગ મળ્યો છે....તેથી અમે તો એમ જ સમજીએ છીએ કે આપની સોનેરી છાયામાં અમને આરાધનાનો જ સોનેરી અવસર મળ્યો છે. આપના ચરણમાં આરાધના પ્રાપ્ત કરીને અમારું જીવન ઉજ્વળ કરીએ ને એ રીતે આપનો મંગળ–જન્મોત્સવ ઉજવીએ–એવી ભાવનાપૂર્વક આપને નમસ્કાર કરીએ છીએ. –સં.

卐



હે કહાનગુરુ ! તારો આત્મા મંગળ.....તારી વાણી મંગળ...તારું જ્ઞાન મંગળ....
તારો જન્મ મંગળ.....તારું જીવન મંગળ....આજે મંગળ ને સદા મંગળ.




# “ગુરુદેવનો જય હો”

ગુરુ મળ્યા છે ભવતારણહારા,
રૂડો આતમ એ દેખાડનારા;
દેવ સર્વજ્ઞ અમ જૈનોના,
વહાલા લાગે છે રાગ વિનાના.
નોબત વાગે જન્મ દિવસની.
જન્મ ટળે છે સમકિત ભાવથી;
યમ જેવું અજ્ઞાન દૂર ભાગે છે,
હો....કાન ગુરુ તારો જય વર્તે છે.

–પ્રકાશ જે. જૈન–મોરબી

(બાલવિભાગ સભ્ય નંબર ૧૩૯)

આ ગીત મોકલનાર બંધુ બાલવિભાગના સભ્યો પાસે માંગે છે કે આ કાવ્યની દરેક લાઈનનો પહેલો અક્ષર ભેગો કરીને આપો.

******

વાર્ષિક
લવાજમ
રૂા. ૪

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ
આત્માર્થીતા
વાત્સલ્ય
દેવગુરુધર્મની સેવા

વર્ષ ૨૩
અંક ૭
વીર સં. ૨૪૯૨
વૈશાખ

તંત્રીઃ જગજીવન બાવચંદ દોશી
સંપાદકઃ બ્ર. હરિલાલ જૈન, સોનગઢ

# ગુરુદેવના ઉપકાર

વૈશાખ સુદી બીજ એટલે આનંદનો દિવસ.....એ દિવસે માતા ઉજમબાને તો ‘પુત્રરત્ન’ સાંપડયું પરંતુ આપણને તો આપણું ‘જીવન’ સાંપડયું, ‘ધર્મરત્ન’ સાંપડયું. ગુરુદેવનો તો ‘જન્મ’ થયો પણ એ જન્મે આપણા અનંત જન્મો મટાડી દીધા. અહા, ગુરુદેવના ઉપકારની શી વાત! તેઓ સ્વયં આરાધનાની ધૂન જગાડી, આપણને પણ નિરંતર આરાધનાના ઉપદેશરૂપી અમૃતનું પાન કરાવી રહ્યા છે. અરે, તરસ્યાને ટાઢું પાણી પાનાર પ્રત્યે પણ ઉપકારવૃત્તિ જાગે છે તો આપણને આરાધનાના ઉપદેશરૂપી શાંતજળનું પાન કરાવનાર અને અનંતકાળની મોહતૃષા મટાડનાર એવા ગુરુદેવના ઉપકારની શી વાત! ભવોભવમાં એ ઉપકાર કેમ ભૂલાય?

આત્માર્થી જીવની પ્રિયમાં પ્રિય વસ્તુ શુદ્ધ ચૈતન્યતત્ત્વ; તે ચૈતન્યની પ્રાપ્તિનો માર્ગ જેની પાસેથી પ્રાપ્ત થયો એવા સંત–ધર્માત્માઓ પ્રત્યે આત્માર્થીના હૃદયમાં ભક્તિના ઝરા વહે છે. પરમ ઉપકારી ગુરુદેવના મંગલ જન્મોત્સવ પ્રસંગે આપણે ભાવના ભાવીએ કે શત–શત વર્ષો સુધી તેઓ આપણને આનંદામૃતનું પાન કરાવ્યા કરો ને તેઓશ્રીની મંગલછાયામાં શુદ્ધ ચૈતન્યની આરાધના આપણે પ્રાપ્ત કરીએ.

- બ્ર. હ. જૈન

# ધર્માત્મા

પૂ. ગુરુદેવના ૭૭મા જન્મોત્સવ પ્રસંગે ગુંથેલી, ધર્માત્માના અંતરંગ જીવનનું આલેખન કરતી ૭૭ પુષ્પોની આ પુષ્પમાળા ધર્માત્માનો મહિમા અને ઓળખાણ કરાવીને એમના પ્રત્યે પરમ ભક્તિ જગાડે છે, ને આત્માને ધર્મનો રંગ ચડાવે છે. સૌને આ પુષ્પમાળા ગમશે. –સં.

૧. ધર્માત્માનું જીવન સમ્યક્ત્વરૂપી અમૂલ્ય રત્નવડે અલંકૃત છે.

૨. ધર્માત્મા સર્વજ્ઞપરમાત્માને ઓળખીને જિનેશ્વરનંદન થયા છે.

૩. ધર્માત્મા આનંદમય મોક્ષમાર્ગમાં કેલિ કરે છે.

૪. ધર્માત્માનું સમ્યગ્જ્ઞાન એ કેવળજ્ઞાનની જ જાતનું છે.

૫. ધર્માત્મા જ સિદ્ધપરમાત્માના અતીન્દ્રિય આનંદને જાણે છે.

૬. ધર્માત્મા અનંત શક્તિસંપન્ન નિજવૈભવને જાણીને ધ્યાવે છે.

૭. ધર્માત્માને જ દેવ–ગુરુની સમ્યક્ ભક્તિ ખીલે છે.

૮. ધર્માત્મા જ મુનિધર્મના સાચા ઉપાસક હોય છે.

૯. ધર્માત્માનો સંગ મુમુક્ષુને આરાધનાનો ઉત્સાહ જગાડે છે.

૧૦. ધર્માત્માની સાચી ઓળખાણ જીવોને પરમ દુર્લભ છે.

૧૧. ધર્માત્મા પ્રત્યેની અર્પણતા સંસારનાં દુઃખને છેદી નાંખે છે.

૧૨. ધર્માત્મા જ્યાં બિરાજે છે ત્યાં નિત્ય આનંદ મંગળ વર્તે છે.

૧૩. ધર્માત્માના અંતરમાં પંચપરમેષ્ઠીનો વાસ છે.
૧૪. ધર્માત્માના હૃદયમાંથી નીકળેલી વાણી એ જ શાસ્ત્ર છે.
૧૫. ધર્માત્માની પરિણતિ પરભાવથી છૂટીને નિજભાવમાં મગ્ન છે.
૧૬. ધર્માત્મા વગર ધર્મ નથી; ધર્મ ધર્માત્માના આશ્રયે છે.
૧૭. ધર્માત્મા પ્રત્યે જેને ભક્તિ નથી તેને ધર્મનો પ્રેમ નથી.
૧૮. ધર્માત્મા તેનું નામ કે જે અંતરમાં નિજ વસ્તુસ્વભાવને સાધે.
૧૯. ધર્માત્મા જ્યાં બિરાજે તે દેશને, તે નગરને, તે ઘરને ધન્ય છે.
૨૦. ધર્માત્મા લાખો–કરોડો જીવોની વચ્ચે એકલો પણ શોભે છે.
૨૧. ધર્માત્માની શોભા ને મહત્તા સંયોગથી નહિ પણ સમ્યક્ત્વાદિથી છે.
૨૨. ધર્માત્માએ સર્વજ્ઞપરમાત્માને પોતાના હૃદયમાં પધરાવ્યા છે.
૨૩. ધર્માત્માનું જીવન મુમુક્ષુને આત્મહિતની પ્રેરણા આપે છે.
૨૪. ધર્માત્માને દેખતાં મુમુક્ષુના હૃદયમાં આત્મહિતના તરંગો ઉલ્લસે છે.
૨૫. ધર્માત્માનો નીકટ સહવાસ મહાન સદ્ભાગ્યથી પ્રાપ્ત થાય છે.
૨૬. ધર્માત્માનું જીવન એ જ સાચું અભિનંદનીય જીવન છે.
૨૭. ધર્માત્મા પ્રત્યે ભક્તિથી મુમુક્ષુના અસંખ્યપ્રદેશ રોમાંચિત બને છે.
૨૮. ધર્માત્માના જીવનની પ્રત્યેક ક્ષણ આત્મહિત માટે વીતી રહી છે.
૨૯. ધર્માત્માની પરિણતિ ક્ષણેક્ષણે સંસારને છેદી રહી છે.
૩૦. ધર્માત્માની પરિણતિ પ્રત્યેક ક્ષણે મોક્ષ તરફ દોડી રહી છે.
૩૧. ધર્માત્મા કહે છે કે તું આત્માર્થને સાધવાની ધૂન જગાડ.
૩૧. ધર્માત્મા જેમાં આત્માર્થ ન સધાય એવા પ્રસંગમાં અટકે નહીં.
૩૨. ધર્માત્મા અધ્યાત્મની ધૂન વડે અંતરમાં પોતાનો માર્ગ શોધી લે છે.
૩૩. ધર્માત્માના પ્રબળ ધર્મસંસ્કાર કોઈ પણ સંયોગમાં છૂટતા નથી.
૩૪. ધર્માત્મા જગતની દરકાર છોડીને આત્માને સાધે છે.
૩૫. ધર્માત્મા પોતાના આત્મહિતના પંથે નિઃશંકપણે ચાલી રહ્યા છે.
૩૬. ધર્માત્માનું ધર્મવાત્સલ્ય અજોડ અને આશ્ચર્યકારી હોય છે.

૩૭. ધર્માત્મા બીજા સાધર્મી–ધર્માત્મા ઉપરનું દુઃખ જોઈ શકતા નથી.
૩૮. ધર્માત્માનો અવતાર જન્મ–મરણના ફેરા ટાળવા માટે છે.
૩૯. ધર્માત્મા રત્નત્રય વડે સંસારને તરતા હોવાથી પોતે જ સાક્ષાત્ તીર્થ છે.
૪૦. ધર્માત્મા ઘોર પ્રતિકૂળતા વચ્ચેથી પણ પોતાનો માર્ગ સાધી લ્યે છે.
૪૧. ધર્માત્માને જગતની કોઈ મુશ્કેલી હિતમાર્ગથી ડગાવી શકતી નથી.
૪૨. ધર્માત્મા પ્રતિકૂળતામાં ઘેરાતા નથી પણ પુરુષાર્થ જગાડે છે.
૪૩. ધર્માત્મા આત્મબળવડે નિર્ભયપણે આત્મહિતના માર્ગમાં ઝુકાવે છે.
૪૪. ધર્માત્મા જગતની નિંદાની પરવા કર્યા વગર સત્પંથે પ્રયાણ કરે છે.
૪૫. ધર્માત્મા કહે છે કે જગતથી ડરીશ મા ને હિતમાર્ગ છોડીશ મા.
૪૬. ધર્માત્માનું ધૈર્ય અને આત્મબળ અમને આશ્ચર્ય ઉપજાવે છે.
૪૭. ધર્માત્માની સહનશીલતા ને એના વૈરાગ્યની ગંભીરતા અજબ છે.
૪૮. ધર્માત્મા પ્રતિકૂળતાના પ્રસંગેય પોતાના તત્ત્વનિર્ણયથી ડગતા નથી.
૪૯. ધર્માત્માનું જીવન આત્મહિતને માટે સતત ચિંતનશીલ હોય છે.
૫૦. ધર્માત્માના આત્મિકઆરાધનાના સંસ્કાર સાથે ને સાથે જ રહે છે.
૫૧. ધર્માત્માની આત્મધૂન એવી છે કે બીજા કાર્યો એને ગમતાં નથી.
૫૨. ધર્માત્મા કહે છે કે તું બીજાં કાર્યો એકકોર મુક ને ખરી આત્મધૂન જગાડ.
૫૩. ધર્માત્માની પરિણતિ આત્મહિત સાધવા માટે પરમ વૈરાગ્યમય વર્તે છે.
૫૪. ધર્માત્માને સ્વભાવપ્રત્યે સંવેગ ને સંસાર પ્રત્યે નિર્વેગ છે.
૫૫. ધર્માત્માનું હૃદય ચૈતન્યના રંગે રંગાયેલું ને સંસારથી અલિપ્ત છે.
૫૬. ધર્માત્મા બાહ્ય પ્રતિષ્ઠામાં કે જાણપણામાં સંતુષ્ઠ થતા નથી.
૫૭. ધર્માત્મા કહે છે કે આત્માને સાધવો હોય તો બીજાથી સંતુષ્ઠ થઈશ મા.
૫૮. ધર્માત્માઓના પ્રતાપે જ આ જગતમાં સુખ છે.
૫૯. ધર્માત્મા જ્ઞાનમય ભાવથી બહાર ક્યાંય પોતાનું કર્તૃત્વ સ્વીકારતા નથી.
૬૦. ધર્માત્મા નિજભાવને છોડતા નથી, પર ભાવને ગ્રહતા નથી.
૬૧. ધર્માત્માને સંસાર અસાર લાગ્યો છે, એક સ્વભાવ જ સાર લાગ્યો છે.

૬૨. ધર્માત્મા કારણપરમાત્માના આશ્રયે નિજ પરમાત્મકાર્યને સાધે છે.
૬૩. ધર્માત્મા પરમ પંચમભાવને ધ્યાવીને પંચમગતિરૂપ મોક્ષને સાધે છે.
૬૪. ધર્માત્માની સાચી ઓળખાણ રાગ વગરના જ્ઞાનવડે થાય છે.
૬૫. ધર્માત્માની સાચી ઓળખાણ કરનાર જીવ પોતે ધર્મી થઈ જાય છે.
૬૬. ધર્માત્માની ઉપાસના સમ્યક્પણે જીવે કદી કરી નથી.
૬૭. ધર્માત્માના દૃષ્ટિ અષ્ટ મહાગુણવડે ઉજ્વળતાથી દીપી ઊઠે છે.
૬૮. ધર્માત્માના અતીન્દ્રિય સુખવેદનને અજ્ઞાનીઓ ઓળખતા નથી.
૬૯. ધર્માત્મા સિદ્ધપ્રભુના સુખનો નમૂનો પોતામાં અનુભવે છે.
૭૦. ધર્માત્મા સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્રને જ મોક્ષમાર્ગપણે ઉપાસે છે.
૭૧. ધર્માત્મા સિદ્ધિ અને તેનું સાધન બંને પોતામાં જ દેખે છે.
૭૨. ધર્માત્મા કહે છે-મને તો આત્મા જ ગમે, બીજું કાંઈ ન ગમે.
૭૩. ધર્માત્મા પોતે અનુભવેલું તત્ત્વ કૃપાપૂર્વક બીજાને પણ દેખાડે છે.
૭૪. ધર્માત્મા એ કલિયુગના મુમુક્ષુ જીવોનું કલ્પવૃક્ષ છે.
૭૫. ધર્માત્માની પ્રસન્નતા-વડે મુમુક્ષુ મોક્ષમાર્ગને સાધી લ્યે છે.
૭૬. ધર્માત્માએ અનુભવેલું આનંદમય પરમતત્ત્વ મને પણ પ્રાપ્ત હો.
૭૭. ધર્માત્માના પુનિત ચરણમાં વંદના હો શત શત હરિની.

આવા પરમ મહિમાવંત ધર્માત્માઓને નજરે નીહાળવા માટે હે સાધર્મી સજ્જનો તમે સોનગઢ પધારો.

# ઇષ્ટ અને ધ્યેય

**આત્માનું ઇષ્ટ શું અને તેની પ્રાપ્તિનો ઉપાય શું? તે અહીં બતાવ્યું છે. અરે જીવ! આ ઇષ્ટની પ્રાપ્તિનો અવસર છે. સંતો તને તારા ઇષ્ટની પ્રાપ્તિની રીત બતાવે છે. પહેલાં ઇષ્ટનું સ્વરૂપ નક્કી કર. તારું ઇષ્ટ ને તારું ધ્યેય ક્યાંય બહાર નથી, તારાથી જરાય દૂર નથી. તારામાં જ છે. તારું ઇષ્ટ રાગ વગરનું છે ને તેની પ્રાપ્તિનો ઉપાય પણ રાગ વગરનો જ છે; કેમકે સાધ્ય ને સાધન બંને એક જાતના છે.**

ઇષ્ટનો ઉપદેશ એટલે કે ઇષ્ટ શું છે ને તે ઇષ્ટની પ્રાપ્તિ કેમ થાય? તે બતાવે છે. જે જીવ ઇષ્ટનો અર્થી હોય, એટલે કે સુખનો અભિલાષી હોય, આત્મહિત કરવા ચાહતો હોય, તે જીવને, સ્વસંવેદનમાં પ્રગટ અને સુખમય એવો નિજાત્મા જ ધ્યેયરૂપ છે. લોકાલોકને જાણવાની તાકાતવાળો આત્મા અત્યંત સૌખ્યમય છે, સ્વસંવેદનમાં તે પ્રગટે છે, ને તે જ ધર્મીનું ધ્યેય છે.

આ આત્મા જ એવો દિવ્ય ચિન્તામણિ છે કે જેના ચિંતનથી પરમ સુખ ને કેવળજ્ઞાનાદિ પ્રાપ્ત થાય છે. જ્યાં આવો ચિંતામણિ પોતામાં પ્રાપ્ત છે ત્યાં અન્ય પદાર્થોથી શું પ્રયોજન છે? માટે પોતાનો આત્મા જ ઇષ્ટ અને ધ્યેય છે. રાગ કે સંયોગ તે ઇષ્ટ નથી, ધ્યેય નથી.

ભાઈ, તારું ધ્યેય ને તારું ઇષ્ટ ક્યાંય બહાર નથી, જરાય દૂર નથી, તારામાં જ છે. આ શરીર જેટલા તારા અસંખ્ય પ્રદેશી સ્વક્ષેત્રમાં જ્ઞાન ને આનંદ પરિપૂર્ણ ભર્યા છે. આવા જ્ઞાનાનંદથી ભરેલો તારો આત્મા તે જ તારું ઇષ્ટ ને તારું ધ્યેય છે. તેનું સ્વસંવેદન કરતાં જ તને ઇષ્ટની એટલે આનંદની પ્રાપ્તિ થશે. એ સ્વસંવેદન આત્મા પોતે પોતાથી જ કરી શકે છે, તેમાં કોઈ બીજાની મદદ નથી, રાગનું અવલંબન નથી. જ્ઞાન પોતે અંતર્મુખ થઈને આત્માનો પ્રત્યક્ષ અનુભવ કરે છે, અને આવું સ્વસંવેદન એ જ ઇષ્ટની પ્રાપ્તિનો માર્ગ છે. વિકલ્પ વગરનું અંતરનું વેદન તે આત્માની અનુભૂતિ છે, ને આત્માનું

જે કાંઈ ઇષ્ટ–વહાલું–સુખરૂપ છે તે આવી સ્વાનુભૂતિમાં જ સમાય છે.

અરે જીવ ! આ ઇષ્ટની પ્રાપ્તિનો અવસર છે; સંતો તને તારા ઇષ્ટની પ્રાપ્તિની રીત બતાવે છે. પહેલાં ઇષ્ટનું સ્વરૂપ નકકી કર....આત્માનું શુદ્ધસ્વરૂપ શું છે તે જ્ઞાનમાં લઈને સીધો તેને અનુભવમાં લે. 'સીધો' એટલે વચમાં બીજી કોઈ પરભાવની આડ રાખ્યા વગર એકલા જ્ઞાન વડે આત્માને અનુભવમાં લે 'હું અનુભવ કરું' એટલી વૃત્તિનું પણ જ્યાં ઉત્થાન નથી, છતાં આત્મા સ્વયં કર્તા થઈને સ્વાનુભવરૂપ કાર્યપણે પરિણમી જાય છે; પોતે નિજસ્વભાવથી જ સ્વજ્ઞેયના જ્ઞાતાપણે પરિણમે છે, તેમાં કોઈ બીજાનું અવલંબન નથી, જ્ઞાતા ને જ્ઞેય એવા ભેદ પણ નથી. દ્રવ્ય–પર્યાયની એકતા થઈને સ્વસંવેદનપણે આત્મા પરિણમ્યો ત્યાં ઇષ્ટની પ્રાપ્તિ થઈ, અતીન્દ્રિય આનંદનું વેદન થયું.

પહેલાં સ્વસંવેદનગમ્ય આત્માનો બરાબર નિર્ણય કરે, ત્યારે જ સ્વાનુભવની શક્તિ ખીલે. ક્યાંય પણ પરાવલંબનની બુદ્ધિમાં કે પરમાં મીઠાશની બુદ્ધિમાં ઊંડે ઊંડે અટકયો છે ત્યાં સુધી આત્મા સ્વસંવેદનમાં આવતો નથી. ભાઈ, આ તો આત્માનો રંગ ચડાવવાની વાત છે; રાગનો જ્યાં રંગ હોય ત્યાં આત્મા અનુભવમાં આવે નહિ. ભાઈ ! ઇષ્ટરૂપ આત્માને તારે અનુભવમાં લેવો હોય તો પહેલાં એનું સ્વરૂપ જ્ઞાનમાં લે. ઇષ્ટનું જેવડું સ્વરૂપ છે તેના કરતાં જરાય ઓછું માનીશ તો તને તારું ઇષ્ટ હાથમાં નહિ આવે. પરમ શુદ્ધતત્ત્વ મહાન તેને ઇષ્ટ ન માનતાં રાગને–પુણ્યને સંયોગને જે ઇષ્ટ માને, તે રાગ વગરના ચૈતન્યની પ્રાપ્તિનો પુરુષાર્થ ક્યાંથી ઉપાડશે ? જે જેને ઇષ્ટ માને તે તેની પ્રાપ્તિનો પ્રયત્ન કરે. જે રાગને ઇષ્ટ માને તે રાગના પ્રયત્નમાં રોકાય, પણ શુદ્ધાત્માનો પ્રયત્ન તેને ઉપડે નહિ. અને શુદ્ધાત્માને જ જેણે ઇષ્ટ માન્યો તે જીવ રાગના પ્રયત્નમાં રોકાય નહિ, રાગથી પાર ચૈતન્યને તે સ્વાનુભવ વડે પ્રાપ્ત કરશે.

ભાઈ, ઇષ્ટનો ઉપાય પણ ઇષ્ટરૂપ જ હોય, અર્થાત્ શુદ્ધસ્વભાવની પ્રાપ્તિનો ઉપાય પણ શુદ્ધભાવરૂપ જ હોય, કેમ કે ઉપેય અને ઉપાય ( સાધ્ય અને સાધન ) બંને એક જાતિના હોય, વિરુદ્ધ ન હોય. ઇષ્ટ વીતરાગતા, ને તેનું સાધન રાગ–એમ ન હોય; જેમ ઇષ્ટ રાગ વગરનું છે તેમ તેની પ્રાપ્તિનો ઉપાય પણ રાગ વગરનો જ છે. રાગને સાધન બનાવીને પ્રગટે એવો આત્માનો સ્વભાવ છે જ નહિ.

જેને જે ઇષ્ટ માને તેને તે ધ્યાવે; એક કોર શુદ્ધ આત્મસ્વભાવ છે, એકકોર રાગાદિ અશુદ્ધતા તથા શરીરાદિ સંયોગો છે, હવે જે જીવ રાગને કે શરીરને સુખરૂપ–ઇષ્ટ માને તે જીવ તે રાગને જ ધ્યેય બનાવીને તેમાં તન્મય વર્તે પણ તે રાગથી પાર એવા શુદ્ધાત્માને ધ્યેય બનાવી શકે નહિ અને જેણે શુદ્ધાત્માને ધ્યેય બનાવ્યો, એને જ ઇષ્ટરૂપ ને સુખરૂપ જાણ્યો તે જીવ તેનાથી વિરુદ્ધ એવા રાગાદિને કે શરીરને કદી ઇષ્ટરૂપ માનતા નથી એટલે તેમાં તન્મય થતા નથી, એનાથી ભિન્ન શુદ્ધઆત્માને જ ઇષ્ટપણે ધ્યાવી ધ્યાવીને પરમાનંદમય પરમાત્મદશાને પ્રાપ્ત કરે છે.–તે જ મહાન ઇષ્ટ છે.

# વીતરાગી
# જ્ઞેય-જ્ઞાયક સંબંધ

**( જ્યારે સર્વજ્ઞસ્વભાવનું ઊંડું ઘોલન ચાલતું હતું ત્યારે પોષ સુદ બીજે રાત્રિચર્ચામાં ગુરુદેવના હૃદયમાંથી સહેજે નીચેના ભાવો નીકળ્યા..... )**

આત્મા જ્ઞાનસ્વભાવ છે. આત્માને પર પદાર્થોની સાથે માત્ર જ્ઞેયજ્ઞાયકપણાનો સંબંધ છે. આ જ્ઞેયજ્ઞાયકપણાનો સંબંધ એ વીતરાગી સંબંધ છે. આત્મા જ્ઞાતાપણે જાણે, ને પદાર્થો જ્ઞેયપણે જણાય,–એવો વીતરાગી જ્ઞાતાજ્ઞેયસંબંધ છે; આ સિવાય પરમાર્થે બીજો કોઈ સંબંધ આત્માને પર સાથે નથી. આથી વિશેષ સંબંધ માને તો તે જીવ રાગ–દ્વેષ–મોહથી દુઃખી છે.

* અનુકૂળ સંયોગો આત્માને સુખ આપે ને આત્મા તેમાંથી સુખ લ્યે–એવો સુખ દેવા–લેવાનો સંબંધ પર સાથે આત્માને નથી; માત્ર–જ્ઞેયજ્ઞાયક સંબંધ છે.

* પ્રતિકૂળ સંયોગો આત્માને દુઃખ દે ને આત્મા તેનાથી દુઃખી થાય–એવો દુઃખ દેવા–લેવાનો સંબંધ પણ પર સાથે આત્માને નથી; –માત્ર જ્ઞેય–જ્ઞાયક સંબંધ છે. જ્ઞેય–જ્ઞાયક સંબંધમાં આ પદાર્થ અનુકૂળ ને આ પદાર્થ પ્રતિકૂળ–એવા ભેદ નથી. જ્ઞાનપ્રત્યે બધા પદાર્થો સમાનપણે જ્ઞેય છે.

* આઠ કર્મો જીવને વિકાર કરાવે ને આત્મા તેમને લીધે વિકારી થાય એવો સંબંધ આત્માને પર સાથે નથી, માત્ર જ્ઞેય–જ્ઞાયક સંબંધ છે.

* પરદ્રવ્ય કર્તા થઈને આત્માનું કાર્ય કરે, અથવા આત્મા કર્તા થઈને પર દ્રવ્યનું કાર્ય કરે એવો કર્તાકર્મપણાનો સંબંધ આત્માને પર સાથે નથી; માત્ર જ્ઞેયજ્ઞાયક સંબંધ છે.

પરવસ્તુ આત્માને જ્ઞાન આપે, ને આત્મા પરવસ્તુમાંથી જ્ઞાન લ્યે એવો સંબંધ પણ આત્માને પર સાથે નથી આત્મા સ્વયં જ્ઞાનરૂપ પરિણમતો જ્ઞેયોને જાણે છે. જાણવામાં આત્માનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે ને જ્ઞેય થવામાં પરનું કાર્યક્ષેત્ર પૂરું થાય છે. એથી આગળ વધીને જ્ઞાન ને જ્ઞેય એકબીજામાં કાંઈ મદદ અસર કરે એમ બનતું નથી. બસ, જ્ઞેય–જ્ઞાયક સંબંધમાં

એકલી વીતરાગતા છે, તેમાં વચ્ચે રાગ નથી. રાગને અને જ્ઞાનને પણ ખરેખર માત્ર જ્ઞેય-જ્ઞાયકપણું છે. આવા જ્ઞાયકસ્વભાવી આત્માને ઓળખતાં, પર સાથેની એકતાબુદ્ધિ તૂટીને વીતરાગતા થાય છે ને સર્વજ્ઞતા ખીલી જાય છે; ત્યાં આત્મા સંપૂર્ણ જ્ઞાતા થાય છે ને સર્વ પદાર્થો તેના જ્ઞાનમાં જ્ઞેય થાય છે.

મોક્ષમાર્ગભૂત શુદ્ધાત્મપ્રવૃત્તિ કરતા થકા આચાર્યદેવ કહે છે કેઃ- "હું સ્વભાવથી જ્ઞાયક જ છું; કેવળ જ્ઞાયક હોવાથી મારે વિશ્વની સાથે પણ સહજ જ્ઞેયજ્ઞાયકલક્ષણ સંબંધ જ છે, પરંતુ બીજા સ્વસ્વામી-લક્ષણાદિ સંબંધો નથી; તેથી મારે કોઈ પ્રત્યે મમત્વ નથી, સર્વત્ર નિર્મમત્વ જ છે"

જાુઓ, જ્ઞાયકસ્વભાવી આત્માને પર સાથે માત્ર જ્ઞેયજ્ઞાયક સંબંધ છે-એવા નિર્ણયપૂર્વક શુદ્ધાત્મામાં પ્રવૃત્તિથી મોક્ષમાર્ગ થાય છે; પરંતુ એ સિવાય પરની સાથે બીજો કોઈ સંબંધ માને તે જીવને શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ થતી નથી એટલે વીતરાગતા કે મોક્ષમાર્ગ થતો નથી. જેને પર સાથે ફક્ત જ્ઞેયજ્ઞાયક સંબંધ જ છે, એવા જ્ઞાયકસ્વભાવી આત્માનો જે નિર્ણય કરે છે તે જીવ તેમાં પ્રવૃત્તિ વડે મોહને ઉખેડી નાંખીને કેવળજ્ઞાની સર્વજ્ઞ થાય છે.

卐

પ્રશ્નઃ- સર્વજ્ઞ તે જ્ઞાતા, ને જગત આખું જ્ઞેય; તો ત્યાં જ્ઞેયઅનુસાર જ્ઞાન છે કે જ્ઞાન અનુસાર જ્ઞેય છે?

ઉત્તરઃ- સર્વજ્ઞનું જ્ઞાનપરિણમન અને જગતના પદાર્થોનું જ્ઞેયપરિણમન, એ બંને સ્વતંત્ર હોવા છતાં, બંનેના જ્ઞેય-જ્ઞાયક સંબંધનો એવો મેળ છે કે જેવું સર્વજ્ઞના જ્ઞાનમાં જણાયું છે તેવું જ પદાર્થનું પરિણમન થાય છે, ને જેવું પદાર્થનું ત્રણકાળનું પરિણમન છે તેવું જ સર્વજ્ઞજ્ઞાનમાં જણાય છે; એકબીજાથી વિરુદ્ધતા નથી. કેવળજ્ઞાનમાં જણાય કંઈક ને પદાર્થો પરિણમે બીજી રીતે-એમ બને તો તો કેવળજ્ઞાન ખોટું પડે!-અને પદાર્થો પરિણમે એક રીતે ને જ્ઞાન તેને જાણે બીજી રીતે-તોપણ જ્ઞાન ખોટું પડે; એમ થતાં તેને પદાર્થો સાથે જ્ઞેય-જ્ઞાયકપણું પણ ક્યાં રહ્યું? માટે સ્વતંત્રતા હોવા છતાં એવું જ્ઞેય-જ્ઞાયકપણું છે કે જેવું જ્ઞેયોમાં પરિણમન છે જ્ઞાનમાં તેવું જ જણાય છે, અને જ્ઞાન જેવું જાણે છે જ્ઞેયોમાં તેવું જ પરિણમન થાય છે, અન્યથા થતું નથી. આવા જ્ઞાન-જ્ઞેયસ્વભાવનો નિર્ણય તે વીતરાગતાનું કારણ છે.




( લેખાંક ૧૧ )

**તત્ત્વરસિક જિજ્ઞાસુઓને પ્રિય દશ પ્રશ્ન-દશ ઉત્તરનો આ વિભાગ પૂ. ગુરુદેવ પાસે થયેલ તત્ત્વચર્ચાઓમાંથી તેમજ શાસ્ત્રોમાંથી તૈયાર કરવામાં આવે છે. -સં.**

卐

**( ૧૦૧ ) પ્રશ્નઃ-** કોઈ ઉપર પ્રશસ્ત રાગ થતો હોય તો તે પૂર્વભવના કાંઈ સંબંધી હશે ?

**ઉત્તરઃ-** એવો કોઈ નિયમ નથી કે પૂર્વભવનો સંબંધ હોય માટે જ પ્રશસ્ત રાગ થાય; એ જ રીતે કોઈ ઉપર દ્વેષ થાય તેથી તે પૂર્વ ભવમાં દુશ્મન હતો એવો કાંઈ નિયમ નથી. કોઈવાર પૂર્વના સંબંધ વગર નવા જ પરિચયમાં આવેલા જીવો ઉપર પણ રાગ-દ્વેષ થાય છે. વીતરાગી જ્ઞાનસ્વભાવની ભાવના વડે રાગદ્વેષ ટળે છે; પછી પૂર્વભવના શત્રુ-મિત્ર પ્રત્યે પણ દ્વેષ કે રાગ થતા નથી.

卐

**( ૧૦૨ ) પ્રશ્નઃ-** જીંદગી ટૂંકી ને જંજાળ લાંબી, તો શું કરીએ તો જંજાળ ઘટે ?

**ઉત્તરઃ-** ભાઈ, ચૈતન્યની જીંદગી ટૂંકી નથી, એ તો શાશ્વત જીવનવાળો છે.

જંજાળ એટલે બાહ્ય સંયોગ તે તો ક્ષણિક છે, પર છે, મોહથી તેને પોતાના માનીને તેં જંજાળ લાંબી કરી છે. મોહ તૂટે તો જંજાળ તૂટે. મોહને તોડવા પરથી ભિન્ન ચૈતન્ય તત્ત્વનો અંદરમાં વારંવાર તીવ્ર પ્રેમથી અભ્યાસ કરવો જોઈએ.

卐

**( ૧૦૩ ) પ્રશ્નઃ-** જીવ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે ત્યારે કોને કારણરૂપે ગ્રહીને પરિણમે છે ?

**ઉત્તરઃ-** પોતાના અનાદિઅનંત અહેતુક અસાધારણ જ્ઞાનસ્વભાવને જ કારણપણે ગ્રહવાથી તુરત જ જીવ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે. ( પ્રવચનસાર ગા. ૨૧ ટીકા )

બધાય પરદ્રવ્યની અપેક્ષા રાખ્યા વગર એક આત્મસ્વભાવને જ કારણપણે ગ્રહીને જીવ કેવળજ્ઞાનરૂપે પરિણમે છે. ( જુઓ, પ્રવ. ગા. ૫૮ )

આત્મા સ્વયમેવ છ કારણરૂપ થઈને કેવળજ્ઞાનરૂપ પરિણમે છે, અને પરની સાથે તેને કારકપણાનો સંબંધ નથી, તેનું વર્ણન પ્રવ. ગા. ૧૬માં છે.

卐

**( ૧૦૪ ) પ્રશ્નઃ-** નિયમથી ચોક્કસપણે મુમુક્ષુને શું કર્તવ્ય છે ?

**ઉત્તરઃ-** શુદ્ધરત્નત્રયરૂપ કાર્ય તે નિયમથી મુમુક્ષુનું કર્તવ્ય છે. કેમકે એના વડે નિયમથી મોક્ષ સધાય છે, ને એના વગર કદી મોક્ષ સધાતો નથી; માટે તે મુમુક્ષુનું નિયમથી કર્તવ્ય છે.

**“ णियमेण य जं कज्जं तण्णियमं णाणदंसणचरितं।”**

“ જે નિયમ કર્તવ્યથી એવા રત્નત્રય તે નિયમ છે.”

( નિયમસાર ગા. ૩ )

**( ૧૦૫ ) પ્રશ્નઃ-** નવમી ગ્રૈવેયકમાં અસંખ્ય જીવો છે, તેમાં સમ્યગ્દ્રષ્ટિ ઝાઝા હશે કે મિથ્યાદ્રષ્ટિ ?

**ઉત્તરઃ-** નવમી ગ્રૈવેયકમાં સમ્યગ્દ્રષ્ટિ જીવો ઝાઝા છે ને મિથ્યાદ્રષ્ટિ થોડા છે.

卐

**( ૧૦૬ ) પ્રશ્નઃ-** અનાદિના અધર્મીજીવને કયા ભાવવડે ધર્મની શરૂઆત થાય છે ?

**ઉત્તરઃ-** સૌથી પહેલાં ઉપશમભાવ વડે ધર્મની શરૂઆત થાય છે.

卐

**( ૧૦૭ ) પ્રશ્નઃ-** ધર્મની પૂર્ણતા કયા ભાવે થાય ?

**ઉત્તરઃ-** ક્ષાયિકભાવે ધર્મની પૂર્ણતા થાય છે.

卐

**( ૧૦૮ ) પ્રશ્નઃ-** સંસારી અને મુક્ત બધાય જીવોમાં હોય તે ક્યો ભાવ ?

**ઉત્તરઃ-** પારિણામિકભાવ બધાય જીવોને હોય છે.

卐

**( ૧૦૯ ) પ્રશ્નઃ-** સંસારદશામાં ન હોય એ ક્યો ભાવ ?

**ઉત્તરઃ-** પાંચે ભાવો સંસારદશામાં સંભવે છે. ક્ષાયિકભાવ પણ અરિહંતો વગેરેને હોય છે.

卐

**( ૧૧૦ ) પ્રશ્નઃ-** મોક્ષદશામાં ન હોય એ કયા ભાવ ?

**ઉત્તરઃ-** પાંચ ભાવોમાંથી ઉદય, ઉપશમ ને ક્ષયોપશમ એ ત્રણ ભાવો મોક્ષમાં હોતા નથી; બાકીના બે ભાવો ક્ષાયિક અને પારિણામિક જ મોક્ષમાં હોય છે.

जय जिनेन्द्र

卐

અધ્યાત્મતત્ત્વના જિજ્ઞાસુને અંતરમાં વૈરાગ્ય અને કષાયની મંદતા તો હોય જ. જેને કષાયની મંદતા અને વૈરાગ્ય હોય તેને જ આત્મસ્વરૂપ સમજવાની જિજ્ઞાસા જાગે. ભાઈ, અનંતકાળે સમજવાના ટાણાં આવ્યા, દેહ ક્યારે છૂટશે એનો કોઈ ભરોસો નથી–આવા કાળે જો કષાયને મુકીને આત્મસ્વરૂપ નહિ સમજ તો ક્યારે સમજીશ ? જો સ્વભાવની પરિણતિ પ્રકટ કરીને સાથે ન લઈ જા તો તેં આ જીવનમાં શું કર્યું ?

# કેવળજ્ઞાન

કેવળજ્ઞાન એ સંતોનું પ્રિય ધ્યેય છે, સંતોએ કેવળજ્ઞાનના અપાર ગુણગાન ગાયા છે. શ્રીમદ્ રાજચંદ્રજીએ પણ વારંવાર કેવળજ્ઞાન પ્રત્યે અતિશય ભક્તિ વ્યક્ત કરી છે....અહીં તેમનાં કેટલાંક વચનો આપવામાં આવ્યાં છે–

* સર્વજ્ઞપદનું ધ્યાન ધરો.

* સર્વજ્ઞપદ વારંવાર શ્રવણ કરવાયોગ્ય, વાંચવાયોગ્ય, વિચાર કરવાયોગ્ય, લક્ષ કરવાયોગ્ય અને સ્વાનુભવસિદ્ધ કરવાયોગ્ય છે.

* ( હાથનોંધ પૃ. ૨૩ માં કેવળજ્ઞાનના મહિમાની ધારા વહાવતાં લખે છે. )

**કેવળજ્ઞાન**

એક જ્ઞાન.

સર્વ અન્ય ભાવના સંસર્ગરહિત એકાંત શુદ્ધ જ્ઞાન.

સર્વ દ્રવ્ય–ક્ષેત્ર–કાળ–ભાવનું સર્વ પ્રકારથી એક સમયે જ્ઞાન.

તે કેવળજ્ઞાનનું અમે ધ્યાન કરીએ છીએ.

નિજ સ્વભાવરૂપ છે.

સ્વત્વભૂત છે.

નિરાવરણ છે.

અભેદ છે.

નિર્વિકલ્પ છે.

સર્વ ભાવનું ઉત્કૃષ્ટ પ્રકાશક છે.

હું કેવળ જ્ઞાન સ્વરૂપ છું, એમ સમ્યક્ પ્રતીત થાય છે.

તેમ થવાના હેતુઓ સુપ્રતીત છે.

સર્વ ઇન્દ્રિયોનો સંયમ કરી, સર્વ પરદ્રવ્યથી નિજસ્વરૂપ વ્યાવૃત કરી, યોગને અચલ કરી, ઉપયોગથી ઉપયોગની એકતા કરવાથી, કેવળજ્ઞાન થાય.

# ઉપયોગની અખંડ ધારા

સ્વસન્મુખ ઉપયોગની કેટલી બધી જાગૃતિ સાધકને હોય! તે સંબંધી એક હાથનોંધમાં શ્રીમદ્ રાજચંદ્ર લખે છે કે–

હે મુનિઓ! જ્યાંસુધી કેવળ સમવસ્થાનરૂપ સહજ સ્થિતિ સ્વાભાવિક ન થાય ત્યાંસુધી તમે ધ્યાન અને સ્વાધ્યાયમાં લીન રહો

જીવ કેવળ સ્વાભાવિક સ્થિતિમાં સ્થિત થાય ત્યાં કાંઈ કરવું રહ્યું નથી.

જ્યાં જીવનાં પરિણામ વર્ધમાન, હીયમાન થયા કરે છે ત્યાં ધ્યાન કર્તવ્ય છે. અર્થાત્ ધ્યાનલીનપણે સર્વ બાહ્યદ્રવ્યના પરિચયથી વિરામ પામી નિજસ્વરૂપના લક્ષમાં રહેવું ઉચિત છે.

ઉદયના ધકાથી તે ધ્યાન જ્યારે જ્યારે તૂટી જાય ત્યારે ત્યારે તેનું અનુસંધાન ઘણી ત્વરાથી કરવું.

વચ્ચેના અવકાશમાં સ્વાધ્યાયમાં લીનતા કરવી. સર્વ પરદ્રવ્યમાં એક સમય પણ ઉપયોગ સંગ ન પામે એવી દશાને જીવ ભજે ત્યારે કેવળજ્ઞાન ઉત્પન્ન થાય.

(અહીં જેમ કેવળજ્ઞાનના ઉપાય તરીકે અખંડ ઉપયોગધારાની વાત કરી છે તેમ, સમ્યગ્દર્શનના પ્રયત્નમાં પણ તે વાત લાગુ પડે છે એટલે કે મુમુક્ષુએ સમ્યગ્દર્શન માટે પણ ઉપયોગને નિજસ્વરૂપમાં જોડવાનો અખંડ ઉદ્યમ કર્તવ્ય છે. આ વાતને અનુલક્ષીને ઉપરનું લખાણ ફરી વાંચવાથી મુમુક્ષુને સમ્યક્ત્વના પુરુષાર્થની અખંડધારાની પ્રેરણા મળશે.

–સં.)

# કાર્યસિદ્ધિનો પુરુષાર્થ

મોક્ષરૂપ નિજકાર્યની સિદ્ધિનો પુરુષાર્થ બતાવતાં શ્રી અમૃતચંદ્રાચાર્યદેવ પુરુષાર્થ–સિદ્ધિઉપાયમાં કહે છે કે–

विपरीताभिनिवेशं निरस्य सम्यक्व्यवस्य निजतत्त्वं।
यत्तस्मादबिचलनं स एव पुरुषार्थसिद्धयुपायोऽयं।।१५।।

વિપરીત શ્રદ્ધાનને છોડીને અને નિજસ્વરૂપને સમ્યક્પણે જાણીને, તેનાથી અવિચલિતપણું તે જ પુરુષાર્થની સિદ્ધિનો ઉપાય છે.

अनुसरतां पदमेतत् करम्बिताचारनित्यनिरभिमुखा।
एकान्तविरतिरूपा भवति मुनीनामलौकिकी वृत्तिः।।१६।।

આ રત્નત્રયરૂપ પદને અનુસરનારા મુનિઓની વૃત્તિ અલૌકિક હોય છે; પાપચરણથી સદાય પરાઙ્મુખ અને પરદ્રવ્યોથી સર્વથા ઉદાસીનરૂપ તેમની વૃત્તિ હોય છે. આત્મિક ચૈતન્યનો અનુભવ કરવામાં જ તેઓ તત્પર હોય છે.

આવા પુરુષાર્થવડે તેઓ નિજકાર્યની સિદ્ધિ કરે છે.

卐

એકવાર ગુરુદેવે પૂછયું–જગતમાં ભાવેન્દ્રિય કેટલી ?

–અનંત

–જગતમાં દ્રવ્યેન્દ્રિય કેટલી ?

–અસંખ્યાત

દ્રવ્યેન્દ્રિય દરેક જીવને ભિન્નભિન્ન નથી કેમકે સાધારણ એકેન્દ્રિયોમાં અનંતા જીવો વચ્ચે માત્ર એક દ્રવ્યેન્દ્રિય હોય છે. પણ ભાવેન્દ્રિય તો દરેક જીવને ભિન્ન ભિન્ન છે. ભાવેન્દ્રિય બે જીવો વચ્ચે એક ન હોય.

ભાવેન્દ્રિય તે જીવની પર્યાય છે, તે દરેક જીવની ભિન્ન ભિન્ન છે.

દ્રવ્યેન્દ્રિય તે જીવની પર્યાય નથી, તે તો સંયોગરૂપ છે, તે સંયોગ અનેક જીવને એક હોઈ શકે છે.

આ રીતે દ્રવ્યેન્દ્રિયથી ભાવેન્દ્રિયનું સ્વતંત્રપણું છે.


# પરમ શાંતિ દાતારી
# અધ્યાત્મ ભાવના


## આત્મધર્મની સહેલી લેખમાળા

(લેખ નં. ૩૫ અંક ૨૬૯ થી ચાલુ)

**ભગવાન શ્રી પૂજ્યપાદસ્વામીરચિત 'સમાધિશતક' ઉપર પૂ. ગુરુદેવના અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.**

ભેદજ્ઞાન તે પરમ શાંતિનું મૂળ છે. એવા ભેદજ્ઞાનની ભાવનાનું ઘોલન કરતાં કહ્યું કે જેમ જાડા વસ્ત્રથી લોકો પોતાને જાડો-પૃષ્ટ માનતા નથી તેમ બુધપુરુષો જાડા શરીરમાં રહેલા આત્માને તે શરીરરૂપ-જાડો માનતા નથી, પણ જેમ દેહથી વસ્ત્ર ભિન્ન છે તેમ આત્માથી શરીરને ભિન્ન જાણે છે.






વળી કહે છે કે-

જીર્ણે વસ્ત્રે યથાઽઽત્માનં ન જીર્ણં મન્યતે તથા।
જીર્ણે સ્વદેહેપ્યાત્માનં ન જીર્ણં મન્યતે બુધઃ।।૬૪।।

શરીર ઉપર વસ્ત્ર હોય તે જીર્ણ થાય કે ફાટી જાય, તેથી કાંઈ શરીર જીર્ણ થતું નથી કે ફાટી જતું નથી; તેમ આ શરીર જીર્ણ થતાં આત્મા કાંઈ જીર્ણ થતો નથી. શરીર જીર્ણ થાય-રોગી થાય ઘરડું થાય ત્યાં હું જીર્ણ થયો-હું રોગી થયો કે હું વૃદ્ધ થયો-એમ બુધજનો એટલે કે જ્ઞાનીઓ માનતા નથી. હું તો જાણનાર છું; હું સ્વયંસિદ્ધ અનાદિઅનંત છું; મારે બાલ-

યુવાન કે વૃદ્ધપણું નથી. હા, આત્માની અજ્ઞાનદશામાં બાલપણું હતું; હવે આત્મભાન રૂપ સાધકદશા તે ધર્મની યુવાનદશા છે એટલે કે પુરુષાર્થની દશા છે, ને કેવળજ્ઞાન તથા સિદ્ધપદ પ્રાપ્ત થાય તે આત્માની વૃદ્ધાવસ્થા છે, અર્થાત્ ત્યાં જ્ઞાન પરિપક્વ થયું છે. આ સિવાય શરીરની બાલ–યુવાન કે વૃદ્ધાવસ્થા તે આત્માની નથી. શરીર વૃદ્ધ થાય ને શરીરની શક્તિઓ ક્ષીણ થઈ જાય તેથી કાંઈ આત્માની જ્ઞાનશક્તિ હણાઈ જતી નથી. જ્ઞાન તો જાણે છે કે આ શરીરમાં પહેલાં આવી શક્તિ હતી, ને હવે શરીરમાં એવી શક્તિ નથી. પણ શરીરમાં શક્તિ હો કે ન હો તે કાંઈ મારું કાર્ય નથી. હું તો જ્ઞાન અને આનંદસ્વરૂપ જ છું, જ્ઞાનમાં જ મારો અધિકાર છે, શરીરમાં મારો અધિકાર નથી.

અજ્ઞાનીને તો દેહ અને ઈન્દ્રિયોથી પાર ચૈતન્યતત્ત્વ લક્ષમાં જ આવ્યું નથી, એટલે દેહ તથા ઈન્દ્રિયોને જ તે આત્મા માને છે; જ્યાં દેહ અને ઈન્દ્રિયો મોળી પડે ત્યાં તે અજ્ઞાનીને એમ થાય છે કે 'મારી શક્તિ મોળી પડી'–એટલે તે અજ્ઞાની તો દેહદ્રષ્ટિથી આકુળ–વ્યાકુળ જ રહે છે, દેહની અનુકૂળતા હોય ત્યાં 'હું સુખી' એમ માનીને તે અનુકૂળતામાં મૂર્છાઈ જાય છે, ને જ્યાં પ્રતિકૂળતા હોય ત્યાં 'હું દુઃખી' એમ માનીને તે પ્રતિકૂળતામાં મૂર્છાઈ જાય છે; જ્ઞાની તો દેહાદિથી ભિન્ન ચૈતન્યસ્વરૂપે જ પોતાને જાણે છે તેથી તેઓ કોઈ સંયોગોમાં મૂર્છાતા નથી. ચૈતન્યના લક્ષે તેમને શાંતિ રહે છે. ।। ૬૪ ।।

વળી, જેમ દેહની યુવાન કે વૃદ્ધાવસ્થાથી ધર્મી પોતાને યુવાન કે વૃદ્ધ માનતા નથી તેમ દેહના નાશથી ધર્મી પોતાનો નાશ માનતા નથી,–એ વાત કહે છે–

नष्टे वस्त्रे यथात्मानं न नष्टं मन्यते तथा
नष्टे स्वदेहोव्यात्मानं न नष्टं मन्यते बुधः।६५।।

જેમ વસ્ત્રનો નાશ થતાં તે વસ્ત્ર પહેરનાર માણસ પોતાનો નાશ માની લેતો નથી; વસ્ત્રની બાંય કપાય તેથી કાંઈ મનુષ્યનો હાથ કપાઈ જતો નથી; તેમ સ્વદેહનો નાશ થતાં જ્ઞાની પોતાનો નાશ માનતા નથી. શરીર ધન–પુષ્ટ રહો, જીર્ણ થાઓ કે નષ્ટ થાઓ,–એ ત્રણે અવસ્થાથી જુદો હું તો જ્ઞાન છું, શરીરની બાલ્યાદિ ત્રણે દશાનો જાણનાર હું છું પણ તે–રૂપે થનાર હું નથી.

જેમ કોઈને સ્વપ્ન આવ્યું કે 'હું મરી ગયો.' અને એવા સ્વપ્નથી ભયભીત થતાં રાડ પાડી, ને જાગ્યો; જાગીને જોયું કે 'અરે! હું તો આ જીવતો રહ્યો!' સ્વપ્નમાં મેં મને મરી ગયેલો માન્યો તે ભ્રમણા હતી, તેમ જીવ આ દેહ છોડીને બીજા ભવમાં જાય ત્યાં અજ્ઞાનનિદ્રામાં સૂતેલો અજ્ઞાની ભ્રમણાથી એમ માને છે કે 'અરેરે! હું મરી ગયો.' પણ જાતિસ્મરણ વગેરેમાં ભાન થાય કે પૂર્વે જે અમુક ભવમાં હતો તે જ આત્મા હું અત્યારે છું, માટે મારું મરણ નથી થયું. મેં પૂર્વે દેહદ્રષ્ટિથી જ મારું

મરણ માન્યું હતું. અહીં જાતિસ્મરણનો દાખલો છે; તે પ્રમાણે જ્ઞાની તો સદાય પોતાના આત્માને દેહથી જુદો જ જાણે છે. હું તો જ્ઞાન છું; દેહ હું છું જ નહિ, પછી મારો નાશ કેવો ? દેહના નાશ પ્રસંગે પણ 'મારું મરણ થશે' એવો ભય કે સંદેહ જ્ઞાનીને થતો નથી, માટે જ્ઞાનીને મૃત્યુનો ભય નથી. મૃત્યુ મારું છે જ નહિ–એમ જાણ્યું પછી મરણની બીક કેવી ? શરીરને પોતાનું માનનારા મૂઢ જીવોને જ મરણની બીક છે; આત્માને દેહથી ભિન્ન જાણનારા સંતોને મરણની બીક હોતી નથી. સિંહ આવે ને ભયથી ભાગે છતાં તે વખતે ય 'મારું મરણ થઈ જશે' એવો મરણનો ભય જ્ઞાનીને નથી. મારું ચૈતન્યતત્ત્વ અવિનાશી છે, પૂર્વે અનંત દેહનો સંયોગ થયો ને નાશ થયો છતાં મારો નાશ થયો નથી; હું તો જ્ઞાનસ્વરૂપ એવો ને એવો છું. શરીરાદિ કોઈ મારી વસ્તુ નથી, મારી વસ્તુ તો જ્ઞાન–આનંદમય છે, તે કદી મારાથી છૂટી પડતી નથી. આ રીતે ધર્માત્મા શરીરના નાશથી પોતાનો નાશ માનતા નથી; પણ અવિનાશી જ્ઞાનસ્વરૂપે પોતાને અનુભવે છે, એટલે તેને પરમ શાંતિ ને સમાધિ વર્તે છે. આ રીતે ભેદજ્ઞાનની ભાવના તે જ પરમ શાંતિની દાતાર છે. ।। ૬૫ ।।

વળી, જેમ વસ્ત્રના રાતા–પીળા–કાળા કે ધોળા વગેરે રંગથી લોકો પોતાને તેવા રંગના માની લેતા નથી, તેમ દેહના રાતા–પીળા–કાળા કે ધોળા વગેરે રંગથી જ્ઞાની પુરુષો પોતાના આત્માને તેવો માનતા નથી. –

रक्ते वस्त्रे यथात्मानं न रक्तं मन्यते तथा।
रक्ते स्वदेहेप्यात्मानं न रक्तं मन्यते ध्रुधः।।६६।।

જેમ રાતા વગેરે રંગવાળું વસ્ત્ર પહેરવાથી માણસો પોતાને તેવા રંગના માની લેતા નથી. વસ્ત્રના રંગને શરીરનો રંગ માનતા નથી; તેમ જ્ઞાની શરીરના રંગને આત્માનો રંગ માનતા નથી. રંગવાળું રાતું–પીળું શરીર તે હું નથી, હું તો રંગ વગરનો અરૂપી ચૈતન્ય છું–એમ જ્ઞાની પોતાને દેહથી ભિન્ન જાણે છે.

જેમ ધોળો માણસ કાળું વસ્ત્ર પહેરે તો તેથી કાંઈ તે કાળો ન થઈ જાય, ને કાળો માણસ રૂપાળું ધોળું વસ્ત્ર પહેરે તો તેથી કાંઈ તે ધોળો ન થઈ જાય, કેમકે વસ્ત્ર અને શરીર જુદા છે. તેમ કાળા–રાતા શરીરથી આત્મા કાળો–રાતો થઈ જતો નથી. શરીર દેખાવડું હોય તેથી આત્મામાં કાંઈ ગુણ થઈ જાય, કે શરીર કદરૂપું હોય તેથી આત્માને કાંઈ અવગુણ થઈ જાય એમ નથી. કોઈને કદરૂપ શરીર હોય છતાં કેવળજ્ઞાન પ્રગટ કરીને મોક્ષ પામે,–તેમાં કાંઈ શરીર નડતું નથી. ને કોઈને રૂપાળું શરીર હોય છતાં પાપ કરીને નરકે જાય,–તેને કાંઈ શરીર રોકતું નથી. શરીર અને આત્મા તો જુદા જ છે.

જેમ રાતું વસ્ત્ર બદલીને પીળું પહેરે ત્યાં કાંઈ શરીર બદલી જતું નથી, તેમ

મનુષ્યનું ખોળીયું બદલીને દેવનું ખોળીયું આવે ત્યાં કાંઈ આત્મા બદલીને બીજો નવો આવતો નથી, આત્મા તો સળંગપણે તે જ રહે છે. મનુષ્યદેહમાં જે આત્મા હતો તે જ દેવના શરીરમાં આવ્યો છે. રાતાપીળા રંગ દેખાય છે તે આત્મા નથી, આત્મા તો રંગ વગરનો અરૂપી ચૈતન્યમૂર્તિ છે. શરીરના રંગ દેખીને ધર્મી પોતાને તેવા રંગવાળા માનતા નથી. રંગ આંખથી દેખાય છે, મારો આત્મા કાંઈ આંખથી દેખાય તેવો નથી. –આમ ધર્મી પોતાના આત્માને દેહથી ભિન્ન જાણે છે.

અહા, જુઓ તો ખરા, જેમ વસ્ત્ર જુદું, તેમ શરીર આત્માથી અત્યંત જુદું; જેમ લાકડાનો કે પથ્થરનો થાંભલો આત્માથી જુદો છે તેમ આ શરીર પણ આત્માથી જુદું જ છે. જેમ થાંભલાની ક્રિયાથી આત્માને ધર્મ નથી, તેમ દેહની ક્રિયાથી આત્માને ધર્મ નથી. જેમ થાંભલો અચેતન પરમાણુનો પિંડ છે તેમ શરીર પણ અચેતન પરમાણુનો પિંડ છે.

જ્ઞાનીએ અહીંથી જ દેહમાં આત્મબુદ્ધિ છોડી દીધી છે એટલે તે ફરીને દેહને ધારણ કરતા નથી, અજ્ઞાનીને તો દેહમાં જ આત્મબુદ્ધિ છે તેથી દેહના મમત્વને લીધે તે ફરીફરીને દેહને ધારણ કરે છે, ને સંસારમાં રખડે છે. જ્ઞાનીને એકાદ બે ભવ કદાચ થાય, પણ ત્યાં તે શરીરને આત્મબુદ્ધિથી ધારણ કરતા નથી; તે તો આત્માને જ પોતાનો માનીને આરાધે છે, એટલે આત્માની આરાધનાથી તે મુક્તિ પામે છે.

ધર્મી જાણે છે કે આ શરીર તો અનિત્ય છે, ક્ષણમાં પલટીને નાશ પામી જાય તેવું છે; પણ મારો આત્મા તો નિત્ય ટકનારો છે, તે કદી નાશ પામી જતો નથી; આત્માની પર્યાયો પલટે છે પણ તેનો સર્વથા નાશ થતો નથી. શરીર તો જડ પરમાણુ ભેગા થઈને રચાયેલું છે, તેમાં ક્યાંય સુખ કે ધર્મ ભર્યો નથી; મારું તો ચૈતન્યશરીર છે, મારા ચૈતન્યશરીરમાં જ જ્ઞાન–આનંદ ભર્યા છે, તેમાં જેટલો એકાગ્ર થાઉં તેટલા જ્ઞાન ને આનંદ પ્રગટે છે.–આમ જાણીને ધર્મી પોતાના આત્મામાં જ એકાગ્રતા કરે છે, તેનું નામ ધર્મ છે.

વીતી ગયેલી બાળ કે યુવાન અવસ્થાને જીવ જાણે છે, પણ શરીરની તે વીતી ગયેલી અવસ્થાને તે પાછી લાવી શકતો નથી; શરીરને વૃદ્ધમાંથી બાલ કે યુવાન બનાવી શકતો નથી, કેમકે તે ચીજ જુદી છે. આત્મા તેનું જ્ઞાન કરી શકે પણ તેને ફેરવી શકે નહિ. તેમજ શરીર કાળું હોય તો તેને આત્મા જાણે પણ તેને કાળામાંથી ધોળું કરી શકે નહિ.

શરીરના રંગને જ અજ્ઞાની પોતાનો રંગ માને છે, પણ પોતાના ચૈતન્યના રંગને જાણતો નથી કે જેનાથી ભવનો નાશ થઈ જાય! ચૈતન્યનો રંગ શું ?–કે અતીન્દ્રિય જ્ઞાન ને આનંદ તે જ ચૈતન્યનો રંગ છે, તે જ ચૈતન્યનું રૂપ છે; સિદ્ધ જેવી ( કેવળ જ્ઞાન ને કેવળદર્શનરૂપ ) એની આંખો છે. આ સિવાય કામદેવ જેવું દેહનું રૂપ કે હરણીયાં

જેવી આંખો તે કાંઈ આત્માનું સ્વરૂપ નથી; તેનાથી તો આત્મા જુદો છે. આવા આત્મસ્વરૂપને જે જાણતો નથી ને દેહને જ આત્મા માને છે તેને ધર્મ થતો નથી, ને ધર્મ વગર શાંતિ કે સમાધિ થતી નથી.

સનતકુમાર ચક્રવર્તીનું મહા સુંદર રૂપ હતું; દેવોની સભામાં તેના રૂપની પ્રશંસા થતાં દેવો તેનું રૂપ જોવા આવ્યા ને આશ્ચર્ય પામ્યા. ચક્રવર્તી તે વખતે સ્નાનની તૈયારીમાં હતા, તેણે રૂપના જરાક અભિમાનથી દેવોને કહ્યું કે અત્યારે તો હું અલંકાર વગરનો છું, પણ હું જ્યારે ઠાઠમાઠથી અલંકૃત થઈને રાજસભામાં બેઠો હોઉં ત્યારે તમે મારું રૂપ જોવા આવજો. જ્યારે રાજસભામાં દેવો આવ્યા અને રૂપ જોઈને ખેદથી માથું ધુણાવ્યું ત્યારે ચક્રવર્તી પૂછે છે કે અરે દેવો! આમ કેમ? શણગાર વગરનું શરીર હતું તે જોઈને તો તમે આશ્ચર્ય પામ્યા હતા, ને અત્યારે આટલો બધો શણગાર છતાં તમે અસંતોષ કેમ બતાવો છો! ત્યારે દેવો કહે છે–રાજન્! તે વખતે તારું શરીર જેવું નિર્દોષ હતું તેવું અત્યારે નથી રહ્યું, અત્યારે તેમાં રોગ અને સડાનો પ્રવેશ થઈ ચૂક્યો છે. એ સાંભળતાં જ રાજા એકદમ વૈરાગ્ય પામે છે. અરે, આવું ક્ષણભંગુર શરીર! શરીરના રૂપની આવી ક્ષણિકતા!! દેહથી ભિન્નતાનું તો ભાન હતું, પણ જરાક રાગ હતો તે પણ તોડીને અતીન્દ્રિય ચૈતન્યને સાધવા ચાલી નીકળ્યા. દેહથી ભિન્નતાનું જેને ભાન નથી ને દેહની ક્રિયાઓને–દેહનાં રૂપને પોતાના માને છે તે દેહાતીત એવા સિદ્ધપદને કે આત્માને ક્યાંથી સાધશે? ભાઈ, સમ્યગ્દર્શન થયું ત્યાં જ દેહના રૂપમદનો અભાવ થઈ જાય છે. સમસ્ત પરદ્રવ્યોની જેમ શરીરને પણ તે પોતાથી જુદું જ અનુભવે છે. આવા અનુભવવાળું ભેદજ્ઞાન તે જ શાંતિનો અને સમાધિનો ઉપાય છે.

卐

અરે ચૈતન્યપ્રભુ! તારી શક્તિના એક ટંકારે તું કેવળજ્ઞાન લે એવી તારી તાકાત, ને તું તારા સ્વરૂપને અનુભવમાં નથી લેતો....તેમાં તને શરમ નથી આવતી? સર્વજ્ઞસ્વભાવી હોવા છતાં ભવ કરતાં તને શરમ નથી આવતી? સ્વભાવ સમજવાના ઉદ્યમમાં તને થાક લાગે છે ને પરભાવોમાં તને થાક લાગતો નથી, પણ અરે ભાઈ! સ્વભાવને સાધવો એમાં થાક શા? એમાં થાક ન હોય.....એમાં તો પરમ ઉત્સાહ હોય....એ તો અનાદિના થાક ઉતારવાના રસ્તા છે. મુમુક્ષુને તો પરભાવમાં થાક લાગે ને સ્વભાવ સાધવામાં પરમ ઉત્સાહ જાગે.

# જીવન ધર્મને માટે છે - ધનને માટે નહિ

**આ અવસર સ્વભાવધર્મનું સાધન કરવા માટે છે, ધનની વૃદ્ધિ માટે નહિ. માટે હે જીવ ! ઇષ્ટ એવો જે સ્વભાવ તેને સાધવાનો ઉદ્યમ કર....ધનની વૃદ્ધિને અર્થે આ જીવનને વેડફી ન નાંખ.**

ઇષ્ટ ઉપદેશ એટલે કે આત્માના હિતનો ઉપદેશ આપતાં શ્રી પૂજ્યપાદસ્વામી કહે છે કે અરે જીવ! આત્માના સ્વભાવધર્મનું સાધન કરવા માટે આ અવસર છે. એમાં સ્વભાવનું સાધન કરવાને બદલે ધનને વધારવા માટે તું આ અવસર વેડફી નાંખે છે તો તારા જેવો મૂર્ખ કોણ? તું દિનરાત ધનની વૃદ્ધિ અર્થે પ્રયત્ન કરીને પાપ બાંધે છે, ને સ્વભાવધર્મનું સાધન તું કરતો નથી. આયુષ્ય અને પુણ્ય ઘટે છે છતાં ધનની વૃદ્ધિથી તું માને છે કે હું વધ્યો, પણ ભાઈ, એમાં તારું કાંઈ હિત નથી. તારું હિત તો એમાં છે કે તું તારા સ્વભાવનું સાધન કર...આત્માના મોક્ષને માટે પ્રયત્ન કર. આ ભવ છે તે ભવના અભાવને માટે છે એમ સમજીને તું આત્માના હિતનો ઉદ્યમ કર, આવો હિતકારી ઇષ્ટ ઉપદેશ સંતોએ આપ્યો છે.

અરે, ધનનો લોલૂપી માણસ પોતાના જીવન કરતાંય ધનને વહાલું ગણે છે. કાળ જતાં ધનનું વ્યાજ વધે છે એમ તે ગણતરી કરે છે પણ આયુષ્ય ઘટતું જાય છે એનો એને કાંઈ વિચાર નથી. એને ધન જેટલું વહાલું છે તેટલું જીવન વહાલું નથી, તેથી ધનને અર્થે તે જીવનને વેડફી નાંખે છે. ઇષ્ટ એવો જે આત્મા તેને ભૂલીને તેણે ધનને ઇષ્ટ માન્યું, તેથી ધનને અર્થે જીવન ગાળે છે. પણ ઇષ્ટ તો મારો જ્ઞાન સ્વભાવી આત્મા છે, એના સિવાય બીજું કાંઈ મારું ઇષ્ટ નથી એમ જેણે આત્માને ઇષ્ટ જાણ્યો તે જીવ આત્માને સાધવા માટે પોતાનું જીવન ગાળે છે, ઇષ્ટ તો સાચું તે જ છે કે જેનાથી ભવ દુઃખ ટળે ને મોક્ષસુખ મળે. આવા ઇષ્ટને જે ભૂલ્યો તે જ પરને ઇષ્ટ માનીને તેમાં સુખ માને છે ને તેમાં જીવન ગુમાવે છે. ધર્મીને તો આત્માનો સ્વભાવ જ સુખરૂપ ને વહાલો લાગ્યો છે, ‘જગત ઇષ્ટ નહિ આત્માથી’ એમ આત્માને જ ઇષ્ટ સમજીને તેના સાધનમાં જીવન ગાળે છે.

ભાઈ, ધનની વાંછાથી તારા આત્માને તું પાપના કીચડથી મલિન ન કર; અરે, ધન કમાઈને પછી પૂજા–પ્રભાવના–દાનાદિમાં વાપરીને પુણ્ય કરશું–એવી વાંછાથી પણ ધનની લોલુપતા ન કર. તારી વૃત્તિને આત્માના હિતના ઉદ્યમમાં જોડ એ જ સૌથી ઇષ્ટ છે, લક્ષ્મી મેળવવાની લોલુપતાથી તો તારો આત્મા કાદવ જેવા પાપથી લેપાય છે. અત્યારે પાપ કરીને પછી પુણ્ય કરશું એમ માનનાર તો મૂર્ખ છે, શરીર ઉપર કાદવ ચોપડીને પછી સ્નાન કરી લેવું એમ માનનાર જેવો તે મૂર્ખ છે. ભાઈ, કાદવ ચોપડીને પછી નહાવું, એના કરતાં પહેલેથી જ કાદવથી દૂર રહેને? તેમ ભવિષ્યમાં દાનાદિ કરવાના બહાને અત્યારે તારા આત્માને પાપરૂપી કાદવથી શા માટે લેપે છે? હા, સહેજે તને પુણ્યથી જે લક્ષ્મી વગેરે મળી હોય તેને તું દાન–પૂજા–સાધર્મીનો આદર વગેરે સત્કાર્યમાં વાપર.

ભાઈ, પાપભાવ તો કોઈ પ્રકારે ઇષ્ટ નથી. લક્ષ્મી વગેરે મેળવવાની વૃત્તિ તે પાપ છે. એને તો છોડ. ને રાગ ઘટાડી આત્માનું જેમ હિત થાય તેમ તું કર. ધનને મેળવવાના ભાવમાં દુઃખ છે, ધનની રક્ષાના ભાવમાંય દુઃખ છે ને ધનને ભોગવવાના ભાવમાંય એકલી અતૃપ્તિ ને દુઃખ જ છે. જેમાં સર્વત્ર દુઃખ ને આકુળતા છે તેમાં તારું હિત જરાય નથી. તો તેને ઇષ્ટ કોણ માને? હિત તો આત્માની સાધનામાં છે,–જેમાં શરૂઆતમાં પણ શાંતિ ને જેના ફળમાં પણ મોક્ષસુખની અપૂર્વ શાન્તિ. –આવું મોક્ષસાધન તે જ આત્માનું ઇષ્ટ છે. માટે તેનો જ ઉદ્યમ તું કર–એમ સંતોનો ઇષ્ટોપદેશ છે.

(ઇષ્ટોપદેશ પ્રવચનમાંથીઃ ચૈત્ર ૨૪૯૨)

**મુમુક્ષુને વીતરાગી સન્તોની વાણીની સ્વાધ્યાય અને મનન કરતાં, જાણે કે તે સંતોના ચરણ સમીપ બેસીને તે સંતોની સાથે તત્ત્વગોષ્ઠી કરતા હોઈએ એવો આહ્લાદ, બહુમાન અને શ્રુતભાવના જાગે છે.**

卐

# સર્વજ્ઞનું જ્ઞાન, સાધકનું જ્ઞાન

# બંનેની એક જાત

( પોષ વદ ૧૨ ની રાત્રે ચર્ચામાં
ગુરુદેવે કહેલા અંતરમંથનના ન્યાયો )

***

**સર્વજ્ઞપરમાત્મા કેવલજ્ઞાનપણે પરિણમીને લોકાલોકને જાણે છે.**

**સાધક ધર્માત્મા સમ્યગ્જ્ઞાનપણે પરિણમતો થકો રાગાદિને જાણે છે.**

હવે તેમની સરખામણી–

જ્ઞાતાપણે બંને સરખા છે. એટલે શું ? કે

જેમ કેવળજ્ઞાન લોકાલોકનું જાણનાર છે, કરનાર નથી; તેમ સાધક સમ્યગ્જ્ઞાનીનું જ્ઞાન પણ રાગનું અને નિમિત્તોનું જાણનાર છે, પણ કરનાર નથી.

જેમ કેવળજ્ઞાનમાં, પહેલાં જ્ઞાન ને પછી લોકાલોક એમ નથી, અથવા પહેલાં લોકાલોક ને પછી જ્ઞાન એમ પણ નથી, બંને એક સાથે વર્તે છે અને છતાં એકબીજાથી નિરપેક્ષપણે વર્તે છે. તેમ સાધકના સમ્યગ્જ્ઞાનમાં, પહેલાં જ્ઞાન ને પછી વિકલ્પરૂપ વ્યવહાર એમ નથી, અથવા પહેલાં રાગરૂપ વ્યવહાર ને પછી જ્ઞાન એમ પણ નથી, બંને એક સાથે હોવા છતાં, જ્ઞાનનું પરિણમન રાગથી નિરપેક્ષ વર્તે છે.

અહો ! કેવળીનું જ્ઞાન પણ રાગથી નિરપેક્ષ, ને

સાધકનું જ્ઞાન પણ પરથી નિરપેક્ષ. જ્ઞાન પૂરું ને અધૂરું એવા ભેદ હોવા છતાં જ્ઞાતાપણાના ભાવની અપેક્ષાએ બંને સરખા જ છે. સર્વજ્ઞના જ્ઞાનમાં જેમ રાગાદિનું કર્તૃત્વ નથી, તેમ સાધકના જ્ઞાનમાં ( તે જ્ઞાન અલ્પ હોવા છતાં–તેમાં ) રાગનું કર્તૃત્વ નથી. ફેર ફક્ત એટલો કે કેવળીને રાગનું પરિણમન જ નથી, ને સાધકને રાગનું પરિણમન છે, છતાં જ્ઞાનમાં તેનું કર્તૃત્વ નથી; એટલે જ્ઞાનની જાતી તો સર્વજ્ઞને અને સાધકને એકસરખી જ થઈ. ચોથા ગુણસ્થાનથી સમ્યગ્દ્રષ્ટિને આવું જ્ઞાન શરૂ થઈ ગયું છે.

નીચલી દશામાં જ્ઞાન સાથે જરાક વિષમભાવ વર્તે છે ત્યાં પણ જ્ઞાન તેનાથી જુદું રહીને જ તેને જાણે છે.

સ્વરૂપમાં ઠરતાં સમભાવ થયો ત્યાં તે સમભાવમાં તન્મય રહીને જ્ઞાન તેને જાણે છે.

રાગરૂપ વિષમભાવ હતો ત્યારે તેને જાણ્યો ખરો પણ તેમાં જ્ઞાન તન્મય ન થયું. એટલે જેમ કેવળીનું જ્ઞાન રાગથી જુદું તેમ સાધકનું જ્ઞાન પણ રાગથી જુદું જ રહે છે. અહો, જ્ઞાનનો આ એક ન્યાય સમજે તો નિશ્ચય–વ્યવહારના બધા ઊકેલ થઈ જાય.

સાધકપણાની શરૂઆતથી માંડીને ઠેઠ કેવળજ્ઞાન સુધી જ્ઞાનનું પરિણમન રાગથી જુદું જ છે. નીચલી દશામાં ભલે બંને એક સાથે હોય, પણ જાત તો બંનેની જુદી છે. આ ચૈતન્યજાતનો પ્રવાહ રાગથી જુદો જ છે. રાગના પ્રવાહમાં ચૈતન્યનો પ્રવાહ ભળી જતો નથી. જ્ઞાનની ધારા શાંતરસમય છે, ને રાગની ધારા આકુળતારૂપ છે. શાંતરસમય જ્ઞાનધારામાં રાગ નથી. એને જાણે ભલે પણ તે પોતાના ચૈતન્યપ્રવાહથી ચ્યૂત થતું નથી. એ ચૈતન્યધારાનો પ્રવાહ જ વધીવધીને કેવળજ્ઞાન થાય છે. પહેલેથી એ જ્ઞાન કેવળજ્ઞાનની જાતનું હતું તો વધીવધીને કેવળજ્ઞાનરૂપ થયું.

卐

ચૈતન્યનિધાન બતાવતાં ગુરુદેવ પ્રમોદપૂર્વક કહે છે કે અહા, જેના ઉપર નજર પડતાં જ આત્મા જાગી ઊઠે ને આનંદના ઊભરા વહે એવું ચૈતન્યતત્ત્વ તું જ છો. તો હવે તને જગતમાં કોની વાંછા છે? તારામાં જ નજર કર. નિજવૈભવ ઉપર નજર કરતાં તું ન્યાલ થઈ જઈશ.

હે જીવ!

જો તારે આત્માર્થ સાધવો હોય તો તું જગતની દરકાર છોડી દેજે. તું જગત સામે જોઈને બેસી ન રહીશ. જગતમાં ગમે તેમ બને, તું તારા આત્મહિતના પંથે નિઃશંકપણે ચાલ્યો જજે.

# વિ વિ ધ વ ચ ના મૃ ત

**( આત્મધર્મનો ચાલુ વિભાગઃ લેખાંક ૧૭ )**

卐

**( ૨૩૧ ) જૈનધર્મની મૂળ વસ્તુ-સર્વજ્ઞ**

ગુરુદેવ ઘણીવાર કહે છે કે "શ્રુતજ્ઞાનીના હૃદયમાં સર્વજ્ઞ-તીર્થંકર બિરાજે છે-એ વાત ઘણા વર્ષ પહેલાં સાંભળેલી ત્યારે મને ખૂબ ગમેલી" ગુરુદેવને પહેલેથી સર્વજ્ઞતા ઉપર જોર ઘણું, જ્યારે એમનાથી વિરુદ્ધ વિચારવાળાને સર્વજ્ઞની પ્રતીતમાં જ વાંધા. દીક્ષા પછી થોડા જ કાળમાં આ સંબંધી મતભેદ થવા લાગ્યા. ગુરુદેવ ભારપૂર્વક કહે છે કે જેણે સર્વજ્ઞનો નિર્ણય કર્યો છે તેના અનંતભવ સર્વજ્ઞે દીઠા જ નથી, કેમકે એના હૃદયમાં તો સર્વજ્ઞ બેઠા છે. જેના હૃદયમાં સર્વજ્ઞ બેઠા તેને અનંત ભવ હોય નહિ. સર્વજ્ઞના નિર્ણય વગર જ્ઞાનસ્વભાવનો નિર્ણય થાય નહિ. ભગવાનના માર્ગનો નિર્ણય થાય નહિ, ભગવાનની વાણીનો ( શાસ્ત્રનો ) નિર્ણય થાય નહિ. એક્કેય તત્ત્વનો નિર્ણય સર્વજ્ઞના નિર્ણય વગર થાય નહિ. સર્વજ્ઞનો નિર્ણય કરતાં જ્ઞાનસ્વભાવમાં બુદ્ધિ ઘૂસી જાય છે, ત્યારે માર્ગ હાથ આવે છે. જૈનશાસનની આ મૂળભૂત વસ્તુ છે. જુઓને, સમયસારમાં વક્તા અને શ્રોતા બંનેના આત્મામાં સિદ્ધને સ્થાપીને જ શરૂઆત કરી છે.

卐

( ૨૩૨ ) **હું કાળો કેમ ?**

એકવાર એક બાળકે આવીને ગુરુદેવને પૂછ્યું-

ગુરુદેવ ! આપ ધોળા ને હું કાળો એમ કેમ ?

ગુરુદેવ કહે-ભાઈ આત્મા ક્યાં કાળો કે ધોળો છે ? હું જીવ ને તું પણ જીવ, આપણે બંને સરખા; બસ ! કાળું ધોળું તો શરીર છે, આત્મા તો જ્ઞાનસ્વરૂપ છે.

ને 'હું કાળો નથી' એમ જાણીને બાળક ખુશી થયો.

卐

( ૨૩૩ ) **હુંડી વટાવવાની દુકાન**

સં. ૧૯૮૯ માં ચેલાગામે માગશર સુદ દશમે ગુરુદેવને એક સ્વપ્ન આવ્યું. ગુરુદેવ તે વખતે સ્થાનકવાસી સંપ્રદાયમાં હતા.

સ્વપ્નમાં મોટી રકમની એક હૂંડી મળી હતી, પણ તે હૂંડી સાથે સ્વપ્નમાં એમ પણ આવ્યું કે અહીં આ દુકાને (એટલે કે જે સંપ્રદાયમાં છો તે સંપ્રદાયમાં) આ હૂંડી વટાવી શકાય તેમ નથી, આ હૂંડી વટાવવા બીજી દુકાન (શાહુકારની એટલે કે વીતરાગમાર્ગી સન્તોની) શોધવી પડશે. –આવું સ્વપ્ન આવેલું. (અને પછી તરત–સં. ૧૯૯૧ માં ગુરુદેવે બીજી દુકાન શોધી કાઢી ને ત્યાં હૂંડી વટાવીને તત્ત્વની મૂળ રકમ પ્રાપ્ત કરી.)

卐

(૨૩૪) **ધર્મીનું સાચું જીવન**

ધર્મના પ્રાણ અને ધર્મનું જીવન સ્વાનુભૂતિ છે.

સ્વાનુભૂતિ એ ધર્માત્માનું ખરું જીવન છે.

સ્વાનુભૂતિને જાણ્યા વગર ધર્માત્માનું જીવન ઓળખી શકાય નહિ.

卐

(૨૩૫) **સ્વસન્મુખ પરિણતિ**

ભાઈ, પરસન્મુખ પરિણતિથી તું અનંત કાળ રખડયો ને દુઃખી થયો. પરમ સુખથી ભરેલું એવું આત્મસ્વરૂપ તેમાં તું સ્વસન્મુખ પરિણતિ કર તો તને પરમ સુખ થાય, ને તારું દુઃખ તથા ભ્રમણ ટળે. સ્વસન્મુખ પરિણતિ વડે સ્વઘરમાં આવ ને આનંદિત થા.

卐

(૨૩૬) **તું આગે બઢે જા**

આત્મવિશ્વાસ અને દ્રઢતાપૂર્વક તું તારા હિતમાર્ગમાં આગળ વધ્યે જા. ગમે તેવા પ્રસંગે ધૈર્ય અને વૈરાગ્યનું બળ ટકાવી રાખજે. ધૈર્ય રાખીશ તો માર્ગ શોધવામાં તારી બુદ્ધિ પણ તને સાથ આપશે. આફતથી ગભરા નહિ, ધૈર્યપૂર્વક તારા હિતમાર્ગમાં આગે બઢ.

卐

(૨૩૭) **હમ પરદેશી પંથી....સાધુજી**

એકવાર (આ વર્ષની માગશર વદ અમાસે) રાત્રિ ચર્ચામાં સર્વજ્ઞના મહિમા સંબંધી ખુબ ભાવો ગુરુદેવે ખોલ્યા....સર્વજ્ઞના અપાર મહિમાનું ઘોલન કરતાં કરતાં ગુરુદેવને સીમંધરનાથનું વિદેહક્ષેત્ર સાંભરી આવ્યું ને તેમનું હૃદય સભામાં વારંવાર લલકારી ઉઠયું કે–

હમ પરદેશી પંખી સાધુ જી.... આ રે દેશકે નાંહી જી...
સ્વરૂપ સાધી સ્વદેશ જાશું..... રહેશું સિદ્ધોની સાથ જો....
હમ પરદેશી પંથી સાધુ જી.....

(પછી તો વિદેહક્ષેત્રની કેટલીયે વાતો યાદ કરી.)

卐

(૨૩૮) **દરિયા વચ્ચે રસ્તો**

ગુરુદેવને એકવાર (ઘણા વર્ષો પહેલાં) સ્વપ્નમાં દરિયો દેખાયો; મોટો અપાર દરિયો તેમાં ખૂબ મોજાં ઊછળે, પણ પોતાને જે

તરફ જવાની ઈચ્છા થાય તે તરફ દરિયાના પાણીમાં પાટા (રેલ્વેના પાટાની જેમ પાણીમાં જ પાણીના કઠણ પાટા) બની જાય, ને દરિયા વચ્ચે માર્ગ થઈ જાય. આ રીતે ઉછળતા દરિયા વચ્ચે નિર્વિઘ્ન માર્ગ થઈ જાય. એટલે કે કુદરત પણ માર્ગ કરી આપે છે.–એમ થતું. (તેમ પંચમકાળમાં મિથ્યામાર્ગના ઊછળતા દરિયા વચ્ચે પણ ગુરુદેવે યથાર્થ માર્ગ શોધી કાઢયો ને તે માર્ગે ગમન કર્યું. જીવ તૈયાર થાય ત્યાં જગતમાં માર્ગ હાજર જ છે.)

દરિયાનું બીજું એક સ્વપ્ન હમણા (પોષ લગભગમાં) આવ્યું તેમાં, એકાએક પૃથ્વી ફાટીને દરિયા જેવા પાણીના લોઢ ઊછળ્યા છે, ઉજ્જડ પૃથ્વીમાં ખૂબજ પાણી વધી રહ્યા છે, ત્યાં ગુરુદેવે વેરાન વચ્ચે એક ઊંચું ઊંચું સૂકું ઝાડ જોયું, ને તેના ઉપર પોતે ચડી ગયા. ત્યાં તો તરત પાણીના લોઢ પાછા પૃથ્વીમાં સમાઈ ગયા.....

(ભાવાર્થ એમ ભાસે છે કે–પંચમકાળમાં વિપરીત માર્ગ ને કુતર્કના લોઢ દરિયાની જેમ ઊછળી રહ્યા છે....ત્યાં ગુરુદેવે સમ્યક્ માર્ગરૂપી ઊંચું વૃક્ષ જોયું, ને તેના પર આરોહણ કરીને વિપરીત માર્ગનાં મોજા શમાવીને સમ્યક્ માર્ગ જગતમાં પ્રસિદ્ધ કર્યો. વૃક્ષ સૂકું હતું એનો આશય એમ લાગે છે કે અત્યારે ચારિત્રરૂપી ધોખમાર્ગનું લીલુંછમ વૃક્ષ નથી પણ અવિરતદશારૂપ સૂકું વૃક્ષ છે કે જે વૃક્ષના અવલંબને સમ્યક્ માર્ગની રક્ષા થઈ શકે છે.)

(૨૩૯) **રાગ અને જ્ઞાનની ભિન્નતા**

વધુ પડતો રાગ જગતમાં નીંદનીય ગણાય છે, પણ વધુ જ્ઞાન તે નીંદનીય નથી ગણાતું, તે તો પ્રશંસનીય ગણાય છે. કેમ કે–

**રાગ જીવનો સ્વગુણ નથી**
**જ્ઞાન જીવનો સ્વગુણ છે.**

(૨૪૦) **"લોટરી લાગી ગઈ"**

ચર્ચામાં અવારનવાર અનેકવિધ રહસ્યો ખોલીને ગુરુદેવ સમજાવતા ને પ્રમોદથી કહેતા કે જુઓ ભાઈ, આ તો અંદરની અજબ વાતું છે. જેના મહા ભાગ્ય હોય તેને આ મળે તેમ છે.

આ વખતે, એક ભાઈ–જે પહેલાં પ્રતિકૂળ વિચારતા હતા ને પાછળથી ગુરુદેવનો થોડો પરિચય કરતાં જિજ્ઞાસા જાગી ને આ સત્ય સમજવા જેવું છે એવો પ્રમોદ જાગ્યો, –તે ભાઈએ પોતાનો ઉત્સાહ વ્યક્ત કરતાં કહ્યું–અહો સાહેબ! અમને તો લોટરી લાગી ગઈ!–કે આ વાત સાંભળવા મળી ને અંદર બેસી ગઈ. અમે તો ન્યાલ થઈ ગયા!

ત્યારે સભાજનોને સંબોધીને ગુરુદેવ બોલ્યા જુઓ ભાઈ, આ તો જે આત્મા પરીધસંસારી હોય ને જેનો સંસાર અલ્પ જ બાકી હોય એવા પાત્ર જીવને બેસી જાય તેવી વાત છે. સર્વજ્ઞની આ વાત જેને બેસે તેને લાંબો સંસાર હોય નહિ.

અમે સૌએ ઘણા હર્ષથી એ ઉદ્ગારને વધાવ્યા.

જય જિનેન્દ્ર

(૧૩)

# અનેકવિધ પાપોથી બચવા ગૃહસ્થ દાન કરે

卐

**અહા, જેને સર્વજ્ઞના ધર્મનો મહિમા આવ્યો છે, અંતરદ્રષ્ટિથી આત્માના ધર્મને જે સાધે છે, મહિમાપૂર્વક વીતરાગભાવમાં જે આગળ વધે છે, ને ઘણો રાગ ઘટાડવાથી જેને શ્રાવકપણું થયું છે એ શ્રાવકના ભાવ કેવા હોય તેની આ વાત છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય જેની પદવી ઊંચી, ને સ્વર્ગના ઇન્દ્ર કરતાંય જેનું આત્મસુખ વધારે-એવી શ્રાવકદશા છે તે શ્રાવક પણ હંમેશા દાન કરે છે. એકલા લક્ષ્મીની લોલુપતાના પાપભાવમાં જીવન વીતાવી દે ને આત્માની કાંઈ દરકાર કરે નહિ-એવું જીવન ધર્મીનું કે જિજ્ઞાસુનું હોય નહિ.**

卐

શ્રી પદ્મનંદી મુનિરાજ ગૃહસ્થને દાનની પ્રધાનતાનો ઉપદેશ આપતાં, દેશવ્રત–ઉદ્યોતનની ૧૩ મી ગાથામાં કહે છે કે–જીવોને પુત્ર કરતાં અને પોતાના જીવન કરતાં પણ ધન વધારે વહાલું છે; પાપથી ભરેલા સેંકડો અકાર્યો કરીને, સમુદ્ર–પર્વત ને પૃથ્વીમાં ભ્રમણ કરીને, તથા અનેક પ્રકારનાં કષ્ટથી મહા ખેદ ભોગવીને દુઃખથી જે ધન પ્રાપ્ત કરે છે તે ધન, જીવોને પુત્ર કરતાં અને જીવન કરતાં પણ વધારે વહાલું છે; આવા ધનને વાપરવાનો શુભ માર્ગ એક દાન જ છે, એના સિવાય ધન ખર્ચવાનો બીજો કોઈ ઉત્તમ માર્ગ નથી. માટે આચાર્યદેવ કહે છે કે અહો, ભવ્ય જીવો ! તમે આવું દાન કરો.

જુઓને, અત્યારે તો જીવોને પૈસા કમાવા માટે કેટલા પાપ ને જૂઠાણા કરવા પડે છે ! દરિયાપારના દેશમાં જાય, અનેક પ્રકારનાં અપમાન સહન કરે, સરકાર પૈસા લઈ લેશે એમ દિન રાત ભયભીત રહ્યા કરે,–એમ પૈસા માટે કેટલાં કષ્ટ સહન કરે છે ને કેટલા પાપ કરે છે ? એના ખાતર પોતાનું કિંમતી જીવન પણ વેડફી નાંખે છે, પુત્રાદિનો પણ

વિયોગ સહન કરે છે,–એ રીતે જીવન કરતાં ને પુત્ર કરતાંય ધનને વહાલું ગણે છે. તો આચાર્યદેવ કહે છે કે ભાઈ! આવું વહાલું ધન, જેના ખાતર તેં કેટલાં પાપ કર્યા,–તે ધનનો સાચો ઉત્તમ ઉપયોગ શું? તેનો વિચાર કર. સ્ત્રી–પુત્ર ખાતર કે વિષય–ભોગો ખાતર તું જેટલું ધન ખર્ચીશ, તેમાં તો ઊલટું તને પાપબંધન થશે. માટે લક્ષ્મીની સાચી ગતિ તો એ છે કે રાગ ઘટાડીને દેવ ગુરુ–ધર્મની પ્રભાવના, પૂજા–ભક્તિ, શાસ્ત્રપ્રચાર, દાન વગેરે ઉત્તમકાર્યોમાં તેનો ઉપયોગ કરવો.

પ્રશ્નઃ– દીકરા માટે કાંઈ ન રાખવું?

ઉત્તરઃ– ભાઈ, જો તારો પુત્ર સપુત્ર અને પુણ્યવંત હશે તો તે તારા કરતાં સવાયું ધન પ્રાપ્ત કરશે; અને જો તે કુપુત્ર હશે તો તારી ભેગી કરેલી બધી લક્ષ્મીને ભોગવિલાસમાં વેડફી નાંખશે, ને પાપમાર્ગમાં ઉપયોગ કરીને તારા ધનની ધૂળ કરી નાંખશે; તો હવે તારે સંચય કોને માટે કરવો છે? પુત્રનું નામ લઈને તારો લોભ પોષવો હોય તો જુદી વાત છે! બાકી તો–

**પુત્ર સપુત તો સંચય શાનો?**
**પુત્ર કપુત તો સંચય શાનો?**

માટે, લોભાદિ પાપના કૂવામાંથી તારા આત્માનું રક્ષણ થાય તેમ કર; લક્ષ્મીના રક્ષણની મમતા છોડ ને દાનાદિ વડે તારી તૃષ્ણા ઘટાડ. વીતરાગી સન્તોને તારી પાસેથી કાંઈ જોઈતું નથી, પણ જેને તદ્દન રાગ વગરના સ્વભાવની રુચિ જાગી, વીતરાગ સ્વભાવ તરફ જેનું પરિણમન વળ્યું તેનો રાગ ઘટયા વગર રહે નહીં. કોઈના કહેવાથી નહિ પણ પોતાના સહજ પરિણામથી જ મુમુક્ષુને રાગ ઘટી જાય છે.

આ સંબંધમાં ધર્મી ગૃહસ્થના કેવા વિચાર હોય તે દર્શાવતાં શ્રી સમન્તભદ્રસ્વામી રત્નકરંડ શ્રાવકાચારમાં કહે છે કે–

**યદિ પાપનિરોધોન્યસંપદા કિં પ્રયોજનમ્।**
**અથ પાપાસ્રવોસ્ત્યન્યસંપદા કિંપ્રયોજનમ્।।૨૭।।**

જો પાપનો આસ્રવ મને અટકી ગયો છે તો મને મારા સ્વરૂપની સંપદા પ્રાપ્ત થશે, ત્યાં બીજી સંપદાનું મારે શું કામ છે? અને જો મને પાપનો આસ્રવ થાય છે તો એવી સંપદાથી મને શું લાભ છે? જે સંપદા મેળવતાં પાપ બંધાતું હોય ને મારા સ્વરૂપની સંપદા લૂંટાતી હોય એવી સંપદા શું કામની? આમ બંને રીતે સંપદાનું અસારપણું જાણીને ધર્મી તેનો મોહ છોડે છે. એકલા લક્ષ્મીની લોલુપતાના પાપભાવમાં જીવન વીતાવી દે ને આત્માની કાંઈ દરકાર કરે નહિ–એવું જીવન ધર્મીનું કે જિજ્ઞાસુનું હોય નહિ. અહા, જેને સર્વજ્ઞનો મહિમા આવ્યો છે, અંતરદ્રષ્ટિથી આત્માના સ્વભાવને જે સાધે છે, મહિમા–

પૂર્વક વીતરાગમાર્ગમાં જે આગળ વધે છે, ને ઘણો રાગ ઘટાડવાથી જેને શ્રાવકપણું થયું છે એ શ્રાવકના ભાવ કેવા હોય તેની આ વાત છે. સર્વાર્થસિદ્ધિના દેવ કરતાંય જેની પદવી ઊંચી છે, સ્વર્ગના ઇન્દ્ર કરતાં જેનું આત્મસુખ વધારે છે એવી શ્રાવકદશા છે. સ્વભાવના સામર્થ્યનું જેને ભાન છે, વિભાવની વિપરીતતા સમજે છે અને પરને પૃથક્ દેખે છે, એવો શ્રાવક રાગના ત્યાગવડે પોતામાં ક્ષણે ક્ષણે શુદ્ધતાનું દાન કરે છે ને બહારમાં બીજાને પણ રત્નત્રયના નિમિત્તરૂપ શાસ્ત્ર વગેરેનું દાન કરે છે.

આવું મનુષ્યપણું પામીને, આત્માની દરકાર કરીને તેના જ્ઞાનની કિંમત આવવી જોઈએ. શ્રાવકને સ્વાધ્યાય–દાન વગેરે શુભભાવો વિશેષ હોય છે. એને જ્ઞાનનો રસ હોય, પ્રેમ હોય, એટલે હંમેશાં સ્વાધ્યાય કરે; નવા નવા શાસ્ત્રોની સ્વાધ્યાય કરતાં જ્ઞાનની નિર્મળતા વધતી જાય, ને નવા નવા વીતરાગ ભાવો ખીલતા જાય, અપૂર્વતત્ત્વનું શ્રાવણ કે સ્વાધ્યાય કરતાં એને એમ થાય કે અહો, આજે મારો દિવસ સફળ થયો. છ પ્રકારના અંતરંગતપમાં ધ્યાન પછી બીજો નંબર સ્વાધ્યાયનો કહ્યો છે.

શ્રાવકને બધા પડખાંનો વિવેક હોય છે. સ્વાધ્યાય વગેરેની જેમ દેવપૂજા વગેરે કાર્યોમાં પણ તે ભક્તિથી વર્તે છે. શ્રાવકને ભગવાન સર્વજ્ઞદેવ પ્રત્યે પરમ પ્રીતિ હોય.....અહો, આ તો મારું ઇષ્ટ–ધ્યેય! એમ જીવનમાં તે ભગવાનને જ ભાળે છે. હરતાં–ફરતાં દરેક પ્રસંગમાં તેને ભગવાન યાદ આવે છે. નદીના ઝરણાંનો કલકલ અવાજ આવે ત્યાં કહે છે કે હે પ્રભો! આપે પૃથ્વીને છોડીને દીક્ષા લીધી તેથી અનાથ થયેલી આ પૃથ્વી કલરવ કરતી રડે છે ને તેના આસુંનો આ પ્રવાહ છે. આકાશમાં સૂર્ય–ચન્દ્રને દેખતાં કહે છે કે પ્રભો! આપે શુક્લધ્યાન વડે ઘાતીકર્મોને જ્યારે ભસ્મ કરી નાખ્યા ત્યારે તેના તણખાં આકાશમાં ઉડયા, તે તણખા જ આ સૂર્ય–ચન્દ્રરૂપે ઊડતા દેખાય છે. અને ધ્યાનાગ્નિમાં ભસ્મ થઈને ઊડેલા કર્મના દળીયા આ વાદળાં રૂપે હજી જ્યાંત્યાં ઘૂમી રહ્યાં છે.–આવી ઉપમાવડે ભગવાનના શુક્લધ્યાનને યાદ કરે છે ને પોતે તેની ભાવના ભાવે છે. ધ્યાનની અગ્નિ, ને વૈરાગ્યનો વાયરો, તેનાથી લા લાગી ને કર્મો બળી રહ્યા છે તેના ધૂમાડા ઊડે છે. આ રીતે સર્વજ્ઞદેવને ઓળખીને શ્રાવકને એની ભક્તિનો રંગ લાગ્યો છે. તેની સાથે ગુરુની ઉપાસના, શાસ્ત્રની સ્વાધ્યાય વગેરે પણ હોય છે. શાસ્ત્રો તો કહે છે કે અરે, કાન વડે જેણે વીતરાગી સિદ્ધાંતનું શ્રવણ કર્યું નહિ ને મનમાં તેનું ચિંતન કર્યું નહિ, તેને કાન અને મન મળ્યા તે ન મળ્યા બરાબર જ છે. આત્માની દરકાર નહિ કરે તો કાન ને મન બંને ગુમાવીને એકેન્દ્રિયાદિમાં ચાલ્યો જશે. કાનની સફળતા એમાં છે કે સત્પાત્રદાનમાં તેનો ઉપયોગ થાય. ભાઈ, અનેક પ્રકારનાં પાપ કરીને તેં ધન ભેગું કર્યું. , તો હવે પરિણામ પલટાવીને તેનો એવો ઉપયોગ કર કે જેથી તારાં પાપ ધોવાય ને તને ઉત્તમ

પુણ્ય બંધાય. એવો ઉપયોગ તો ધર્મના બહુમાનથી સત્પાત્ર દાન કરવું–એ જ છે.

લોકોને જીવનથી ને પુત્રથીયે ધન વહાલું હોય છે, પણ ધર્મી–શ્રાવકને ધન કરતાં ધર્મ વહાલો છે, એટલે ધર્મની ખાતર ધન વાપરવાનો એને ઉલ્લાસ આવે છે. તેથી શ્રાવકના ઘરમાં અનેક પ્રકારે દાનનો વેપાર હંમેશા ચાલ્યા કરે છે. ધર્મ અને દાન વગરના ઘરને તો સ્મશાનતૂલ્ય ગણીને કહે છે કે એવા ગૃહવાસને તો ઊંડા પાણીમાં જઈને 'સ્વા.....હા' કરી દેજે. જે એકલા પાપબંધનનું જ કારણ થાય એવા ગૃહવાસને તું તિલાંજલિ દઈ દેજે, પાણીમાં ઝબોળી દેજે. અરે, વીતરાગી સન્તો આ દાનનો ગૂંજારવ કરે છે....એ સાંભળતાં કયા ભવ્યજીવનું હૃદયકમળ ન ખીલે? કોને ઉત્સાહ ન આવે? ભ્રમરના ગૂંજારવથી ને ચન્દ્રના ઉદયથી કમળની કળિ તો ખીલી ઊઠે, પત્થર ન ખીલે; તેમ આવો ઉપદેશ–ગૂંજારવ સાંભળતાં ધર્મની રુચિવાળા જીવનું હૃદય તો ખીલી ઊઠે.....કે વાહ! દેવ ગુરુધર્મની સેવાનો અવસર આવ્યો....મારા ધન્ય ભાગ્ય.....કે મને દેવ–ગુરુનું કામ મળ્યું.–આમ ઉલ્લસી જાય. શાસ્ત્રમાં કહે છે કે શક્તિપ્રમાણે દાન કરવું. તારી પાસે એક રૂપિયાની મૂડી હોય તો તેમાંથી એક પૈસો આપજો....પણ દાન જરૂર કરજે, લોભ ઘટાડવાનો અભ્યાસ જરૂર કરજે. લાખો–કરોડોની મૂડી ભેગી થાય ત્યારે જ દાન દઈ શકાય ને ઓછી મૂડી હોય તેમાંથી દાન ન દઈ શકાય એવું કાંઈ નથી. પોતાનો લોભ ઘટાડવાની વાત છે, એમાં કાંઈ મૂડીના માપ ઉપર જોવાનું નથી. સારો શ્રાવક મૂડીનો ચોથોભાગ ધર્મમાં વાપરે, મધ્યમપણે છઠ્ઠો ભાગ વાપરે ને ઓછામાં ઓછો દશમો ભાગ વાપરે એવો ઉપદેશ છે. જેમ ચંદ્રકાન્તમણિની સફળતા ક્યારે? કે ચંદ્રના સંયોગે એમાંથી પાણી ઝરે ત્યારે; તેમ લક્ષ્મીની સફળતા ક્યારે? કે સત્પાત્રના સંગે તે દાનમાં વપરાય ત્યારે ધર્મીને તો આવા ભાવો હોય જ છે પણ એના દાખલાથી બીજા જીવોને સમજાવે છે.

સંસારમાં લોભીજીવો ધન મેળવવા માટે કેવા કેવા પાપ કરે છે? લક્ષ્મી તો જોકે પુણ્યઅનુસાર મળે છે પણ તેને મેળવવા માટે ઘણા જીવો જૂઠું–ચોરી વગેરે અનેક પ્રકારનાં પાપભાવ કરે છે, કદાચ કોઈ જીવ એવા ભાવ ન કરે ને પ્રમાણિકતાથી વેપાર કરે તોપણ લક્ષ્મી મેળવવાનો ભાવ તે પાપ જ છે. આ બતાવીને અહીં એમ કહે છે કે ભાઈ, જે લક્ષ્મી ખાતર તું આટલા–આટલા પાપ કરે છે અને જે લક્ષ્મી પુત્રાદિ કરતાંય તને વધુ વહાલી છે, તે લક્ષ્મીનો ઉત્તમ ઉપયોગ એ જ છે કે સત્પાત્રદાન વગેરે ધર્મકાર્યમાં તે વાપર; સત્પાત્રદાનમાં વપરાયેલી લક્ષ્મી અસંખ્ય ગણી થઈને ફળશે. એક માણસ ચાર–પાંચ હજાર રૂપિયાની નવી નોટું લાવ્યો ને ઘરે સ્ત્રીને આપી; તે બાઈએ તે ચૂલા પાસે મુકેલી ને બીજા કામે જરા દૂર ગઈ. તેનો નાનો છોકરો પાછળ સગડી પાસે બેઠો હતો; શિયાળાનો દિ' હતો. છોકરાએ નોટુંના કાગળિયા લઈને

સગડીમાં નાંખ્યા ને ભડકો થયો એટલે તાપવા લાગ્યો....ત્યાં તો મા આવી, છોકરો કહે બા, જો....મેં કેવી સગડી કરી! જોતાવેંત મા સમજી ગઈ કે અરે, આણે તો પાંચહજાર રૂા. નો ભડકો કર્યો!! એને એવો ક્રોધ ચડયો ને છોકરાને એટલો બધો માર્યો કે છોકરો મરી ગયો. જુઓ, પુત્ર કરતાંય ધન કેટલું વહાલું છે! બીજો એક બનાવ; એક ભરવાડણ દૂધ વેચીને તેના ત્રણ રૂપિયા લઈને પોતાને ગામ જતી હતી; દુષ્કાળના દિવસો હતા; રસ્તામાં લૂટારું મળ્યા. બાઈને બીક લાગી કે આ લોકો મારા રૂપિયા પડાવી લેશે એટલે તે રોકડા ત્રણ રૂપિયા પેટમાં ગળી ગઈ; પણ લૂટારુંઓએ તે જોયું ને બાઈને મારી નાંખીને તેના પેટમાંથી રૂપિયા કાઢયા. જુઓ,–આ ક્રૂરતા! આવા જીવો દોડીને નરકે ન જાય તો બીજે ક્યાં જાય? આવા તીવ્ર પાપનાં પરિણામ તો જિજ્ઞાસુને હોય જ નહિ. ઘણા લોકોને તો લક્ષ્મી રળવાની ધૂન આડે પૂરું ખાવાનો વખત ન મળે, દેશ છોડીને અનાર્ય જેવા પરદેશમાં જાય, જ્યાં ભગવાનના દર્શન પણ ન મળે, સત્સંગ પણ ન મળે; અરે ભાઈ! જેને ખાતર તેં આટલું કર્યું તે લક્ષ્મીનો કંઈક સદુપયોગ કર. ૫૦–૬૦ વર્ષ સંસારની મજાુરી કરીને, મરવા પડયો હોય, મરતાં મરતાં છેલ્લી ઘડીએ બચી જાય ને પથારીમાંથી ઊઠે તોપણ પાછો ત્યાં ને ત્યાં પાપકાર્યમાં જોડાઈ જાય છે.–પણ એમ નથી વિચારતો કે અરે, જીંદગી આખી ધન રળવામાં ગૂમાવીને ને મફતનાં પાપ બાંધ્યા, છતાં આ ધન તો કાંઈ સાથે આવવાનું નથી, માટે મારા હાથે રાગ ઘટાડીને એનો કંઈક સદુપયોગ કરું ને કંઈક આત્માનું હિત થાય એવો ઉદ્યમ કરું. દેવ ગુરુ–ધર્મનો ઉત્સાહ, સત્પાત્રદાન, તીર્થયાત્રા વગેરેમાં રાગ ઘટાડીશ ને લક્ષ્મીનો ઉપયોગ કરીશ તોપણ તને અંતરમાં એમ સન્તોષ થશે કે જીવનમાં આત્માના હિત માટે મેં કંઈક કર્યું છે; બાકી એકલા પાપમાં જ જીવન ગાળીશ તો તારી લક્ષ્મી પણ નિષ્ફળ જશે ને મરણ ટાણેય તું પસ્તાઈશ કે અરે, જીવનમાં આત્માના હિત માટે કાંઈ ન કર્યું. અશાંતિપણે દેહ છોડીને કોણ જાણે ક્યાં જઈને ઉતારા કરીશ? માટે હે ભાઈ! છઠ્ઠા–સાતમા ગુણસ્થાને ઝુલતા મુનિરાજે કરુણા કરીને તારા હિતને માટે આ શ્રાવકધર્મનો ઉપદેશ આપ્યો છે. તારી પાસે ગમે તેટલા ધનના ઢગલા હોય, પણ તેમાંથી તારું કેટલું?–કે તું દાનમાં વાપર તેટલું તારું. રાગ ઘટાડીને દાનાદિ સત્કાર્યમાં વપરાય એટલું જ ધન સફળ છે. વારંવાર સત્પાત્ર દાનના પ્રસંગથી, મુનિવરો ધર્માત્માઓ વગેરે પ્રત્યે બહુમાન, વિનય, ભક્તિ વગેરે પ્રકારે તને ધર્મના સંસ્કાર રહ્યા કરશે, ને એ સંસ્કાર પરભવમાંય સાથે આવશે. –લક્ષ્મી કાંઈ પરભવમાં સાથે નહિ આવે. માટે કહે છે કે સંસારના કાર્યોમાં (વિવાહ, ભોગોપભોગ વગેરેમાં) તું લોભ કરતો હો તો ભલે કર, પણ ધર્મકાર્યોમાં તું લોભ કરીશ નહિ, ત્યાં તો ઉત્સાહપૂર્વક વર્તજે. જે પોતાને ધર્મી–શ્રાવક કહેવડાવે છે પણ

ધર્મપ્રસંગમાં ઉત્સાહ તો આવતો નથી, ધર્મને ખાતર ધન વગેરેનો લોભ પણ ઘટાડી શકતો નથી, તો આચાર્યદેવ કહે છે કે તે ખરેખર ધર્મી નથી પણ દંભી છે, ધર્મીપણાનો તે ખાલી દંભ કરે છે. ધર્મનો જેને ખરેખર રંગ હોય તેને તો ધર્મપ્રસંગમાં ઉત્સાહ આવે જ; ને ધર્મના નિમિત્તોમાં જેટલું ધન ખર્ચાય તેટલું જ સફળ છે–એમ સમજીને દાન વગેરેમાં તે ઉત્સાહથી વર્તે છે.




* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

( ભેદવિજ્ઞાન જગ્યો......એ રાગ )

સુદ્ધ સુછંદ અભેદ અબાધિત ભેદ વિજ્ઞાન સુતીક્ષન ધારા,
અંતરભેદ સ્વભાવ વિભાવ કરે જડ–ચેતનરૂપ દુફારા;
સો જિન્હકે ઉરમેં ઉપજ્યો, ન રુચે તિન્હકો પરસંગ સહારા,
આતમકો અનુભૌ કરિ તે હરખેં પરખેં પરમાતમ ધારા.

શુદ્ધ સ્વતંત્ર એકરૂપ અબાધિત ભેદવિજ્ઞાનરૂપ તીક્ષ્ણ કરવત અંદર પ્રવેશ કરીને સ્વભાવ–વિભાવને અને જડ ચેતનને જુદા જુદા કરી નાંખે છે. આવું ભેદવિજ્ઞાન જેના અંતરમાં ઉપજ્યું તેને પરસંગ કે પરનો સહારો સુહાવતો નથી–ગમતો નથી, તે તો આત્માનો અનુભવ કરીને જ પ્રસન્ન થાય છે અને પરમાત્મપદની ધારાને પહિચાને છે.

卐

* * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * * *

# બાવીશ વર્ષ પહેલાં
## ( લેખાંકઃ ૨ )

**સોનગઢમાં વીર સં. ૨૪૭૧ ના વૈશાખ માસમાં ( એટલે કે આજથી ૨૨ વર્ષ પહેલાં ) ઉનાળાની રજા દરમિયાન શિક્ષણ વર્ગમાં અભ્યાસ કરતા વિદ્યાર્થીઓએ અરસ્પરસ કરેલા એક દિવસના પ્રશ્નોત્તરનો કેટલોક ભાગ. ( ગતાંકથી ચાલુ )**

**૩૧. પ્રશ્નઃ-** જીવ અરૂપી છે અને ધર્મ–અધર્મ આકાશ–કાળ દ્રવ્યો પણ અરૂપી છે તો પછી તેમને જીવ કેમ ન કહેવાય?

**ઉત્તરઃ-** જીવ અરૂપી છે એ ખરૂં, પરંતુ જીવનું લક્ષણ અરૂપીપણું નથી, જીવનું લક્ષણ તો ચેતના છે; બીજા ચાર અરૂપી દ્રવ્યોમાં ચેતના નથી માટે તે જીવ નથી.

**૩૨. પ્રશ્નઃ-** 'કાગળમાં અક્ષર લખાણા' ત્યાં કાગળમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ થયું કે નહિ? કઈ રીતે?

**ઉત્તરઃ-** ઉત્પાદ–વ્યય–ધ્રુવ તો બધી વસ્તુમાં હોય જ છે. કાગળમાં જ્યારે અક્ષર લખાણા ત્યારે તેમાં લખાણરૂપ દશાની ઉત્પત્તિ થઈ, કોરી દશાનો વ્યય થયો અને કાગળપણે ધ્રુવપણે ટકી રહ્યો છે; આ રીતે ઉત્પાદ–વ્યય–ધ્રુવ થયા છે.

**૩૩. પ્રશ્નઃ-** છ દ્રવ્યનાં લક્ષણ શું? છએ દ્રવ્યોનાં લક્ષણ જુદા શા માટે?

**ઉત્તરઃ-** જીવનું લક્ષણ ચેતના; પુદ્‌ગલનું લક્ષણ વર્ણ–ગંધ રસ–સ્પર્શ, અર્થાત્ રૂપીપણું; ધર્માસ્તિકાયનું લક્ષણ ગતિમાં નિમિત્ત થવું તે; અધર્માસ્તિકાયનું લક્ષણ સ્થિર થવામાં નિમિત્ત થવું તે; આકાશ દ્રવ્યનું લક્ષણ બધાને જગ્યા આપવી તે; અને કાળદ્રવ્યનું લક્ષણ પરિણમનમાં નિમિત્ત થવું તે છે; છએ દ્રવ્યો જુદા જુદા હોવાથી તે છએનાં લક્ષણ જુદા છે. જુદી જુદી વસ્તુનું લક્ષણ જુદું જુદું જ હોય. લક્ષણની ભિન્નતા વગર વસ્તુની ભિન્નતા ઓળખી શકાય નહિ.

**૩૪. પ્રશ્નઃ-** કાળ દ્રવ્યની કેટલી સંખ્યા છે અને તે કઈ રીતે રહે છે? તથા કાળ દ્રવ્યના કેટલા ભેદ છે?

**ઉત્તરઃ-** લોકાકાશના જેટલા અસંખ્ય પ્રદેશો છે તેટલા કાળ દ્રવ્યો છે અને લોકાકાશના પ્રત્યેક પ્રદેશ ઉપર એકેક કાળ દ્રવ્ય રહેલ છે. કાળ દ્રવ્યના બે ભેદ છે, કાળ દ્રવ્યને નિશ્ચયકાળ કહે છે અને સમય, આવલિ, મુહૂર્ત, દિવસ વગેરે કાળ દ્રવ્યના ભેદો છે.

તેને વ્યવહાર કાળ કહે છે. કાળદ્રવ્ય અરૂપી છે.

૩૫. **પ્રશ્નઃ-** અસ્તિત્વ ગુણમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ હોય કે નહિ?

**ઉત્તરઃ-** હોય; નવી પર્યાયરૂપે અસ્તિત્વનો ઉત્પાદ, જુની પર્યાયરૂપે અસ્તિત્વનો વ્યય અને અસ્તિત્વગુણનું સળંગ ધ્રુવપણે ટકી રહેવું–આ રીતે અસ્તિત્વગુણમાં ઉત્પાદ–વ્યય–ધ્રુવ છે.

૩૬. **પ્રશ્નઃ-** કોઈએ તમને મોક્ષના બે રસ્તા બતાવ્યા, એક બલુન અને બીજું સલુન, તમે ક્યો રસ્તો પસંદ કરશો?

**ઉત્તરઃ-** મોક્ષનો સાચો માર્ગ એક જ પ્રકારનો છે અને તે આત્મામાં જ છે, મોક્ષનો માર્ગ બહારની કોઈ વસ્તુમાં–બલુનમાં કે સલુનમાં–કયાંય નથી. બહારના કોઈ સાધનથી જે મોક્ષનો માર્ગ બતાવે તે અજ્ઞાની છે. અમે તો આત્માશ્રિત મોક્ષમાર્ગને જ પસંદ કરશું.

મોક્ષ કોઈ બહારના ક્ષેત્રમાં નથી તેથી મોક્ષ માટે બહારના સાધનની જરૂર નથી. મોક્ષ તો આત્મામાં જ થાય છે. તેથી સમ્યક્ત્વરૂપી સલુન અને ચારિત્રરૂપી બલુન એ જ મોક્ષનો માર્ગ છે.

૩૭. **પ્રશ્નઃ-** પરમાણુના જથ્થાને સ્કંધ કહેવાય છે તો પછી સ્કંધના જથ્થાને શું કહેવાય?

**ઉત્તરઃ-** સ્કંધના જથ્થાને પણ સ્કંધ કહેવાય છે.

૩૮. **પ્રશ્નઃ-** છ દ્રવ્યો છે તેમાંથી અરૂપી કેટલા અને જડ કેટલા? અરૂપી અને જડમાં શું ફેર? તે ફેર ક્યાં પડયો?

**ઉત્તરઃ-** છ દ્રવ્યોમાં પુદ્ગલ સિવાયના પાંચ દ્રવ્યો અરૂપી છે અને જીવ સિવાયના પાંચ દ્રવ્યો જડ છે; અરૂપી એટલે વર્ણ–ગંધ રસ–સ્પર્શ જેમાં ન હોય તે, અને જડ એટલે જેમાં જ્ઞાન ન હોય તે; જીવ દ્રવ્ય અરૂપી છે પણ જડ નથી, પુદ્ગલ દ્રવ્ય જડ છે પણ અરૂપી નથી, અન્ય ચારે દ્રવ્યો જડ અને અરૂપી છે.

૩૯. **પ્રશ્નોઃ-** અરિહંત પ્રભુને કેટલા પ્રતિજીવી ગુણો પ્રગટયા હોય?–શા માટે?

**ઉત્તરઃ-** અરિહંત પ્રભુને એકેય પ્રતિજીવી ગુણો પ્રગટયા હોય નહિ કેમકે તેમને હજી ચાર અઘાતિ કર્મનો સદ્ભાવ છે; પ્રતિજીવી ગુણ તો સર્વ કર્મના નાશથી સિદ્ધપ્રભુને પ્રગટે છે. જેમકે નામકર્મના અભાવથી સૂક્ષ્મત્વ, ગોત્રકર્મના અભાવથી અગુરુલઘુત્વ, આયુકર્મના અભાવથી અવગાહત્વ અને વેદનીયના અભાવથી અવ્યાબાધત્વ પ્રગટે છે.

૪૦. **પ્રશ્નઃ-** જ્ઞાન અને ચેતનામાં શું ફેર?

**ઉત્તરઃ-** જ્ઞાન તે ચેતનાનો એક ભાગ છે; ચેતનાના બે પ્રકાર છે–એક દર્શન અને બીજો જ્ઞાન, 'જ્ઞાન' કહેતાં એકલું જ્ઞાન ખ્યાલમાં આવે છે, જ્યારે 'ચેતના' કહેતાં તેમાં જ્ઞાન–દર્શન બંને આવી જાય છે.

૪૧. **પ્રશ્નઃ-** અસ્તિત્વ અને ધ્રૌવ્યમાં શું ફેર છે?

**ઉત્તરઃ-** અસ્તિત્વમાં ઉત્પાદ–વ્યય–ધ્રૌવ્ય ત્રણે આવી જાય છે; અને 'ધ્રૌવ્ય' કહેતાં તેમાં

ઉત્પાદ–વ્યય આવતાં નથી.

૪૨. **પ્રશ્ન**:- સ્વભાવનો નાશ થાય છે કે નહિ ?–શા માટે ?

**ઉત્તર**:- જે વસ્તુનો જે સ્વભાવ હોય તેનો કદી નાશ થાય નહિ; જો સ્વભાવનો નાશ થાય તો વસ્તુનો જ નાશ થાય, કેમકે વસ્તુ અને વસ્તુનો સ્વભાવ જુદા નથી. જેમકે જ્ઞાન તે આત્માનો સ્વભાવ છે, જો જ્ઞાનનો નાશ થાય તો આત્માનો જ નાશ થાય; કેમકે જ્ઞાન અને આત્મા જુદા નથી.

૪૩. **પ્રશ્ન**:- કાર્મણવર્ગણા અને કાર્મણ શરીરમાં શું ફેર છે ?

**ઉત્તર**:- કાર્મણવર્ગણાના જે પરમાણુઓ છે તેઓ હજુ કર્મરૂપે થયા નથી પણ કર્મરૂપે થવાની તેનામાં લાયકાત છે. અને જે પરમાણુઓ આઠ કર્મરૂપે પરિણમ્યા છે તે કર્મોના સમૂહને કાર્મણશરીર કહેવામાં આવે છે.

૪૪. **પ્રશ્ન**:- અરિહંતને કયા કર્મો બાકી છે ?–શા માટે ?

**ઉત્તર**:- અરિહંતને વેદનીય, આયુ, નામ અને ગોત્ર એ ચાર અઘાતિકર્મો બાકી છે, કેમકે હજી તેમને તે પ્રકારનો ઉદયભાવ બાકી છે.

૪૫. **પ્રશ્ન**:- પહેલાં કેવળજ્ઞાન થાય કે કેવળદર્શન–શા માટે ?

**ઉત્તર**:- કેવળજ્ઞાન અને કેવળદર્શન એક સાથે જ ( એક જ સમયે ) થાય છે. કેમકે પૂરી દશામાં ઉપયોગમાં ક્રમ પડતો નથી; જ્ઞાન ને દર્શન બંને સળંગ વર્તે છે.

૪૬. **પ્રશ્ન**:- ધર્મદ્રવ્ય ચાલે ત્યારે તેને કોણ નિમિત્ત થાય ?

**ઉત્તર**:- ધર્મદ્રવ્ય સ્વભાવથી જ સ્થિર છે, તે કદી ચાલતું નથી.

૪૭. **પ્રશ્ન**:- ધર્મદ્રવ્ય કેટલા દ્રવ્યોને સ્થિર થવામાં નિમિત્ત થાય ?

**ઉત્તર**:- ધર્મદ્રવ્ય સ્થિર થવામાં નિમિત્ત થતું નથી; પણ જીવ અને પુદ્ગલદ્રવ્ય જ્યારે ગતિ કરે ત્યારે તેને ગતિમાં ધર્મદ્રવ્ય નિમિત્ત કહેવાય છે. સ્થિતિમાં નિમિત્ત અધર્મદ્રવ્ય છે.

૪૮. **પ્રશ્ન**:- સંસારી જીવોને કેટલા પ્રકારનાં શરીર હોય છે ?

**ઉત્તર**:- સંસારી જીવોમાં કુલ પાંચ પ્રકારના શરીર હોય છે–ઔદારિક, વૈક્રિયિક, આહારક, તૈજસ અને કાર્મણ. તેમાંથી કોઈ એક જીવને એક સાથે વધુમાં વધુ ચાર, ને ઓછામાં ઓછા બે શરીર હોય છે. એક અથવા પાંચ શરીર કોઈને હોતાં નથી.

૪૯. **પ્રશ્ન**:- બે શરીર કયા જીવને હોય ?

**ઉત્તર**:- એક ભવમાંથી બીજા ભવમાં ગતિ કરતા જીવને ઘણો જ અલ્પકાળ ( એક, બે કે ત્રણ સમય ) કાર્મણ અને તૈજસ એ બે જ શરીર હોય છે.

૫૦. **પ્રશ્ન**:- ચાર શરીર કયા જીવને હોય ?

**ઉત્તર**:- આહારકલબ્ધિસંપન્ન છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિને ( વૈક્રિયિક સિવાયના ) ચાર શરીર હોય છે.

૫૧. **પ્રશ્ન**:- જીવનું પરમાર્થ શરીર ક્યું ?

**ઉત્તરઃ-** જીવનું પરમાર્થ શરીર 'જ્ઞાન' છે. જીવનું જ્ઞાનશરીર જીવથી કદી જુદું ન પડે. પાંચ શરીરો પુદ્ગલના બનેલા અચેતન છે, તે ખરેખર જીવનાં નથી.

**૫૨. પ્રશ્નઃ-** 'કાળો રંગ' તે અનુજીવી ગુણ છે કે પ્રતિજીવી ગુણ ?

**ઉત્તરઃ-** 'કાળો રંગ' તે ગુણ નથી પણ ગુણની પર્યાય છે. પુદ્ગલ દ્રવ્યમાં રંગનામના ગુણની કાળી હાલત છે તેને કાળો રંગ કહેવાય છે. રંગ તે પુદ્ગલનો અનુજીવી ગુણ છે.

**૫૩. પ્રશ્નઃ-** દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ કઈ રીતે છે ?

**ઉત્તરઃ-** દ્રવ્યમાં નવી અવસ્થા ઉપજે છે, જુની અવસ્થાનો નાશ થાય છે, અને વસ્તુપણે તે કાયમ ટકી રહે છે-એ રીતે દ્રવ્યમાં ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે; જેમકે જીવદ્રવ્યમાં સિદ્ધદશાનું ઉત્પન્ન થવું, સંસારદશાનો નાશ થવો અને જીવપણે તેનું ટકી રહેવું-એ જીવદ્રવ્યના ઉત્પાદ-વ્યય-ધ્રુવ છે.

**૫૪. પ્રશ્નઃ-** 'એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ન કરી શકે'-એ વાત ખરી છે ? કેમ ?

**ઉત્તરઃ-** હા, એક પદાર્થ બીજા પદાર્થનું કાંઈ ન કરી શકે એ વાત ખરી છે, કેમકે દરેક વસ્તુમાં અગુરુલઘુત્વ નામની શક્તિ રહેલી છે, તેથી કોઇ એક પદાર્થ અન્ય પદાર્થરૂપે પરિણમતો નથી, ને તેનું કાંઈ કરતો નથી. વળી વસ્તુમાં અસ્તિ-નાસ્તિ ધર્મ છે, દરેક વસ્તુ પોતાના સ્વરૂપે છે અને પરના સ્વરૂપે નથી, એટલે કે દરેક વસ્તુ જુદી જુદી સ્વતંત્ર છે. તેથી કોઈ વસ્તુ એક બીજાનું કાંઈ પણ કરી શકતી નથી. દરેક વસ્તુમાં પોતામાં જ પોતાનું કાર્ય કરવાની શક્તિ છે. દ્રવત્વ નામની શક્તિ દરેક પદાર્થમાં છે, તે શક્તિથી દરેક વસ્તુનું કાર્ય સ્વયં પોતપોતાથી થયા કરે છે; એક વસ્તુ બીજી વસ્તુનું કાર્ય કરતી નથી.

**૫૫. પ્રશ્નઃ-** 'બધા જીવોને દર્શનપૂર્વક જ જ્ઞાન ( અર્થાત્ પહેલાં દર્શન અને પછી જ્ઞાન ) હોય છે' એ વાત બરાબર છે ?

**ઉત્તરઃ-** ના, બધા જીવોને માટે તેમ નથી. અપૂર્ણ જ્ઞાનવાળા જીવને દર્શનપૂર્વક જ જ્ઞાન હોય છે, પરંતુ જેમને પૂર્ણજ્ઞાન ( કેવળજ્ઞાન ) પ્રગટી ગયું હોય તેને તો દર્શન અને જ્ઞાન બંને એક સાથે જ હોય છે.

**૫૬. પ્રશ્નઃ-** 'મુનિરાજ ધ્યાનસ્થ બેઠા છે' આ પ્રસંગે છએ દ્રવ્યની ક્રિયાનું ટૂંક વર્ણન કરો.

**ઉત્તરઃ-** ( ૧ ) ધ્યાનસ્થ મુનિરાજનો આત્મા તે વખતે પરમ આનંદમાં લીન છે. અર્થાત્ તેમને શુદ્ધ જ્ઞાનક્રિયા વર્તે છે, તેમને મોક્ષમાર્ગની ક્રિયા વર્તે છે.-આ જીવદ્રવ્યની ક્રિયા ( ૨ ) જડ શરીરના પરમાણુઓની ક્રિયા તે વખતે સ્થિર રહેવા લાયક છે, તે પુદ્ગલની ક્રિયા ( ૩ ) અધર્માસ્તિકાય દ્રવ્ય તે જીવ અને પરમાણુઓને સ્થિર રહેવામાં નિમિત્તરૂપ છે; ( ૪ ) કાળદ્રવ્ય પરિણમનમાં નિમિત્ત છે;( ૫ ) આકાશ દ્રવ્ય તે જગ્યા આપવામાં નિમિત્ત છે, અને ( ૬ ) ધર્માસ્તિકાય દ્રવ્યની ત્યાં હાજરી છે પણ જીવમાં ગતિક્રિયા ન હોવાથી તે વખતે ધર્માસ્તિકાય

નિમિત્ત નથી.

**૫૭. પ્રશ્નઃ-** ધ્યાનદશા વખતે આત્મામાં કઈ કઈ જાતની પર્યાય હોય?

**ઉત્તરઃ-** અર્થપર્યાય અને વ્યંજનપર્યાય બંને હોય છે.

**૫૮. પ્રશ્નઃ-** અરૂપી વસ્તુને આકૃતિ હોય?

**ઉત્તરઃ-** હા, પ્રદેશત્વ ગુણને લીધે દરેક વસ્તુને પોતાની આકૃતિ હોય જ; તેને વ્યંજન પર્યાય કહેવાય છે. આકૃતિ વગરની કોઈ વસ્તુ હોઈ શકે નહિ.

**૫૯. પ્રશ્નઃ-** ધર્મ–અધર્મ–આકાશ અને કાળ એ ચાર દ્રવ્યને સ્વભાવવ્યંજનપર્યાય છે કે વિભાવવ્યંજનપર્યાય છે?

**ઉત્તરઃ-** એ ચારે દ્રવ્યોને સદાય સ્વભાવ વ્યંજનપર્યાય જ હોય છે, તેની પર્યાયમાં કદી વિકાર થતો નથી, સંસારીજીવને અને સ્કંધના પરમાણુઓને જ વિભાવવ્યંજન પર્યાય હોય છે.

**૬૦. પ્રશ્નઃ-** અગુરુલઘુત્વગુણ પ્રતિજીવી છે કે અનુજીવી?

**ઉત્તરઃ-** અગુરુલઘુત્વગુણ બે પ્રકારના છે; તેમાં જે સામાન્ય અગુરુલઘુગુણ છે તે અનુજીવી છે અને જે જીવનો વિશેષ અગુરુલઘુગુણ છે તે પ્રતિજીવી છે.

**૬૧. પ્રશ્નઃ-** બંને અગુરુલઘુ ગુણમાં અભાવસુચક 'અ' આવે છે છતાં બંનેમાં ભેદ કેમ?

**ઉત્તરઃ-** સામાન્ય અગુરુલઘુગુણ તો બધી વસ્તુઓમાં ત્રિકાળ છે, તે ગુણ કોઈ બીજાના અભાવની અપેક્ષા રાખતો નથી માટે તે અનુજીવી છે અને વિશેષ અગુરુલઘુગુણ તો ગોત્રકર્મનો અભાવ થતાં સિદ્ધદશામાં પ્રગટે છે–કર્મના અભાવની અપેક્ષા રાખતો હોવાથી તે પ્રતિજીવી ગુણ છે. (જેમાં 'અ' આવે તેને પ્રતિજીવી ગુણ કહેવો એવો કાંઈ નિયમ નથી)

**૬૨. પ્રશ્નઃ-** મન જ્ઞાન કરતાં અટકાવે છે કે મદદ કરે છે?

**ઉત્તરઃ-** મન તો જડ છે, તે જ્ઞાનથી જાુદું છે તેથી તે જ્ઞાન કરવામાં મદદ પણ ન કરે અને અટકાવે પણ નહિ.

**૬૩. પ્રશ્નઃ-** 'આત્મા દેહ છોડીને ચાલ્યો ગયો'–ત્યારે અહીંથી છ દ્રવ્યોમાંથી કેટલા દ્રવ્યો ગયા?

**ઉત્તરઃ-** એક તો જીવ અને તેની સાથે કાર્મણ તથા તૈજસ શરીરના રજકણો; એટલે કે જીવ અને પુદ્ગલ દ્રવ્યો ગયાં. જીવ અને પુદ્ગલ દ્રવ્ય સિવાયનાં ચારે દ્રવ્યો તો સદા સ્થિર છે, તેઓમાં કદી ક્ષેત્રાંતર થતું જ નથી.

**૬૪. પ્રશ્નઃ-** 'શરીરને છોડીને જીવના પ્રદેશોનું બહાર ફેલાવું તેને સમુદ્ઘાત કહે છે'–આ વ્યાખ્યા બરાબર છે?

**ઉત્તરઃ-** ના, આ વ્યાખ્યા બરાબર નથી. શરીરને છોડીને બધા આત્મપ્રદેશ બહાર નીકળી જાય તો મરણ કહેવાય, સમુદ્ઘાતમાં તો મૂળ શરીરને છોડયા વગર આત્મપ્રદેશો બહાર ફેલાય છે.

**૬૫. પ્રશ્નઃ-** રાગ–દ્વેષ આત્માના છે કે જડના છે?

**ઉત્તરઃ-** રાગ–દ્વેષભાવ આત્માની પર્યાયમાં થાય છે તે અપેક્ષાએ તો તે આત્માના છે, પરંતુ રાગદ્વેષભાવ તે શુદ્ધ આત્માનું સ્વરૂપ નથી–તેથી આત્માનું શુદ્ધસ્વરૂપ બતાવવા માટે તેને જડના પણ કહેવાય છે.

૬૬. **પ્રશ્નઃ-** ઇન્દ્રિય સિવાય જીવ હોઈ શકે કે નહિ?

**ઉત્તરઃ-** હા, સિદ્ધદશામાં અનંત જીવો છે તેઓને ઇન્દ્રિય કે શરીર નથી; તેમજ જીવ જ્યારે એક ગતિમાંથી બીજી ગતિમાં ગમન ( વિગ્રહ ગતિ ) કરે છે ત્યારે પણ તેને ઇન્દ્રિય કે સ્થૂળ શરીર હોતાં નથી; અને ખરી રીતે તો બધાં જ જીવો ઇન્દ્રિય અને શરીર વગરનાં જ છે, ઇન્દ્રિય અને શરીર તો જડ છે, જ્ઞાનસ્વરૂપ આત્મા તેનાથી જુદો જ છે. વ્યવહારથી જીવને ઓળખવા માટે એકેન્દ્રિય વગેરે નામ આપ્યાં છે; તે એમ સૂચવે છે કે તે જીવને જ્ઞાનમાં તે પ્રકારનો ઉઘાડ છે.

૬૭. **પ્રશ્નઃ-** જડ અને પુદ્ગલમાં શું ફેર છે?

**ઉત્તરઃ-** જડનું લક્ષણ અચેતનપણું છે તેથી ‘જડ’ કહેતાં તેમાં જીવ સિવાયના પાંચે દ્રવ્યોનો સમાવેશ થઈ જાય છે અને પુદ્ગલનું લક્ષણ રૂપીપણું છે તેથી પુદ્ગલ કહેતાં એકલું પુદ્ગલ દ્રવ્ય લક્ષમાં આવે છે; જડ તો રૂપી પણ હોય અને અરૂપી પણ હોય, પરંતુ પુદ્ગલ તો રૂપી જ હોય છે.

૬૮. **પ્રશ્નઃ-** સત્દેવનું ટૂંકામાં ટૂંકું સ્વરૂપ શું?

**ઉત્તરઃ-** સર્વજ્ઞતા; જ્યાં સર્વજ્ઞતા હોય ત્યાં વીતરાગતા હોય જ.

૬૯. **પ્રશ્નઃ-** ‘અર્હંતદેવ’ અને ‘સ્વર્ગના દેવ’ એ બે દેવોમાં શું ફેર છે?

**ઉત્તરઃ-** અર્હંતદેવ પૂજનીક છે. તેઓ પૂર્ણજ્ઞાની છે, વિકાર રહિત છે, જીવનમુક્ત છે, ભવરહિત છે. પણ સ્વર્ગના દેવ તો અપૂર્ણજ્ઞાનવાળા છે, વિકાર સહિત છે, સંસારી છે. ભવસહિત છે; અર્હંતપ્રભુને દેવપણું ગુણના કારણે છે તેથી પૂજનીક છે, અને સ્વર્ગનું દેવપણું તે તો પુણ્યનું ફળ છે. તેથી તે દેવપદ પૂજનીક નથી સ્વર્ગના દેવોમાં જોકે કેટલાક સમ્યગ્દ્રષ્ટિ પણ છે પરંતુ પંચપરમેષ્ઠીરૂપ દેવપણું સ્વર્ગમાં હોતું નથી.’

૭૦. **પ્રશ્નઃ-** કુદેવ કુગુરુની ભક્તિ કરવાથી જીવને શું લાભ થાય?

**ઉત્તરઃ-** કુદેવ–કુગુરુની ભક્તિ કરવાથી જીવને કાંઈ જ લાભ ન થાય, ઉલટું મિથ્યાત્વના પોષણથી સંસારભ્રમણ થાય, ને જીવના ગુણ હણાય.

૭૧. **પ્રશ્નઃ-** અગૃહીત મિથ્યાત્વનું ફળ શું? અને ગૃહીત મિથ્યાત્વનું ફળ શું?

**ઉત્તરઃ-** બંનેનું ફળ સંસાર જ છે; અગૃહિત મિથ્યાત્વ અનાદિથી ચાલ્યું આવે છે, ગૃહીત મિથ્યાત્વ નવું ગ્રહણ કરેલું છે. અને તે ગૃહીત મિથ્યાત્વ અગૃહીત મિથ્યાત્વને પોષણ આપે છે.

૭૨. **પ્રશ્નઃ-** મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે શું તફાવત છે?

**ઉત્તરઃ-** મિથ્યાજ્ઞાન તે સંસારનું કારણ છે,

સમ્યગ્જ્ઞાન તે મોક્ષનું કારણ છે. અનાદિથી જીવને મિથ્યાજ્ઞાન છે, જે જીવ સાચી સમજણ કરે તેને સમ્યગ્જ્ઞાન થઈને અલ્પ કાળમાં મોક્ષ થાય, મિથ્યાજ્ઞાની જીવ સદાય 'પુણ્યથી ધર્મ થાય અને શરીરાદિનું હું કરી શકું' એમ માને છે પણ સમ્યગ્જ્ઞાની જીવ કદાપી 'પુણ્યથી ધર્મ થાય કે શરીરાદિની ક્રિયા હું કરી શકું' એમ માનતા નથી; આ રીતે મિથ્યાજ્ઞાન અને સમ્યગ્જ્ઞાન વચ્ચે આકાશ–પાતાળ જેવડો મહાન તફાવત છે.

૭૩. **પ્રશ્નઃ-** જેને વ્યવહાર ચારિત્ર હોય તેને ગૃહીત મિથ્યાત્વ હોય કે નહિ?

**ઉત્તરઃ-** જેને વ્યવહાર ચારિત્ર હોય તેને ગૃહીત મિથ્યાત્વ તો હોય જ નહીં; અગૃહીત–મિથ્યાત્વ કોઈને હોય ને કોઈને ન હોય.

૭૪. **પ્રશ્નઃ-** ગૃહીત મિથ્યાત્વ છૂટવાથી સમ્યગ્દર્શન થઈ શકે કે નહિ?

**ઉત્તરઃ-** બધા પ્રકારનું મિથ્યાત્વ છૂટે ત્યારે જ સમ્યક્ત્વ થાય; ફકત ગૃહીત મિથ્યાત્વ છૂટવાથી જ સમ્યગ્દર્શન થઈ જતું નથી. પહેલાં ગૃહીત મિથ્યાત્વ છોડીને જો આત્માની સાચી સમજણ વડે અગૃહીત મિથ્યાત્વને પણ છોડે તો જ સમ્યગ્દર્શન થાય છે. ગૃહીત મિથ્યાત્વ છોડીને પણ જો પરાશ્રયબુદ્ધિથી સાચા દેવ–ગુરુ–શાસ્ત્ર તરફ જ રોકાઈ જાય ને સ્વાશ્રિતદ્રષ્ટિથી સ્વસન્મુખ થઈ પોતાના આત્માની સાચી સમજણ ન કરે તો તેને સમ્યગ્દર્શન થતું નથી. અને અગૃહીત મિથ્યાત્વ ટળતું નથી. ગૃહીત અને અગૃહીત બંને મિથ્યાત્વ ટાળે તેને જ સમ્યગ્દર્શન થાય છે.

૭૫. **પ્રશ્નઃ-** પહેલાં ગૃહીત મિથ્યાત્વ ટળે કે અગૃહીત?

**ઉત્તરઃ-** પહેલાં ગૃહીત મિથ્યાત્વ ટાળ્યા વગર અગૃહીત મિથ્યાત્વ ટળે નહિ. કોઈને ગૃહીત અને અગૃહીત બંને સાથે પણ ટળી જાય; જેને ગૃહીત મિથ્યાત્વ હોય તેને અગૃહીત મિથ્યાત્વ પણ હોય જ.

૭૬. **પ્રશ્નઃ-** એક જીવ મિથ્યાત્વ સહિત શુભ ક્રિયામાં વર્તે છે અને એમ માને છે કે મને આ ક્રિયાથી ધર્મ થાય છે; તે જ વખતે બીજો જીવ ક્રોધથી લડાઈ લડે છે અને તેને આત્માની ઓળખાણ છે, તો આ બે જીવોમાંથી તે વખતે કોને વધારે બંધન થતું હશે?

**ઉત્તરઃ-** જે જીવ શુભરાગની ક્રિયાથી ધર્મ માને છે તે જીવને મિથ્યાત્વના પાપ સહિત વધારે બંધન થાય છે કેમકે મિથ્યાત્વ જ મહા બંધનું કારણ છે. જ્ઞાની જીવને લડાઈ વખતે પણ મિથ્યાત્વનું મહાપાપ તો બંધાતું જ નથી; સાચી શ્રદ્ધા હોવાને લીધે લડાઈ વખતે પણ તેને આત્મભાન વર્તે છે ને સંસાર તૂટતો જાય છે. અજ્ઞાનીને વિપરીત શ્રદ્ધા હોવાથી શુભરાગ વખતે પણ તે સંસાર વધારી રહ્યો છે. સાચી સમજણ વગર આત્માને કોઈ રીતે લાભ થાય નહિ અને કર્મબંધન તૂટે નહિ મિથ્યાત્વ સેવનથી આત્માને જે નુકશાન થાય છે તેટલું નુકશાન બીજી કોઈ રીતે થતું નથી.

૭૭. **પ્રશ્નઃ-** આ શરીર જીવને દુઃખી

કરે છે” આ વાક્યમાં કાંઈ ભૂલ છે?

**ઉત્તર**:- તે વાક્ય ખોટું છે ખરેખર શરીર જીવને દુઃખી કરતું નથી. પણ શરીર પ્રત્યેનો જીવનો મોહભાવ છે તે જ જીવને દુઃખી કરે છે. જીવને સુખ–દુઃખ પોતાના જ ભાવથી થાય છે, પણ શરીરથી સુખ–દુઃખ થતું નથી.

૭૮ **પ્રશ્ન**:- રાગદ્વેષ વધારે નુકશાન કરે છે કે રાગ–દ્વેષને પોતાનાં માનવા તે?

**ઉત્તર**:- રાગ–દ્વેષને પોતાનાં માનવા તે ઊંધી માન્યતા જ વધારે નુકશાનનું કારણ છે. રાગ–દ્વેષ તે તો ચારિત્રનો દોષ છે અને રાગ–દ્વેષને પોતાનાં માનવા તે શ્રદ્ધાનો દોષ છે, શ્રદ્ધાનો દોષ સર્વદોષનું મૂળ છે. મિથ્યાત્વ ટળતાં અનંતા રાગ–દ્વેષ ટળી જાય છે.

૭૯. **પ્રશ્ન**:- એક જીવ એમ માને છે કે....‘મારા ઉપદેશ વડે હું બીજાને ધર્મ પમાડી શકું; તો તે જીવ સમ્યગ્દ્રષ્ટિ છે કે મિથ્યાદ્રષ્ટિ?

**ઉત્તર**:- તે મિથ્યાદ્રષ્ટિ છે, કેમ કે હું પરજીવોને સમજાવી શકું એમ તેની મિથ્યા માન્યતા છે; એક જીવ બીજા જીવને કંઈ કરી શકતો નથી છતાં તે પરનું કર્તૃત્વ માને છે તથા ઉપદેશના જડ શબ્દોનું કર્તાપણું માને છે–તેથી એમ નક્કી થાય છે કે તે મિથ્યાદ્રષ્ટિ જ છે. જ્ઞાની ઉપદેશ આપે તેમાં તેને કર્તૃત્વબુદ્ધિ હોતી નથી.

૮૦. **પ્રશ્ન**:- સાચી વિદ્યા કઈ છે?

**ઉત્તર**:- સ્વ–પરના ભેદજ્ઞાનરૂપ વિદ્યા તે જ સાચી વિદ્યા છે. ને તે વિદ્યા મોક્ષનું કારણ થાય છે.

વિદ્યાર્થી બંધુઓ,

જૈનદર્શનનું આવું તત્ત્વજ્ઞાન શીખવા માટે સોનગઢના ધાર્મિક શિક્ષણ વર્ગમાં અભ્યાસ કરો.

—जय जिनेन्द्र

## જૈનદર્શન શિક્ષણવર્ગ

ઉનાળાની રજાઓ દરમિયાન સોનગઢમાં જૈન વિદ્યાર્થીઓ માટેનો ધાર્મિક શિક્ષણવર્ગ તા. ૧૫ મે ૧૯૬૬ વૈશાખ વદ ૧૦ (બીજી) રવિવારથી શરૂ થશે અને તા. ૧૫ જુન ૧૯૬૬ જેઠ સુદ ૧૫ શુક્રવાર સુધી ચાલશે. જે વિદ્યાર્થીઓ શિક્ષણવર્ગમાં આવવા ઈચ્છતા હોય તેમણે નીચેના સરનામે સૂચના મોકલી દેવી અને વર્ગમાં સમયસર આવી જવું.

**શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ (સૌરાષ્ટ્ર)**

# વૈશાખ માસના મંગળ દિવસો

(જિનેન્દ્ર–પૂજનસંગ્રહના આધારે આ મંગળ દિવસોનો ઉલ્લેખ કરવામાં આવે છે; તિથિ સંબંધમાં ક્વચિત પાઠાંતર પણ જોવામાં આવે છે. આ કલ્યાણક–તિથિઓ ઉપરાંત ૨૪ તીર્થંકર ભગવંતો સંબંધી બીજી વિગતો આપવા માટે પણ અનેક જિજ્ઞાસુઓ તરફથી સૂચના મળી છે, જે લક્ષમાં લીધી છે ને કોઈ વખતે આપીશું. ગતાંકમાં ચૈત્ર વદ ૪ પાર્શ્વનાથ મોક્ષકલ્યાણક લખેલ છે તે ભૂલથી લખાઈ ગયેલ છે. અને ચૈત્ર સુદ ૧૫ પદ્મપ્રભુ કેવળજ્ઞાન; તથા ચૈત્ર વદ ૧૪ નમિનાથ મોક્ષ;–એ બે દિવસો લખવા રહી ગયા હતા. તે પ્રત્યે ધ્યાન ખેંચનાર ભાઈનો આભાર.

| | | |
|---|---|---|
| વૈશાખ | સુદ ૧ | કુંથુનાથ–જન્મ–તપ–મોક્ષ. |
| વૈશાખ | સુદ ૩ | ઋષભમુનિરાજનું પ્રથમ પારણું. |
| વૈશાખ | સુદ ૬ | અભિનંદન–મોક્ષ કલ્યાણક |
| વૈશાખ | સુદ ૮ | અભિનંદન–ગર્ભ કલ્યાણક |
| વૈશાખ | સુદ ૮ | ધર્મનાથ–ગર્ભ કલ્યાણક |
| વૈશાખ | સુદ ૧૦ | વર્દ્ધમાન–કેવળજ્ઞાન. |
| વૈશાખ | વદ ૮ | શ્રેયાંસનાથ–ગર્ભકલ્યાણક |
| વૈશાખ | વદ ૧૦ | વિમલનાથ–ગર્ભકલ્યાણક. |
| વૈશાખ | વદ ૧૨ | અનંતનાથ જન્મ–તપ. |
| વૈશાખ | વદ ૧૪ | શાંતિનાથ જન્મ–તપ–મોક્ષ |
| વૈશાખ | વદ ૦)) | અજિતનાથ ગર્ભ કલ્યાણક. |

卐

આવતા માસમાં જેઠ સુદ પાંચમે શ્રુતપંચમી છે; શ્રુતપંચમી એટલે શ્રુતજ્ઞાનની આરાધનાનું મહાન પર્વ. વીતરાગી સંતો જિનવાણીનો જે અમૂલ્ય વારસો આપણને આપી ગયા તેની આરાધનાનો અને પ્રભાવનાનો સન્દેશ આપણને શ્રુતપંચમી આપે છે.

# ભગવાન ઋષભદેવ

## ( તેમના છેલ્લા દશ અવતારની કથા )

( બ્ર. હ. જૈન )

(સોનગઢ જિનમંદિરમાં જે ઐતિહાસિક ચિત્રો કોતરેલા છે, તેનો પરિચય આત્મધર્મમાં આપવાનું શરૂ કરેલ, તે અનુસાર અંક ૧૭૭ થી ૧૮૦ સુધીમાં પાંચ ચિત્રોની કથા આવી ગઈ છે. ભગવાન ઋષભદેવનો જીવ ભોગભૂમિમાં બે મુનિઓના ઉપદેશથી સમ્યક્ત્વની પ્રાપ્તિ કરે છે–તેનું ભાવભીનું દ્રશ્ય છઠ્ઠા ચિત્રમાં છે. પુરાણોનો આ પ્રસંગ મુમુક્ષુને અતિ પ્રિય છે. આ પ્રસંગ તો પૂર્વના સાતમા ભવમાં બન્યો, પરંતુ તેની કથાનો સંબંધ પૂર્વના દશમા ભવથી શરૂ થાય છે; તેથી આપણે અહીં ઋષભદેવ પ્રભુના દશ ભવોની કથા આપીશું. ઋષભદેવનો જીવ પૂર્વે દશમા ભવે મહાબલ રાજા હતો, તે ભવમાં તેને જૈનધર્મની પ્રીતિ થઈ,–અવ્યક્તપણે ધર્મનાં બીજ રોપાયા; પછી આઠમા ભવે (વજ્જંઘરાજાના ભવમાં) મુનિવરોને આહારદાન દીધું; ત્યાંથી ભોગભૂમિમાં અવતર્યા; ત્યાં તે સાતમા ભવમાં બે મુનિવરોના ઉપદેશથી સમ્યક્ત્વ ગ્રહણ કર્યું. પાંચમા ભવે વિદેહક્ષેત્રમાં મુનિદશા પ્રગટ કરી; ત્રીજા ભવે વિદેહક્ષેત્રે પુંડરગીરી નગરીમાં વજ્રનાભી ચક્રવર્તી થયા ને દીક્ષા ધારણ કરીને તીર્થંકર પ્રકૃતિ બાંધી; ત્યાંથી સર્વાર્થસિદ્ધિમાં જઈને પછી છેલ્લો ઋષભઅવતાર થયો. આ બધા પ્રસંગોનું આલેખન અહીં 'મહાપુરાણ' ના આધારે કરવામાં આવશે.–જે માત્ર બાળકોને જ નહિ પણ આત્મધર્મના મોટા–નાના સમસ્ત પાઠકોને ગમશે અને ધાર્મિક આરાધનાની પ્રેરણા આપશે.

–સં.

## ( ૧ )

## ઋષભદેવનો મહાબલરાજાનો ભવ અને જૈનધર્મના સંસ્કાર

અનાદિ સ્વયંસિદ્ધ એવા આ લોકની વચ્ચે મધ્યલોક છે; અસંખ્યાત દ્વીપ–સમુદ્રોથી શોભાયમાન આ મધ્યલોકમાં વચ્ચે જંબુદ્વીપ છે, અને જંબુદ્વીપની વચમાં જંબુદ્વીપના મુગટસમાન મેરુપર્વત શોભે છે.

મેરુપર્વતની પૂર્વે અને પશ્ચિમે ‘વિદેહદેશ’ છે; ત્યાંથી મુનિવરો કર્મરૂપી મેલનો નાશ કરીને હંમેશા વિદેહ (–દેહરહિત–સિદ્ધ) થયા કરે છે તેથી તેનું ‘વિદેહ’ નામ સાર્થક છે. આ વિદેહદેશોમાં શ્રી જિનેન્દ્રરૂપી સૂર્યનો સદાય ઉદય રહે છે, તેથી ત્યાં મિથ્યા મતરૂપી અંધકાર કદી વ્યાપતો નથી.

આવા પશ્ચિમ વિદેહમાં એક ગંધિલ નામનો દેશ છે. તેની મધ્યમાં શાશ્વત જિનમંદિરોથી સુશોભિત એવો વિજયાર્દ્ધપર્વત છે, અને તે પર્વત ઉપર અલકાપુરી નામની નગરી છે. અતિબલ નામના વિદ્યાધર તે નગરીના રાજા છે. ધર્માત્મા અતિબલ રાજાને એક દિવસ વૈરાગ્ય થતાં, પોતાના પુત્ર મહાબલને રાજ્ય સોંપીને તેણે જિનદીક્ષા ધારણ કરી.

( આ ‘મહાબલ’ તે જ આપણા ચરિત્રનાયક ઋષભદેવનો જીવ. )

રાજા મહાબલને ચાર મંત્રીઓ હતા–મહામતિ, સંભિન્નમતિ, શતમતિ અને સ્વયંબુદ્ધ. તેમાંથી સ્વયંબુદ્ધમંત્રી શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિ હતા, ને બાકીના ત્રણે મંત્રીઓ મિથ્યાદ્રષ્ટિ હતા.

એક દિવસ મહાબલ રાજાના જન્મદિવસનો ઉત્સવ થઈ રહ્યો હતો. તે વખતે સભામંડપમાં રાજાને અતિશય પ્રસન્ન દેખીને મહાબુદ્ધિમાન સ્વયંબુદ્ધમંત્રીએ તેને જૈનધર્મનો ઉપદેશ આપ્યો અને કહ્યું કે “હે રાજન્! આ રાજલક્ષ્મી વગેરે વૈભવ તો કેવળ પૂર્વપુણ્યનું ફળ છે; આ ભવ અને પરભવમાં આત્માના હિતને અર્થે તમે જૈનધર્મનું સેવન કરો. સ્વયંબુદ્ધમંત્રીની એ વાત સાંભળીને બીજા ત્રણ મિથ્યાદ્રષ્ટિ મંત્રીઓમાંથી એકે કહ્યું કે પરલોક વગેરે કાંઈ છે જ નહિ; બીજાએ કહ્યું કે આત્મા સ્વતંત્ર તત્ત્વ જ નથી, એ તો સંયોગી ક્ષણિક વસ્તુ છે; અને ત્રીજાએ કહ્યું કે આખું જગત્ શૂન્યરૂપ છે, આત્મા વગેરે કાંઈ છે જ નહીં. –પરંતુ સ્વયંબુદ્ધ મંત્રીએ અનેક યુક્તિ અને દ્રષ્ટાંતોદ્વારા આત્માનું અસ્તિત્વ, પરલોકનું અસ્તિત્વ, આત્માના ભલા–બુરાભાવોનું ફળ વગેરે સિદ્ધ કરી દીધું; અને એ રીતે જૈનધર્મનો અતિશય મહિમા પ્રસિદ્ધ કર્યો. સ્વયંબુદ્ધના યુક્તિપૂર્વક વચનોથી સમસ્ત સભાસદોને એ વિશ્વાસ થઈ ગયો કે આ જૈન ધર્મ જ વાસ્તવિક છે. આથી સભાજનોએ તેમજ મહાબલ રાજાએ પણ પ્રસન્ન થઈને

સ્વયંબુદ્ધ મંત્રીની પ્રશંસા કરી.

એકવાર સ્વયંબુદ્ધ મંત્રી મેરુપર્વત ઉપરના અકૃત્રિમ ચૈત્યાલયોમાં બિરાજમાન જિનપ્રતિમાઓની ભક્તિપૂર્વક વંદના કરવા માટે ગયો; ત્યાં અનાદિનિધન, હંમેશા પ્રકાશીત અને દેવોથી પણ પૂજ્ય એવા શાશ્વત જિનમંદિરો દેખીને તેને ઘણો આનંદ થયો, અને તેમાં બિરાજમાન રત્નમય નિજબિંબોની પ્રદક્ષિણા તથા ભક્તિપૂર્વક વારંવાર નમસ્કાર કરીને પૂજા કરી; પછી થોડીવાર ત્યાં બેઠો.

એવામાં તે સ્વયંબુદ્ધ મંત્રીએ પૂર્વ વિદેહક્ષેત્રથી આવેલા બે મુનિવરોને દેખ્યા...એ બંને મુનિવરો યુગન્ધર તીર્થંકરના સમવસરણરૂપી સરોવરના મુખ્ય હંસ હતા. મંત્રીએ અતિશય ભક્તિથી પ્રણામ અને પૂજન કર્યા બાદ તે મુનિવરોને પોતાનો મનોરથ પૂછયો; 'હે ભગવાન! આપ અવધિજ્ઞાનરૂપી નેત્રવડે જગતને જાણનારા છો તેથી હું મારા મનની વાત આપને પૂછું છું. હે સ્વામી! મારા રાજા મહાબલ છે તે ભવ્ય છે કે અભવ્ય? જિનેન્દ્રદેવે કહેલા સત્યમાર્ગનું સ્વરૂપ મારા વચન પ્રમાણે જે રીતે તે સ્વીકારે છે તે જ રીતે તેનું સમ્યક્ શ્રદ્ધાન તે કરશે કે નહીં?–એ વાત હું આપ બંને સંતોના અનુગ્રહથી જાણવા માંગું છું, માટે કૃપા કરીને કહો."

મંત્રીએ આ પ્રમાણે પૂછયું ત્યારે આદિત્યગતિ નામના અવધિજ્ઞાની મુનિરાજે કહ્યું: "હે ભવ્ય! તારો રાજા ભવ્ય જ છે, અને તે તારા વચન અનુસાર શ્રદ્ધા કરશે. એટલું જ નહિ, દસમા ભવે તે તીર્થંકર પદ પામશે; આ જંબુદ્વીપના ભરતક્ષેત્રની હવેની ચોવીસીમાં તે ૠષભદેવ નામના તીર્થંકર થશે" "વળી હે મંત્રી! સાંભળ! આજે જ તારા રાજાએ બે સ્વપ્નો જોયાં છે; પહેલાં સ્વપ્નમાં તેણે એમ જોયું છે કે ત્રણ દુષ્ટ મંત્રીઓએ બળાત્કારપૂર્વક તેને ભારે કીચડમાં ફસાવી દીધો છે, ને તું તે દુષ્ટ મંત્રીઓને દૂર કરીને, તેને કીચડમાંથી બહાર કાઢે છે ને સિંહાસન ઉપર બેસાડીને તેનો અભિષેક કરે છે. તથા બીજા સ્વપ્નમાં તે રાજાએ અગ્નિની તીવ્ર જ્યોતને ક્ષણેક્ષણે ક્ષીણ થતી દેખી છે. આ બંને સ્વપ્નો દેખીને તે રાજા તારી પ્રતીક્ષા કરી રહ્યો છે. પોતે કાંઈ પૂછયા પહેલાં જ તારા મુખેથી બંને સ્વપ્નો અને તેનું ફળ સાંભળીને તે રાજાને વિસ્મય થશે, અને તે નિઃસંદેહપણે તારાં વચનોનો સ્વીકાર કરશે. જેમ તરસ્યો ચાતક વરસાદના પાણીમાં અતિશય પ્રેમ કરે અને જન્માન્ધ પુરુષ અંધાપો હરનારી ઔષધિમાં અતિશય પ્રેમ કરે, તેમ તે મહાબલ રાજા તારી પાસેથી પ્રબોધ પામીને સમીચીન જૈનધર્મમાં અતિશય પ્રેમ કરશે. તેણે જે પહેલું સ્વપ્ન દેખ્યું છે તે તેના આગામી ભવની સ્વર્ગની વિભૂતિનું સૂચક છે; અને બીજું સ્વપ્ન તેના આયુષ્યની અતિશય ક્ષીણતાનું સૂચક છે. એ નિશ્ચિત છે કે હવે તેનું આયુષ્ય એક મહિનાનું જ બાકી રહ્યું છે. માટે હે ભદ્ર! તેના કલ્યાણ માટે શીઘ્ર

પ્રયત્ન કર.”–આ પ્રમાણે કહી, સ્વયંબુદ્ધમંત્રીને આશીર્વાદ દઈને તે બંને ગગનગામી મુનિવરો ત્યાંથી અંતર્હિત થઈ ગયા.

મુનિવરોના વચન સાંભળીને સ્વયંબુદ્ધમંત્રી તત્કાળ મહાબળરાજા પાસે આવ્યો; રાજા સ્વપ્નોની જ ચિંતામાં હતો, ત્યાં મંત્રીએ તેને તેનાં સ્વપ્ન તેમજ સ્વપ્નફળની વાત કહી સંભળાવી; અને જિનધર્મના સેવનનો ઉપદેશ આપ્યો કે હે રાજન્! જિનેન્દ્રદેવનો કહેલો ધર્મ જ સમસ્ત દુઃખોની પરંપરાનો છેદનાર છે, માટે તેમાં જ તમારી બુદ્ધિ જોડો, ને તેનું જ પાલન કરો.

સ્વયંબુદ્ધમંત્રીની વાત સાંભળીને રાજાને આશ્ચર્ય થયું, અને પોતાનું એક જ માસનું આયુષ્ય જાણીને તે બુદ્ધિમાન રાજાએ સમાધિમરણમાં પોતાનું ચિત્ત લગાવ્યું. રાજ્યભાર ઊતારીને પરમપૂજ્ય સિદ્ધકૂટ–ચૈત્યાલયમાં પહોંચ્યો અને ત્યાં સિદ્ધપ્રતિમાઓનું પૂજન કરીને નિર્ભયપણે સંન્યાસ ધારણ કર્યો; સ્વયંબુદ્ધમંત્રીને નિર્યાપકઆચાર્ય બનાવીને પ્રાયોપગમન સંન્યાસ ધારણ કર્યો, ને સુખપૂર્વક પ્રાણ છોડીને બીજા ઈશાનસ્વર્ગમાં, શ્રીપ્રભવિમાનમાં લલિતાંગ નામનો દેવ થયો.

## ( ૨ )

## ઋષભદેવનો પૂર્વનો નવમો ભવ: લલિતાંગ દેવ

ઋષભદેવનો જીવ, મહાબલરાજાનો ભવ પૂરો કરીને ઈશાનસ્વર્ગમાં લલિતાંગદેવપણે ઊપજ્યો. ત્યાં પરમ ઐશ્વર્ય દેખીને તે આશ્ચર્યચક્તિ થઈ ગયો કે આ શું છે! હું કોણ છું! ને આ બધા કોણ છે કે જેઓ દૂરદૂરથી આવીને મને નમસ્કાર કરે છે! ક્ષણભર તે વિચારમાં પડી ગયો કે હું અહીં ક્યાં આવ્યો છું? ક્યાંથી આવ્યો? આવું ચિંતવન કરતાં તત્ક્ષણે તેને અવધિજ્ઞાન પ્રગટયું. તે અવધિજ્ઞાનવડે પોતાના પૂર્વભવના તથા સ્વયંબુદ્ધમંત્રી વગેરેના સમાચાર તેણે જાણી લીધા.


સ્વર્ગમાં લલિતાંગદેવનું આયુષ્ય જ્યારે થોડાક પલ્ય બાકી રહ્યું ત્યારે તેને ‘સ્વયંપ્રભા’ નામની એક મહાદેવી પ્રગટ થઈ; તે તેને અતિશય પ્રિય હતી. તે દેવ સ્વયંપ્રભાદેવી સાથે કોઈ વાર મેરુપર્વતના નંદનવનમાં, કોઈવાર વિજયાર્દ્ધ પર્વત ઉપર, કોઈવાર રુચકગિરિ–કુંડલગિરિ પર્વતો ઉપર, કોઈવાર માનુષોત્તર પર્વત ઉપર, તો કોઈવાર નંદીશ્વરના રત્નમય જિનબિંબોનાં દર્શન કરવા જતો હતો.–એ પ્રમાણે સ્વર્ગમાં તેણે ઘણો કાળ વ્યતીત કર્યો.

એકવાર અચાનક તે લલિતાંગદેવના આભૂષણો નિસ્તેજ થઈ ગયા, માળા મુરઝાઈ ગઈ, તેના વિમાનના કલ્પવૃક્ષો કંપવા લાગ્યા. આ ચિહ્નોથી પોતાનું મરણ નીકટ જાણીને

તે દેવ ભયભીત થઈને શોક કરવા લાગ્યો. કેમકે હજી તેને સમ્યગ્દર્શન થયું ન હતું. ત્યારે સ્વર્ગના બીજા દેવોએ ધૈર્ય બંધાવતાં કહ્યું કે હે દેવ! પુણ્યફળથી પ્રાપ્ત થયેલા સ્વર્ગના અભ્યુદયમાંથી જીવનું પતન થવાનું નિશ્ચિત જ છે, માટે શોક ન કરો ને ધર્મમાં મન જોડો; જીવને ધર્મ જ પરમ શરણ છે. દેવોના એમ કહેવાથી લલિતાંગદેવે ધૈર્ય ધારણ કર્યું ને ધર્મમાં ચિત્ત લગાડયું; પંદર દિવસ સુધી તેણે સમસ્ત લોકના જિનમંદિરોની પૂજા કરી, ત્યારબાદ અચ્યુતસ્વર્ગના જિનપ્રતિમાઓનું પૂજન કરતો કરતો આયુના અંતસમયે સાવધાન ચિતે ત્યાંના ચૈત્યવૃક્ષ નીચે બેસી ગયો, અને નિર્ભયપણે હાથ જોડીને નમસ્કારમંત્રનું ઉચ્ચારણ કરતાં કરતાં તે અદ્રશ્ય થઈ ગયો, તેનો દેહ વિલય થઈ ગયો.

(હવે વજ્રજંઘ અને શ્રીમતીના ભવનું સુંદર વર્ણન આવશે.)

**વિકલ્પ આત્માને નથી પકડતો,**
**શુદ્ધપરિણતિ જ આત્માને પકડે છે.**
**વીતરાગમાર્ગની શરૂઆત વીતરાગભાવ વડે જ થાય છે.**
**રાગ વડે વીતરાગમાર્ગની શરૂઆત થતી નથી.**
**શુદ્ધપરિણતિ તે મોક્ષમાર્ગ છે,**
**રાગ તે શુદ્ધપરિણતિથી જુદી જાત છે.**
**વીતરાગ જિનદેવનું ફરમાન એ છે કે,**
**તું તારા શુદ્ધાત્માને અનુભવમાં લે; બીજું બધું છોડ.**
**મોક્ષને માટે શુદ્ધાત્મામાં પ્રવૃત્તિ એ એકજ કર્તવ્ય છે,**
**અન્ય કૃત્યનો અભાવ છે.**
**તું નિર્વિકલ્પ-આનંદનો નાથ, અરે જીવ!**
**તારે વિકલ્પનું શું કામ છે?**
**સંતોની વાત........ટૂંકી ને ટચ,**
**સ્વમાં વસ......ને પરથી ખસ.**



# વાંચકો સાથે વાતચીત

સાધર્મી પાઠકોના વિચારોને વ્યક્ત કરતો આ વિભાગ જિજ્ઞાસુઓને ગમ્યો છે; આ વિભાગ દ્વારા પાઠક અને સંપાદક વચ્ચેનો સીધો સંપર્ક આત્મધર્મને વિકસાવવામાં સહાયરૂપ થશે. બાલવિભાગના અનેક સભ્યોના પ્રશ્નો આવેલા તે પણ આ વિભાગમાં સમાવી દીધા છે. બાળકોના હૃદયમાંથી ઊઠતા પ્રશ્નતરંગો પણ કેવા પ્રેરક હોય છે–તે અહીં દેખાશે. આ વખતે, છેલ્લા બે માસમાં આવેલા લગભગ બધા પ્રશ્નો લીધા છે, હવે પછી ખાસ મહત્વના પ્રશ્નોને જ સ્થાન આપી શકીશું. –સં.

卐

**ગુણવંત જૈનઃ સોનાસણ**

પ્રશ્નઃ– મારે મોક્ષ જવું છે પણ આ સંસારથી છૂટાતું નથી, તો શું કરવું?

ઉત્તરઃ– ભાઈ, મારે પણ તમારી જેવું જ છે; આપણે મોક્ષનો ઉપાય શરૂ કરી દઈએ એટલે ઝટ સંસારથી છૂટી જઈશું.

**નવીન દામોદર મોદીઃ અમદાવાદ**

પ્રશ્નઃ– જગતમાં જેટલા અજીવ પદાર્થો છે તે બધાને પુદ્ગલ કહેવાય?

ઉત્તરઃ– ના; જે અજીવ હોય ને સાથે રૂપી પણ હોય–તેને પુદ્ગલ કહેવાય.

**નીલાબેનઃ અમદાવાદ**

પ્રશ્નઃ– સામાન્ય રીતે નિયમ છે કે, સમ્યગ્દ્રષ્ટિ જીવને બીજા ભવમાં સ્ત્રીપર્યાય દૂર થઈ જાય છે, પરંતુ 'બે સખી' પુસ્તકમાં અંજનાસતી પહેલા ભવમાં પટરાણીપદમાં આર્જિકા પાસેથી સમ્યગ્દર્શન પ્રાપ્ત કરે છે–છતાં પણ બીજા ભવમાં શા માટે સ્ત્રીપર્યાય રહી?

ઉત્તરઃ– તમારો પ્રશ્ન વ્યાજબી છે; આટલા ધ્યાનપૂર્વક વાંચન કરવા બદલ ધન્યવાદ! સમ્યગ્દર્શન સહિત કોઈ જીવ સ્ત્રીપર્યાયમાં અવતરે નહિ એ નિયમ અખંડ રાખીને ઉપરની વાતનું સમાધાન નીચેના બે પ્રકારે થઈ શકે–

( ૧ ) પૂર્વે પટરાણીના ભવમાં અંજનાએ જે સમ્યગ્દર્શન ગ્રહણ કર્યું તે દેવ–ગુરુ –ધર્મની વ્યવહાર શ્રદ્ધારૂપ વ્યવહાર સમ્યગ્દર્શન સમજવું; એને પણ સમ્યગ્દર્શન કહેવાની પદ્ધતિ પુરાણોમાં છે. અથવા–

( ૨ ) તે વખતે સમ્યગ્દર્શન પામવા છતાં પાછળથી તેની વિરાધના થઈ ગઈ હોય તોપણ આમ બને. ( એવા પણ દાખલા બને છે. )

**ભરતકુમાર બી. જૈનઃ મોટામીયા માંગરોળ ( સભ્ય નં. ૧૩૪ )**

**પ્રશ્નઃ- સુખ પ્રાપ્ત કરવાનો સરળ ઉપાય શું ?**

ઉત્તરઃ– સરળ થઈને આત્માને ઓળખવો તે; કુંદકુંદસ્વામીના શબ્દોમાં કહીએ તો–

**આમાં સદા પ્રીતિવંત બન,**
**આમાં સદા સંતુષ્ઠ ને**
**આનાથી બન તું તૃપ્ત,**
**તુજને સુખ અહો ! ઉત્તમ થશે.**

( સમયસાર ગા. ૨૦૬ )

બાળકો, આ ગાથા મોઢે કરી લેજો. જીવનમાં સદા ઉપયોગી થશે.

**વાડીભાઈ આર. શાહ વઢવાણઃ કસ્તુરચંદ પી. શાહ જોરાવરનગર**

ભગવાનના કલ્યાણકો તેમજ બીજી માહિતીઓ પ્રગટ કરવા સંબંધમાં આપની સૂચના લક્ષમાં છે, ને યોગ્ય સમયે તેમ કરીશું. બધા ગામોના જિનમંદિરોમાં પૂજન કાર્યક્રમ એકસરખો રાખવાનું શક્ય નથી; ક્યા દિવસે કઈ પૂજા કરવી તે પૂજન કરનારના ભાવઅનુસાર હોય છે.

**ઉષાબેન શાહ, : મલાડ સભ્ય નં. ૧૦૭**

આપે મોકલેલ ‘રામચરિત્ર’ અને ‘ઋષભચરિત્ર’ બંને મળ્યાં છે. આપના ધાર્મિક અભ્યાસ અને સાહિત્યપ્રેમ માટે ધન્યવાદ. હમણાં તો ઋષભદેવ ભગવાનના દશ ભવનું વર્ણન વિસ્તારથી આત્મધર્મમાં આપણે આ અંકથી જ શરૂ કરી રહ્યા છીએ, એટલે તમારા લેખો લઈ નથી શકતા.

**કમલેશઃ રાજકોટ ( સભ્ય નં. ૧૫૨ )**

કમલેશ ભૈયા ! તમે લખો છો કે મેં જીવનું ચિત્ર દોર્યું છે ! તો તે અહીં મોકલો તો ખબર પડે કે કેવુંક ચીતરામણ તમે કર્યું છે ! સુખી થવા માટે શું કરવું–એમ તમે

પૂછ્યું તેનો જવાબ માંગરોળના ભરતભાઈના જવાબમાંથી જોઈ લેશો. પણ ભાઈ! જેને ‘જીવ’ નું ચિત્ર કરતાં આવડે તેને સુખના ઉપાયની તો ખબર પડે જ.

**દીપક એમ. જૈનઃ સોનગઢ તથા યોગેશ જૈનઃ અમદાવાદ**

તમે જ્ઞાન મેળવવાની, ભગવાન થવાની ને મોક્ષમાં જવાની ભાવના લખી, તથા તે ભાવના તમે રોજ ભાવો છો–એમ લખ્યું–તે બદલ શાબાશી! તમારી બેન પાસેથી આવી સરસ ભાવના તમે શીખ્યા તે સારું કર્યું. આ ભાવનાને જીવનમાં ભૂલશો નહિ. ભારતની બધી બહેનો પોતાના ભાઈને આવી ઉત્તમ ભાવનાઓ શીખવે તો કેવું સારું! નાનપણથી જ બાળકોમાં આવી ઉત્તમ ભાવનાના સંસ્કાર રેડાશે તો તે જીવનભર તેને ઉપયોગી થશે.

**અંજનાબેન જૈનઃ સોનગઢ**

પ્રશ્નઃ– (૧) મોક્ષ પામવો હોય તો શું કરવું?

(૨) સમ્યગ્દર્શન પામવું હોય તો શું કરવું?

(૩) આત્માને ઓળખવો હોય તો શું કરવું?

(૪) સંસારમાંથી મુક્ત થવું હોય તો શું કરવું?

ઉત્તરઃ– ચારે પ્રશ્નનો એક જવાબ “સ્વસન્મુખ પરિણતિ.”–હવે વળી તમને પાંચમો પ્રશ્ન ઊઠે કે “સ્વસન્મુખ પરિણતિ કરવા શું કરવું?” તો કોઈ જ્ઞાની પાસે સાક્ષાત્ જઈને સમજી લેજો.

बडी सादडीमां सुजानमलजी मोदीजी ખાસ ઉત્સાહથી બાળકોને ધાર્મિક શિક્ષણ આપે છે. આપણા બાલવિભાગ પ્રત્યે ખૂબ જ હર્ષ વ્યક્ત કરતાં તેમણે પચીસ જેટલા સભ્યોનાં નામ લખાવી મોકલ્યા છે અને સાથે હિંદી–ગુજરાતી મિશ્ર ભાષામાં લખ્યું છે કે ‘आत्मधर्म’ का प्रकाश करके भारतभरमें कुंदकुंद–कहानकी विजयपताका फहराई....मुमुक्षु अनमोल झवेरात–मणिमय रत्न खरीद रहे है...बालविभागमें छोटा छोटा व मोटा मोटा विद्यार्थीओंको सभ्य बनाववानी योजना करीने પ્રશ્નોતર વગેરેથી પોષણ આપવાનું કર્યું તે વાંચીને અમને બડી પ્રસન્નતા થઈ છે (મોદીજીની માફક ગામેગામના વડીલો બાળકોને ધાર્મિક અભ્યાસ કરાવવા માટેની ઝુંબેશ ઉપાડે તો જૈનસમાજમાં એક નવી જ જાગૃતિ આવી જાય)

"આત્મપ્રેમી" અકલંકભાઈ: સાબલી ( સભ્ય નં. ૧૪૪ )

પ્રશ્નઃ- ( ૧ ) આત્મા એટલે શું ?

( ૨ ) આત્મા કેવડો હશે ?

( ૩ ) આત્મા કેમ દેખાતો નથી ?

( ૪ ) આત્માને દેખવા માટે કઈ વિદ્યા પ્રાપ્ત કરવી પડે ? પ્રશ્ન સરસ છે;

ઉત્તરઃ- ( ૧ ) આત્મા એટલે આપણે પોતે.

( ૨ ) આત્મા તો બહુ મોટો, સિદ્ધભગવાન જેવડો છે.

( ૩ ) સમ્યગ્જ્ઞાનરૂપ વિદ્યા નથી માટે આત્મા દેખાતો નથી.

( ૪ ) જ્ઞાની પાસેથી સમ્યગ્જ્ઞાન વિદ્યા ભણતાં આત્માને દેખી શકાય છે. ને એવી વિદ્યા ભણીને આત્માને ઓળખવો-એ આપણા જીવનનું કર્તવ્ય છે.

**આકોલાથી ( સભ્ય નં. ૭૯ ) શૈલાબેન લખે છે-**

મને ધર્મનો ઘણો રસ છે, રોજ હું ધર્મનો અભ્યાસ કરું છું.-બેન ! તમને ધન્યવાદ ! તમારી જેમ આપણા બધા ભાઈ-બેનો નાનપણથી જ ધર્મમાં રસ લ્યે ને ધર્મનો અભ્યાસ કરે તે માટે જ આપણો 'બાલવિભાગ' છે. ઘણા વડીલો પણ ઉત્સાહપૂર્વક બાલવિભાગના વિકાસમાં સાથ આપી રહ્યા છે, તે હર્ષની વાત છે.

તમારો પ્રશ્નઃ- મિથ્યાત્વ એટલે શું ?

ઉત્તરઃ- મિથ્યાત્વ એટલે જીવને ઘણું જ દુઃખ આપનાર તેનો મોટો શત્રુઃ સમ્યક્ત્વની સાથે ભાઈબંધી કરતાં તે મિથ્યાત્વનો નાશ થાય છે. સમકિત સમાન મિત્ર નથી ને મિથ્યાત્વ સમાન શત્રુ નથી. માટે સમ્યક્ત્વરૂપી મિત્રની ભાઈબંધી કરવી.

**ચેતનાબેન જૈનઃ સોનગઢ**

પ્રશ્નઃ- ચૈતન્ય દ્રવ્યમાં અનંત ગુણરત્નોના દરિયા ઊછળે છે તો તે કઈ દ્રષ્ટિથી દેખાય ?

ઉત્તરઃ- અંતરની જ્ઞાનદ્રષ્ટિથી દેખાય; પોતે જ પોતાને દેખવા માટે જુદું સાધન હોતું નથી.

પ્રશ્નઃ- મારા આત્માની ચેતના, અને મારું નામ 'ચેતના' તે બેને કેટલો સંબંધ ?

ઉત્તરઃ- પહેલી ચેતના ચેતન, ને બીજી 'ચેતના' જડ; એ બંનેનો એકબીજામાં અભાવ હોવા છતાં માત્ર સંયોગસંબંધ છે, અથવા વાચ્ય-વાચક સંબંધ છે.

**મીનાબેન જૈન : સોનગઢ**

પ્રશ્નઃ– ( ૧–૨ ) સંસારી જીવ દુઃખી કેમ છે ? તેનાથી કેમ છૂટે ?

ઉત્તરઃ– પરની રુચિ કરે છે માટે દુઃખી છે; આત્માની રુચિ કરે તો દુઃખથી છૂટે.

પ્રશ્નઃ– ( ૩ ) આત્માની રુચિ કેમ થાય ?

આત્મસ્વરૂપ જેણે અનુભવ્યું છે એવા સન્તોને ઓળખીને તેમની સેવા કરવાથી આત્મરુચિ થાય.

પ્રશ્નઃ– ( ૪ ) સિદ્ધ ભગવાનનું સ્વરૂપ કેમ દેખાય ?

આત્મરુચિ કરીને નિજસ્વરૂપને દેખતાં સિદ્ધનું સ્વરૂપ દેખાય.

**સુમતિબેન જૈનઃ સોનગઢ**

પ્રશ્નઃ– તીર્થંકર પ્રકૃતિ બાંધનાર મહાન આત્માથી ભક્તોને લાભ થાય ને ?

ઉત્તરઃ– તે આત્માને પોતે ઓળખે અને તેમના જેવી આરાધના પોતે પ્રગટ કરે તો જરૂર લાભ થાય.

शरदकुमार जैन : उज्जैन

प्रश्नः– आत्माकी प्राप्तिका सुगम उपाय क्या है ?

ઉત્તરઃ– જગત સંબંધી કોલાહલ છોડીને, જ્ઞાની કહે છે તે રીતે અંતરમાં છ માસ સુધી આત્મસ્વભાવનો અભ્યાસ કરતાં જરૂર આત્મપ્રાપ્તિ થાય છે. ચાલો, આ ક્ષણથી જ એ પ્રયત્ન શરૂ કરી દઈએ.–તો છ માસ પણ નહિ લાગે.

**બિપિન એન. જૈનઃ હિંમતનગર ( સભ્ય નં. ૩૮ )**

બાલ વિભાગમાં પ્રશ્ન તરીકે આપે ગણિતનો કોયડો મોકલ્યો; તેમાં શેઠનો એક રૂા. ખોવાયો છે તે શોધી આપવાનું પૂછયું; શેઠનો રૂપિયો તો શેઠની પાસે જ છે; પરંતુ ભાઈશ્રી, આપણો બાલવિભાગ કાંઈ શેઠનો રૂપિયો શોધવા માટે નથી. આપણો બાલવિભાગ તો આત્માને શોધવા માટે છે. આત્માને શોધવામાં ઉપયોગી થાય એવું લખાણ મોકલો. એકલા ગણિતને લગતા પ્રશ્નો બાલવિભાગ માટે ઉપયોગી નથી; વળી બાલવિભાગના બધા સભ્યો કાંઈ ગણિત ભણેલા નથી, ઘણાય બાળકો તો હજી સાવ નાના છે.

**સભ્ય નં. ( ૩૧ ) ને માલુમ થાય કે,**

આપે બંધનાં નિમિત્તકારણ વગેરે સંબંધી બે પ્રશ્નો પૂછયા; પરંતુ ભાઈશ્રી! આપણા બાલવિભાગના તદ્દન સહેલા ત્રણ પ્રશ્નોના ઉત્તરમાં “જીવ કોને કહેવો” તે સંબંધી પણ તમારી વ્યાખ્યા બરાબર નથી; માટે થોડો વખત આપ બાલવિભાગનો ચીવટપૂર્વક અભ્યાસ કરો, ને પછી આપ સરસ મજાના પ્રશ્નો લખી મોકલજો. ( અને બંધના નિમિત્તની તપાસ કરવા કરતાં પ્રથમ મોક્ષના સાધનની શોધ કરશો તો વધુ લાભ થશે. )

**ઘનશ્યામકુમાર જૈન : લાતુર**

પ્રશ્નઃ– વિજ્ઞાનયુગના લોકો માને છે કે ચંદ્રલોકમાં કંઈ જ નથી, પરંતુ જૈનધર્મના લોકો માને છે કે ત્યાં દેવો વસે છે, તો આમાં સાચું શું?

ઉત્તરઃ– જૈનધર્મ કહે છે તે સાચું. આધુનિક વિજ્ઞાન અપૂર્ણ છે અને તે પોતે જ સ્વીકારે છે કે અમારો અભિપ્રાય એ છેવટનો અભિપ્રાય નથી, નવી નવી શોધ થતાં તેનો અભિપ્રાય બદલ્યા કરે છે. જૈન સિદ્ધાંતનું કથન એ સર્વજ્ઞદેવે જાણેલું છે. ચંદ્રલોકમાં પહોંચવા બાબત પૂછયું તો જણાવવાનું કે, આત્માનું જ્ઞાન કર્યા વિના શુભ ભાવ કરીને જે જીવ જ્યોતિષી દેવનું આયુષ બાંધે તે જીવ જરૂર ચંદ્રલોકમાં પહોંચી શકે. અને ત્યાં પહોંચતાં તેને સેકંડથી પણ ઘણો ઓછો સમય લાગે. ત્યાં સરસ મજાના જિનમંદિરો વગેરે છે. પરંતુ એટલું ધ્યાન રાખજો કે જે મનુષ્ય સમ્યગ્દ્રષ્ટિ–ધર્માત્મા છે તે કદી ચંદ્રલોકમાં જતા નથી. ( વળી તમને જાણીને આશ્ચર્ય થશે કે આ વિશ્વમાં ચંદ્ર એક જ નથી, પણ અસંખ્યાતા ચંદ્ર છે. અત્યારના વિજ્ઞાનીઓ માને છે તેના કરતાં વિશ્વ ઘણું ઘણું મોટું છે. )

**જયશ્રી બહેન : રાંચી**

તમારો પ્રશ્ન ઘણા દિવસથી આવેલ; આધુનિક વિજ્ઞાન સંબંધમાં અમને વિશેષ માહિતી ન હોવાથી તેના ઉત્તર સંબંધી વિશેષ સ્પષ્ટીકરણ મેળવવા માટે તે પત્ર મુંબઈ મોકલેલ, પરંતુ તે પત્ર તથા તેનો ઉત્તર વિલંબથી પ્રાપ્ત થયેલ છે. તેથી તે પ્રશ્ન અને ઉત્તર આગામી અંકમાં આપીશું. કેમકે તેની સાથે કેટલાક ચિત્રો પણ આપવા પડશે.

બેંગલોરનાં ભારતીબેન ( સભ્ય નં. ૧૩૨ ) લખે છે કે મને બાલવિભાગ બહુ ગમે છે, મને ગુરુદેવ બહુ ગમે છે; ને મારે ભગવાન થવું છે તો શું કરવું? બેન! ઝટ ઝટ

મોટા થઈ, સોનગઢ આવી, ધર્માત્માનો સત્સંગ કરી, આત્મજ્ઞાન પ્રાપ્ત કરી, સ્ત્રીપર્યાય છેદી, દેવલોકનો અવતાર પૂરો કરી, ઉત્તમ મનુષ્ય થઈ, આરાધનાની ઉગ્રતા કરી, રત્નત્રયધારી મુનિ થઈ, ક્ષપકશ્રેણી માંડીને કેવળજ્ઞાન પ્રગટ કરો.–ઓછામાં ઓછું આટલું કરો ત્યારે ભગવાન થવાશે–તો હવે આમાંથી એક પછી એક વસ્તુ જલ્દી કરવા માંડો.

**∗ બાલ બંધુઓ,**

તમને સૌને "દર્શનકથા" નામનું ભેટપુસ્તક મોકલ્યું છે. વૈશાખ સુદ બીજ સુધીમાં જેટલા સભ્યો થયા તે બધાયને પુસ્તક ભેટ મોકલ્યું છે; તથા બધાયના નામ પણ આ આત્મધર્મમાં આવી ગયા છે. આમ છતાં–

( ૧ ) જો તમે તમારું નામ બાલવિભાગના સભ્ય તરીકે મોકલ્યું હોય ને હજી સુધી તમારું નામ છપાયું ન હોય તો ફરી લખી મોકલો. ( એટલે તમારું નામ છાપીશું ને ભેટપુસ્તક પણ મોકલીશું. )

( ૨ ) તમારું નામ છપાયું હોય પણ ભેટપુસ્તક ન મળ્યું હોય તો પહેલી તારીખ પછી અમને જણાવો. ( સભ્ય નંબર સહિત પૂરું સરનામું લખો. )

( ૩ ) તમે હજી સુધી સભ્ય ન થયા હો ને હવે થવા માંગતા હો તો થઈ શકાય છે. ( હવે 'દર્શનકથા' નાં ભેટપુસ્તક સીલકમાં નથી; કોઈ નવું ભેટપુસ્તક બહાર પડશે ત્યારે બધાને મોકલીશું. )

સરનામું

સંપાદકઃ "આત્મધર્મ બાલ–વિભાગ

સોનગઢ" ( સૌરાષ્ટ્ર )

'દર્શનકથા' નું ભેટપુસ્તક વાંચીને તમે પણ હરરોજ જિનેન્દ્રભગવાનનાં દર્શન કરવાની ટેવ પાડજો....જીવનમાં જિનેન્દ્રભગવાનને કદી ભૂલશો મા. તમારા મિત્રોનેય એ વાર્તા વંચાવજો.

**જયેશ જૈન : અમદાવાદ ( સભ્ય નં. ૩૭૨ )**

તમારું ઉખાણું મળ્યું, તે સારું છે, પરંતુ 'આત્મધર્મ' માં છાપી ન શકાય. નવીન લખી મોકલજો.

**અમદાવાદના સુધીરભાઈ લખે છે કે,**

'જ્યારથી આત્મધર્મમાં બાલવિભાગની શરૂઆત કરી છે ત્યારથી હું ધર્મમાં વધુ રસ લઈ રહ્યો છું.'–તમને ધન્યવાદ! અને હજી ઉત્સાહથી ખૂબ આગળ વધો.

**ખેડબ્રહ્માના ગુણવંતલાલ જૈન પણ પોતાનો આનંદને ઉત્સાહ વ્યક્ત કરે છે;**

અને લખે છે કે અમારા ગામમાં દિ. જિનમંદિર નથી તોપણ રોજ ભગવાનને યાદ કરીને દર્શન કરીએ છીએ. ભાઈ, તમારા ગામમાં જિનમંદિર વેલુંવેલું થાય–એવી ભાવના ભાવીએ. ભગવાનના વિરહમાં રોજ ભગવાનને યાદ કરો છો તે બહુ સારુ છે.

**કૈલાસ એમ. જૈન : જામનગર ( સભ્ય નં. : ૬૬ )**

તમે લખી મોકલેલી પ્રાર્થના અહીં છાપી છે–

સર્વજ્ઞ પ્રભુ દેવાધિદેવ છો,
સાધકના આધાર પ્રભુ તમે છો;
ભવસાગરમાં નાવ અમારી
પાપ–પુણ્યમાં ડગમગ ડોલે...
નાવીક થઈ તમે પાર ઉતારો.....સાધકના૦
તમે છો ત્યાગી, તમે વિરાગી,
અરજ સૂણજો હે વીતરાગી,
જનમ–મરણના ફેરાને ટાળો....સાધકના૦
જો તુમ પધારો અમ અંતરમાં,
તો અમે જઈએ મુક્તિનગરમાં,
આનંદ માણીએ અમ સ્વરૂપમાં....સાધકના૦

**નરેશ જે. જૈન ( સભ્ય નં. ૩૦૦ )**

સમ્યગ્દ્રષ્ટિ વંદનાનું કવિ દીપચંદજીનું જે પદ તમે 'રત્નસંગ્રહ' માંથી ઉતારીને લખી મોકલ્યું તે પદ સારું છે; લગભગ આસો માસમાં છાપીશું. પરંતુ ભાઈશ્રી, આવું પદ જ્યાંથી ઉતાર્યું હોય તેનું નામ લખવું જોઈએ, તથા તેમાં ફેરફાર કરીને પોતાનું નામ ઘૂસાડી દેવું ન જોઈએ. સાહિત્યની નીતિનો આ નિયમ સૌએ ધ્યાનમાં રાખવા જેવો છે.

તમારો પ્રશ્ન–શ્રીકૃષ્ણ અત્યારે ક્યાં છે ને શું કરે છે?

ઉત્તરઃ– શ્રીકૃષ્ણ આપણા નેમિનાથતીર્થંકરના પીતરાઈ ભાઈ હતા; તેઓ અત્યારે ચોથા ગુણસ્થાનમાં છે, ને સમ્યગ્દર્શનવડે આત્માની આરાધના કરી રહ્યા છે ને હવે પછીના ભવમાં તેઓ ભરતક્ષેત્રમાં તીર્થંકર થઈને મોક્ષમાં પધારશે–તે ભાવિતીર્થંકરને નમસ્કાર હો.

**દીપક જૈન : દિલ્હી ( સભ્ય નં. ૧૧૭ )**

પ્રશ્નઃ– આપણે નમસ્કારમંત્રમાં પહેલાં અરિહંત ભગવાનને કેમ નમસ્કાર કરીએ છીએ ? સિદ્ધભગવાનને પહેલાં કેમ નથી કરતા ?

ઉત્તરઃ– અરિહંતદેવ હજી સદેહે મનુષ્યપણે બિરાજમાન છે અને દિવ્યધ્વનિ વગેરે દ્વારા વિશેષ ઉપકાર કરે છે, તેથી તેમને નમસ્કારમંત્રમાં પ્રથમ નમસ્કાર કર્યા છે. આમ છતાં બધે ઠેકાણે આવો જ ક્રમ હોવો જોઈએ એવો કોઈ નિયમ નથી. સમયસારમાં કુંદકુંદસ્વામીએ સિદ્ધભગવાનને નમસ્કાર કરીને શરૂઆત કરી છે. षट्खंडागम પુસ્તક ૮ માં વીરસેનસ્વામીએ પહેલાં સાધુને, પછી ઉપાધ્યાયને, પછી આચાર્યને, પછી અરિહંતને અને પછી સિદ્ધને–એ રીતે નમસ્કાર કર્યા છે. પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી વગેરે ગમે તે ક્રમથી પંચપરમેષ્ઠી ભગવંતોને નમસ્કાર કરી શકાય છે, તેમાં કોઈ દોષ નથી.

**લલિત જૈન ( સ. નં. ૧૬૯ ) જોરાવરનગરથી લખે છે કે-**

આત્મધર્મ હું હંમેશ વાંચું છું, શૈલી અલૌકિક છે, વાંચતાં જાણે એમ લાગે છે કે પૂ. ગુરુદેવનું પ્રવચન પ્રત્યક્ષ સાંભળીએ છીએ.

પ્રશ્નઃ– વાચ્ય–વાચક તથા દ્યોત્ય–દ્યોતક સંબંધ–તે બંનેમાં શું તફાવત ?

ઉત્તરઃ– સામાન્યપણે બંને સમાન અર્થમાં વપરાય છે. ( બાલવિભાગના નાનકડા સભ્યોને આવા પ્રશ્નો અઘરા લાગે, બધા બાળકોને આનંદથી સમજાય–તેવા પ્રશ્નો ઉપર વિશેષ લક્ષ આપીશું. )

**દામોદર હંસરાજ જૈન ( અમદાવાદ ) લખે છે** કે બાલવિભાગ વાંચી ઘણો આનંદ થયો છે. આપે આત્મધર્મમાં બાલવિભાગ ખોલ્યો તેથી બાળકો ખૂબ જ સારી

રીતે રસ લેશે ને આગળ વધશે....એ જૈનધર્મની પ્રભાવનાનું કારણ છે....બાળકો દિન પ્રતિદિન ધર્મમાં આગળ વધે એવી હાર્દિક ભાવના છે.

વિશેષમાં તેઓ લખે છે કે–સમ્યગ્દર્શન પામવા માટેની સરળ ચાવી લખી મોકલશો. –ભાઈશ્રી! એવી ચાવી ગુરુદેવ હંમેશા પોતાના પ્રવચનમાં દેખાડી જ રહ્યા છે. આપણે તે ચાવી લાગુ કરીને તાળું ખોલી નાંખીએ–એટલી જ વાર છે!

**નરસિંહદાસ પી. જૈન**

આપના વિચારો વ્યક્ત કરતો લેખ 'બાલવિભાગ' માટે આપે લખી મોકલ્યો; પરંતુ બાળકોને માટે આ શૈલિ અનુકૂળ ન આવે, તેમજ 'આત્મધર્મ' ની શૈલિને પણ અનુરૂપ નથી. 'બાલવિભાગ' માં બાળકોના હૃદયના તરંગો વ્યક્ત થાય તે વધુ ઈચ્છનીય છે.

"દર્શનકથા" નું ભેટપુસ્તક ન મળવા સંબંધમાં અનેક બાળકોના પત્ર આવેલ છે. બંધુઓ, તમારી વાત સાચી છે, અમે ચૈત્ર સુદ બીજ સુધીમાં પુસ્તકો મોકલી દેવાની જાહેરાત કરી હતી. પરંતુ તે પુસ્તકો અમે મોકલી શક્યા ન હતા, તેથી તમારી ફરિયાદ આવે તે બરાબર છે. અમારી વ્યવસ્થાની આ ભૂલ હતી, તે બદલ દિલગીર છીએ. હવે તમામ સભ્યોને દર્શનકથા પુસ્તક મોકલાઈ ગયું છે; અને વૈશાખ સુદ બીજ સુધી જેટલા સભ્યોનાં નામ આવ્યા હશે તે બધાયને દર્શનકથા પુસ્તક મોકલવામાં આવશે. આ લખાણ તમે વાંચો ત્યાંસુધીમાં જો તમને ભેટપુસ્તક ન મળ્યું હોય તો પહેલી તારીખ પછી ફરીને અમને લખવા વિનંતિ છે. આપણા બાલવિભાગનું સોનગઢનું સરનામું તો હવે તમને મોઢે જ હશે. (તમારો સભ્ય નંબર અને પૂરું સરનામું જરૂર લખજો. અધૂરા સરનામાને કારણે ઘણાના પુસ્તકો પાછા આવ્યા છે.)

**વાડીલાલ આર. શાહ : વઢવાણ**

પ્રશ્નઃ– ઇન્દ્રો મેરુપર્વત ઉપર તીર્થંકર ભગવાનનો જન્માભિષેક ક્ષીરસમુદ્રના જળથી કરે છે, તે જળ સચેત હશે કે અચેત?

ઉત્તરઃ– ક્ષીરસમુદ્રનું જળ ત્રસ જીવોથી રહિત હોય છે; તેમાં જલકાયિક એકેન્દ્રિય જીવો હોય છે.

**દીપક જૈન દિલ્હી ( સભ્ય નં. ૧૧૭ )**

તમે એક વાત લખી તે અમને બહુ ગમી; તમે લખો છો કે–“ભગવાનના કલ્યાણક દિવસે બહુ આનંદ થાય છે, તે દિવસે તે ભગવાનની પૂજા અને આરતિ કરું છું. તેમજ **સવારે તે ભગવાનનું નામ લઈને મારા પૂ. બા મને જગાડે છે.**”–તમને આવા બા મળ્યા તે બદલ તમે ભાગ્યશાળી છો. ભારતની બધી માતાઓ પોતાનાં બાળકોને આવા મજાના સંસ્કાર આપે તો કેવું સારું!

તમે માટી, ઘડો ને કુંભારનો પ્રશ્ન પૂછયો, પરંતુ–ભાઈશ્રી, માટીમાંથી ઘડો બને કે ન બને તેનું આપણે કામ નથી, આપણે તો આત્મામાંથી પરમાત્મા બનવાનું કામ છે. આત્મામાંથી પરમાત્મા કેમ થવાય ને તેમાં કેવા દેવ–ગુરુ નિમિત્ત હોય તે આપણે જાણવાનું છે. દિલ્હીમાં મહાવીરજયંતિ ધામધૂમથી ઉજવાય છે તે સમાચાર તથા તે દિવસની તમારી ભાવના જાણી.–ધન્યવાદ!

અશોક જૈન ( જામનગર ) ઉત્સાહ વ્યક્ત કરતાં લખે છે કેઃ–

આવા સરસ વિચારો હું ‘આત્મધર્મ’ માં વાંચી ઘણો ખુશી થયો.....તમે બાળકોને આગળ વધારવા કેટલી તમન્નાથી કામ કરો છો! આ જોઈ અમને બધાને ખૂબજ આનંદ થયો છે. ને આત્મધર્મમાં આટલા બધા બાળકોનો ઉત્સાહ જોઈને હું પણ બાલવિભાગમાં નામ લખાવું છું. ( ભાઈશ્રી, તમે વાર્તા મોકલવા જણાવ્યું તો બે ત્રણ મહિના પછી મોકલો તો સારું; હમણાં તો બાલવિભાગમાં બહારનું લેવાનો ખાસ અવકાશ નથી. )

**જામનગરના એક ભાઈ લખે છે-**

“હું બાલવિભાગમાં ‘ભરતી’ થાઉં છું......મારું નામ ‘આત્મધર્મ’ માં ભરતી કરશે” ભાઈશ્રી, આપણો બાલવિભાગ એ કાંઈ લશ્કર નથી કે તેમાં ભરતી કરવાનું હોય. હમણાં તમારા ગામને લશ્કરી ઉથલપાથલનો અનુભવ થઈ ગયો તેથી લશ્કરની જેમ તમે પણ ‘ભરતી’ થવાની ભાષા વાપરી લાગે છે! આત્મધર્મના બાલવિભાગના સભ્યોમાં આપનું નામ દાખલ કર્યું છે.

**ભરત એચ. જૈન-મુંબઈથી લખે છે કે-**

“આપનું આત્મધર્મ અમે નિયમિત રસ પુર્વક વાંચીએ છીએ, અને ખાસ કરીને

અમે કોલેજમાં હોવા છતાં બાલવિભાગના પ્રશ્નોતરમાં ખૂબ રસ પડે છે.” ભાઈશ્રી, આપની જેવા કોલેજિયન બંધુઓ જૈન–તત્ત્વજ્ઞાનમાં રસ લ્યે ને બાલવિભાગના સભ્ય થાય તેને અમે ખુબ જ પ્રેમથી આવકારીએ છીએ. તમારા બધા કોલેજમિત્રોનેય સભ્ય બનાવી દો.

**દીપક અને રાજેન્દ્ર જૈન : વડોદરા**

તમે લખો છો કે મારે ભગવાન થવું છે ને રોજ સવારમાં ભગવાનના દર્શન કરીને પછી બીજા કામ કરશું. તથા સોનગઢમાં અમને ઘણી જ મજા પડી ભૈયા! તમારી ભાવના બદલ ધન્યવાદ! સોનગઢમાં તો કોને મઝા ન પડે? સૌને મજા આવે; –કેમકે “જ્યાં જ્ઞાની વસે ત્યાં સૌને ગમે.”

પ્રશ્નઃ– રાવણનું નામ ‘દશાનન’ તથા ‘રાવણ’ શાથી પડયું?

ઉત્તરઃ– ‘દશાનન’ એટલે દશ મસ્તકવાળો; રાવણ નવ મણિવાળો એવો ઉતમ હાર પહેરતો કે તેમાં તેના મુખના નવ પ્રતિબિંબ દેખાતા, તથા દશમું મૂળ મસ્તક, એ રીતે દશ મસ્તક દેખાવાને કારણે તેને ‘દશાનન’ કહ્યો. રાવણને માથું તો એક જ હતું, પણ તે મહાન વિદ્યાધર હોવાથી દશ માથા કરવા હોય તો કરી શકે ખરા; અને એનું નામ ‘રાવણ’ પડવા સંબંધમાં ‘પદ્મપુરાણ’ માં એમ આવે છે કે–એકવાર તે કૈલાસપર્વત ઉપરથી પસાર થયો હતો ત્યાં વાલી મુનિરાજના પ્રભાવથી તેનું વિમાન થંભી ગયું; તેથી ક્રોધિત થઈને તેણે વિદ્યાબળે તે મુનિ સહિત આખો કૈલાસપર્વત ઉખેડીને દરિયામાં ફેંકી દેવાની ચેષ્ટા કરી. પર્વત નીચે જઈને પર્વતને ડગાવવા લાગ્યો ત્યાં કૈલાસ પર ભરત ચક્રવર્તીએ બંધાવેલા રત્નમય જિનમંદિરોની રક્ષાના વિકલ્પથી વાલી મુનિએ અંગુઠા વડે પર્વતને દબાવ્યો, ત્યાં પર્વત નીચે રાવણ પણ દબાયો ને રુદન કરવા લાગ્યો તેથી તેનું નામ રાવણ પડયું! પછી પોતાની ભૂલના પશ્ચાત્તાપથી રાવણે ક્ષમા માંગી ને કૈલાસ ઉપરના જિનાલયમાં જિનેન્દ્રદેવની ઘણી જ ભક્તિ કરી.

પ્રશ્નઃ– રાવણ સીતાજીને હરી ગયો ત્યારે સીતાજીની શક્તિ ક્યાં ગઈ?

ઉત્તરઃ– રાવણે સીતાજીનું હરણ કર્યું તે પ્રસંગનું વર્ણન પણ જાુદી જાુદી શૈલિથી જોવામાં આવે છે. મહાપુરાણમાં એમ આવે છે કે રાવણે જ્યારે સીતાનું હરણ કર્યું ત્યારે તેણે રામનું રૂપ ધારણ કર્યું હતું, એટલે સીતાને ખબર ન હતી કે આ રામ નથી પણ રાવણ છે. વળી રાવણ પ્રતિવાસુદેવ (અર્ધચક્રવર્તી) હતો એટલે લક્ષ્મણ–વાસુદેવ સિવાય બીજાું કોઈ તેને જીતી ન શકે. રાવણનું મૃત્યુ લક્ષ્મણના હાથે થયું હતું, રામના હાથે નહિ.

તમારા પ્રશ્નોના ઉત્તરમાં બીજી ઘણી વાતો લખી શકાય તેમ છે, પરંતુ આ વિભાગમાં વધુ વિસ્તાર થઈ શકે તેમ નથી. વધુ વિસ્તારથી લખવા બેસીએ તો આખું પુરાણ લખવું પડે. હા, રાવણ સંબંધમાં એક વાત જાણવી જરૂરી છે કે તેણે એક મુનિરાજ પાસે એવી પ્રતિજ્ઞા લીધી હતી કે કોઈ પણ સ્ત્રી ઉપર તેની ઈચ્છા વિરુદ્ધ બળાત્કાર કરવો નહિ. અને, સીતાનું હરણ કર્યા પછી પણ રાવણ મહારાજાએ પોતાની એ પ્રતિજ્ઞાનું દ્રઢપણે પાલન કર્યું હતું.

નીલાબેન, તરુણબેન : અમદાવાદ, તમે મોકલેલ ધર્મનો કક્કો તથા ૧૧ થી ૨૦ ના અંક અને કાવ્ય મળેલ છે. તેમાંથી સારું લાગશે એટલું લઈશું.

એક ભાઈ–આપનો નામ વગરનો પત્ર મળ્યો. પત્રકારત્વના નિયમ અનુસાર કોઈપણ પત્રમાં કે લેખમાં લેખકે પોતાનું નામ જણાવવું જરૂરી છે. પછી,–ભલે તે પ્રસિદ્ધ ન કરવું હોય. બાલવિભાગ પ્રત્યે મમતા બતાવીને આપે લખ્યું કે બાળકોને તેનાથી ખૂબજ પ્રેરણા મળે છે અને સભ્યોની સંખ્યા જોતાં બાળકોનું ખાસ પત્ર નીકળે એવો પ્રસંગ આવશે. ભાઈ, આવા અધ્યાત્મ જૈનધર્મમાં હજારો બાળકો નાનપણથી જ રસપૂર્વક ભાગ લ્યે, તેમના ધાર્મિક સંસ્કારો દ્રઢ થાય ને ખાસ બાળકો માટે જ ધાર્મિક પત્રો કાઢવા પડે–એવી જાગૃતિ જૈનસમાજમાં આવે એ તો આપણી ભાવના છે; એવો પ્રસંગ આવે એના જેવું ઉત્તમ શું ?

આત્મધર્મ પાક્ષિક બને તો વધુ જાગૃતિનું કારણ થાય–એમ આપે જણાવ્યું; આ ભાવના ઘણા જિજ્ઞાસુઓની છે. અત્યારે જૈનસમાજના મુખ્ય–મુખ્ય બધા પ્રત્રો સાપ્તાહિક છે. એ દ્રષ્ટિએ આત્મધર્મનું માસિક પ્રકાશન ઘણું લાંબું પડે છે, પાક્ષિક થાય તો જરૂર વિશેષ પ્રચારનું કારણ થાય. આ બાબત માનનીય પ્રમુખશ્રીની પણ ભાવના હતી. આ સંબંધમાં જિજ્ઞાસુઓએ પ્રમુખશ્રી, જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ–સોનગઢને લખવું જોઈએ તેમનો આદેશ થતાં તુરત આત્મધર્મનું પાક્ષિક–પ્રકાશન થઈ શકે.

તમે શરીરને દુષ્ટ કહીને એનાથી ચેતવાનું લખ્યું પરંતુ ભાઈશ્રી, એ તો બિચારું જડ છે; તેના અંગે આત્મા દુષ્ટ પરિણામ કરે તો તેમાં એનો શો વાંક ? અને તેમાં જ રહીને આત્મા જો મોક્ષનું સાધન કરે તો પણ તે કયા ના પાડે છે ? એ તો જે મોહ પરિણામ કરે તેને મોહ પરિણામમાં નિમિત્ત થાય ને જે મોક્ષનું સાધન કરે તેને મોક્ષ સાધનમાંય નિમિત્ત થાય. શરીરમાં રહીને જીવે શું કરવું તે તો પોતાને આધીન છે.

શૈલાબેન ( આકોલા ) લખે છે કે અમે મહારાષ્ટ્રમાં રહીએ છીએ, માંગીતુંગી તીર્થ મહારાષ્ટ્રમાં આવેલું છે ને ત્યાંથી શ્રી રામ–હનુમાન વગેરે મોક્ષ પામ્યા છે તે જાણીને ખુશી થયા છીએ. મહારાષ્ટ્રમાં માંગીતુંગી ક્યાં આવેલું છે તે જાણવાની જિજ્ઞાસા થાય છે તો જણાવશો.

ઉત્તરઃ– બોમ્બે–નાગપુર રેલ્વે લાઈન પર મનમાડ સ્ટેશનથી બસદ્વારા સટાણા થઈને તારાબાગ ઉતરવું; ત્યાંથી છ માઈલ બેલગાડી દ્વારા માંગીતુંગી જવાય છે. સૌરાષ્ટ્રમાંથી જવા માટે સુરત થઈ નવાપુર સ્ટેશન ઉતરી, ત્યાંથી બસદ્વારા શાકરી–પીપરનેર થઈને દશવેલ ઉતરવું; દશવેલથી બેલગાડીદ્વારા ચાર માઈલ માંગીતુંગી જવાય છે. મુંબઇથી જવા માટે નાશીકથી બસ મારફત તારાબાગ અથવા દશવેલ જવું ત્યાંથી બેલગાડી દ્વારા જવાય છે. નંદરબાર અમલનેર ટ્રેઈનમાં ધૂલીયાથી બસમાં દશવેલ ઉતરવું. વિશેષ માહિતી જે સ્ટેશનથી પ્રવાસ કરવાનો હોય ત્યાંથી મેળવી લેવી. માંગીતૂંગી પહાડ સુંદર છે, તેનું ચઢાણ જરા કપરું છે. તેની યાત્રાનું વિશેષ વર્ણન મંગલ તીર્થયાત્રા પુસ્તકમાંથી વાંચતા પ્રસન્નતા થશે.

## બીજા એક કોલેજિયન બંધુ લખે છે-

( આત્મધર્મના ગતાંકમાં આપણા બાલવિભાગના સભ્ય નંબર ૬ નો પત્ર પ્રગટ થયો હતો. એવા જ બીજા એક ઉત્સાહી કોલેજીયન બંધુ તરફથી અમને લખાણ મળ્યું છે. તે ફત્તેપુરવાળા ચેતનકુમાર છોટાલાલ મહેતા તેઓ અમદાવાદની કોલેજમાં ફર્સ્ટ બી. ફાર્મમાં અભ્યાસ કરે છે. વીતરાગમાર્ગની પ્રભાવના માટે તેમને તમન્ના છે. તેમના લખાણમાંથી કેટલુંક અહીં આપ્યું છે–જે અમારા બીજા કોલેજિયન બંધુઓને પણ પ્રેરણાકારી થશે. –સં.

**ક હે વ તો................**

**જુની.......... અને.......... નવી**

( ૧ ) મન હોય તો માળવે જવાય......
મુમુક્ષુતા હોય તો મોક્ષે જવાય

( ૨ ) નાચવું ન હોય એટલે કહે કે આંગણું વાંકુ.....
પુરુષાર્થ કરવો નથી એટલે પંચમ આરાનું બહાનું કાઢે છે.

( ૩ ) પ્રસૂતિની પીડા વંધ્યા ક્યાંથી જાણે ?
આત્મિક આનંદના વેદનને અજ્ઞાની ક્યાંથી જાણે ?

(૪) દાળ બગડી તેનો દિવસ બગડયો.....

ભાવ બગડયા તેનો ભવ બગડયો.

(૫) અરીસામાં તો જેવું હોય તેવું ઝળકે....

જ્ઞાનમાં તો જ્ઞેયપદાર્થો જેવા હોય તેવા જણાય.

(૬) પડી પટોળે ભાત.....ફાટે પણ ફીટે નહિ.....

લાગ્યો આત્મિક રંગ.....મરે પણ મીટે નહિં.

(૭) કમળો થયો હોય તે પીળું દેખે.....

ઊંધી દ્રષ્ટિવાળો પરને પોતાનું માને.

* * *

## નાપાસ થયો ત્યારે........!

સ્વનું તત્ત્વજ્ઞાન ભૂલી, પરમાં રચ્યા પચ્યા રહી, દુઃખનું વેદન કરતાં, ઉપયોગી છે તે નહિ ભણતાં, જે રસ કેળવવા જેવો છે તેની કેળવણી ન લેતાં, આકુળતાથી ઊજાગરા કરી કરીને નહિ ભણવાનું ભણતાં, અથક પ્રયત્ને પણ જ્યારે પુણ્યની કચાશને કારણે પરીક્ષામાં નિષ્ફળતા મળી ત્યારે મને મારી ભૂલ સમજાઈ......જેટલો પ્રયત્ન આમાં કર્યો એટલો પ્રયત્ન સમ્યગ્જ્ઞાનવિદ્યા વડે આત્માને જાણવા માટે કર્યો હોત તો ?

મિત્રો, એટલું તો ચોક્કસ છે કે આત્મિક જ્ઞાનના અભ્યાસ વગરનું જે જીવન જાય છે તે જ રીતે જો જીવન પસાર થઈ જાય તો જીવન નિષ્ફળ છે. જીવનની સફળતા આત્મિક જ્ઞાનની વિદ્યા વડે જ છે. જીવનની જેટલી ક્ષણ આત્મવિદ્યાના અભ્યાસ માટે સત્સંગમાં વીતે તે ક્ષણ સફળ છે. એના સિવાયનું બીજું બધું તો ‘ચેતન’ અનંતવાર કરી ચૂક્યો છે.

卐 લોહચૂંબકથી લોઢું આકર્ષાય છે, સોનું નહિ; તેમ ભૌતિકસિદ્ધિથી સામાન્ય મનુષ્યો આકર્ષાય છે, શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિ નહિ.

ૐ




બાલ બંધુઓ, નિશાળની પરીક્ષાઓ પૂરી થઈ ને રજા પડી.....રજામાં મજા આવશે– પણ રજાનો થોડોક ઉપયોગ ધાર્મિક વાંચનમાં પણ જરૂર કરજો. અહીં નવા પ્રશ્નો પૂછયા છે. જવાબ પોતાના જ હસ્તાક્ષરમાં લખજો; સભ્ય નંબર લખજો.

પ્ર ( ૧ ) મોક્ષ પામવા માટે આપણી પાસે ક્યા ક્યા ત્રણ રત્નો હોવા જોઈએ ?

પ્ર ( ૨ ) નીચેની વસ્તુઓમાંથી કઈ કઈ વસ્તુઓ જીવમાં હોય ? ને કઈ અજીવમાં હોય ? તે જુદી પાડો–જ્ઞાન, સુખ, રાગ, દુઃખ, શબ્દ, રોગ શરીર અસ્તિત્વગુણ.

પ્ર ( ૩ ) નમસ્કાર–મંત્રમાં દેવ કેટલા ને ગુરુ કેટલા ?

પ્ર ( ૪ ) નીચેના ત્રણ વાક્યોમાં ખાલી જગ્યા છે ત્યાં ફકત એક અક્ષર લખવાનો છે.–

૧ ધર્મવડે–ર્મનો નાશ થાય છે.

૨ પરમાત્મામાં પરમા–નથી.

૩ મો–ના નાશવડે મોક્ષ પમાય છે.

**આ અંકનો કોયડો:**

જૈનશાસનમાં વીરપ્રભુ પછી થયેલા એક મહાન સંતને શોધી કાઢો–જેનું ચાર અક્ષરનું નામ છે; જેમણે મોટા મોટા શાસ્ત્રો રચ્યાં છે; એમના નામના છેલ્લા ત્રણ અક્ષર સિદ્ધપ્રભુમાં નથી; પણ એના નામના ચારે અક્ષરનો અર્થ સિદ્ધપ્રભુ થાય છે; બીજો અને ચોથો અક્ષર સરખા છે. છેલ્લા બે અક્ષર લંકામાં છે.

**અક્ષયત્રીજની વાર્તા**

અક્ષયત્રીજ એ વર્ષીતપના પારણા તરીકે પ્રસિદ્ધ છે; બંધુઓ, તેના ઈતિહાસની તમને ખબર હશે. ભગવાન ઋષભદેવ મુનિ થયા ત્યાર પહેલાં આપણા આ ભરતક્ષેત્રમાં લાખો કરોડો–અસંખ્યાત વર્ષો સુધી કોઈ મુનિ ન હતા, ને મુનિને આહારદાન કેવી વિધિથી દેવાય તેની કોઈને ખબર ન હતી.

ઋષભમુનિરાજે છ મહિના સુધી તો ઉપવાસ કરીને આત્મચિંતન કર્યું; ત્યારપછી આહાર માટે ગામમાં પધારતા, પણ વિધિપૂર્વક આહારનો યોગ ન બનતો, તેથી પાછા વનમાં જઈ આત્મધ્યાન કરતા. એમ કરતાં

કરતાં વર્ષ ઉપરાન્ત થઈ ગયું–ભગવાનને વર્ષીતપ થઈ ગયો.

વૈશાખ સુદ ત્રીજ આવી. આગલી રાત્રે (એટલે કે આપણા પૂ. ગુરુદેવના જન્મ દિવસની રાત્રે) શ્રેયાંસરાજાને મંગલસ્વપ્નો આવ્યાં કે મારા આંગણે કલ્પવૃક્ષ ફળ્યું છે ને દેવો વાજાં વગાડે છે–વગેરે; સવારમાં ઋષભમુનિરાજ આહારનિમિત્તે તે હસ્તિનાપુરીમાં પધાર્યા, ને તેમને જોતાં જ પરમ ભક્તિથી શ્રેયાંસકુમારને જાતિસ્મરણ જ્ઞાન થયું, પૂર્વે આઠમા ભવે ઋષભદેવની સાથે પોતે (વજ્જંઘ અને શ્રીમતીપણે) મુનિઓને આહારદાન દીધેલ તે યાદ આવ્યું ને મુનિને આહારદાન કઈ રીતે દેવાય તેની ખબર પડી. એટલે અત્યંત આનંદપૂર્વક શેરડીના રસથી ઋષભમુનિરાજને 'હાથમાં' પારણું કરાવ્યું. પછી શ્રેયાંસકુમાર પણ મુનિ થઈને ભગવાનના ગણધર થયા ને કેવળજ્ઞાન પ્રગટ કરીને અક્ષય પદ (મોક્ષ) પામ્યા; 'ઈક્ષુ' રસથી પારણું કરાવ્યું અને તે જ ભવમાં તેઓ 'અક્ષય' પદને પામ્યા તેથી તે દિવસ અક્ષયત્રીજ તરીકે પ્રસિદ્ધ થયો.

અહા, ધન્ય તે મુનિદશા! ને ધન્ય તેમના આહારદાનનો પ્રસંગ!–આપણે એ બંનેની ભાવના ભાવીએ.

*****

## ભેટપુસ્તક સંબંધી ખુલાસો

આત્મધર્મના ગ્રાહકોને "અધ્યાત્મસન્દેશ" નામનું જે ભેટપુસ્તક અપાયું છે તે હજી સુધી નથી મળ્યું એવી અનેક ગ્રાહકો તરફથી સૂચના આવી છે. આ સંબંધમાં જણાવવાનું કે મોટા શહેરોમાં જ્યાં વિશેષ ગ્રાહકો છે ત્યાં તો મુમુક્ષુમંડળ મારફત ભેટ પુસ્તકો મોકલાયા હતા; પરંતુ પરચુરણ ગામોમાં ભેટપુસ્તક મોકલવા માટે પોસ્ટખર્ચની વ્યવસ્થા થઈ ન હતી તેથી હજી સુધી મોકલાયા ન હતા; હવે પુસ્તકનું પોસ્ટખર્ચ સંસ્થા તરફથી આપવાનું નક્કી થયું છે એટલે બાકીના ગ્રાહકોને ભેટપુસ્તક પોસ્ટથી મોકલાઈ જશે, અથવા તો તેમને શિક્ષણવર્ગ દરમિયાન સોનગઢમાં રૂબરૂ આપવામાં આવશે.

બીજું 'દર્શનકથા' નામનું ભેટપુસ્તક આત્મધર્મના માત્ર બાલવિભાગના સભ્યોને જ મોકલવામાં આવ્યું છે, આત્મધર્મના બધા ગ્રાહકોને નહિ,–તેની નોંધ લેવા વિનંતિ છે.

# અમે બાલવિભાગનાં સભ્ય-અમે જિનવરનાં સંતાન

(બાલવિભાગના સભ્યો ખૂબ ઉત્સાહપૂર્વક વધી રહ્યા છે. બસો સભ્યો ધારેલા તેને બદલે છસો ઉપર થઈ ગયા છે. બંધુઓ, તમે સૌ ઉત્સાહથી ભાગ લેજો. કોઈનું નામ રહી ગયું હોય તો અમને જણાવજો. ગતાંકમાં નં. ૫૦૯ થી ૫૧૩ સુધીનાં નામો ડબલ હોવાથી તે રદ કરીને છાપેલ છે તે સાચા સમજવા.)

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૦૯ | સુબોધચંદ્ર વૃજલાલ જૈન | કલોલ | ૫૩૬ | મધુબેન ભોગીલાલ જૈન | પોશીના |
| ૫૧૦ | હસમુખલાલ વૃજલાલ જૈન | ” | ૫૩૭ | વીરેન્દ્ર પી. જૈન | બોરીવલી |
| ૫૧૧ | વિનોદચંદ્ર વૃજલાલ જૈન | ” | ૫૩૮ | જયેશ પી. જૈન | ” |
| ૫૧૨ | નલીનકુમાર વૃજલાલ જૈન | ” | ૫૩૯ | અશોક ખીમચંદ જૈન | જામનગર |
| ૫૧૩ | રમણલાલ સુખલાલ જૈન | ઘોડનદી | ૫૪૦ | મધુબેન કે. જૈન | બોરસદ |
| ૫૧૪ | સુલોચના ચંદુલાલ જૈન | ફત્તેપુર મોટા | ૫૪૧ | ભદ્રેશકુમાર ફકીરચંદ | મદ્રાસ |
| ૫૧૫ | મીનાબેન છોટાલાલ જૈન | લાઠી | ૫૪૨ | રજનીકાન્ત જગજીવન જૈન | ઉમરાળા |
| ૫૧૬ | માલાબેન ચંદુલાલ જૈન | ” | ૫૪૩ | રાજેશ્રી નગીનદાસ જૈન | ધ્રાંગધ્રા |
| ૫૧૭ | मीनाक्षीबेन जैन | खंडवा | ૫૪૪ | દક્ષા એન. ઝોબાલીઆ BIENNE | (સ્વીટ્ઝરલેન્ડ) |
| ૫૧૮ | प्रवीणकुमार जैन | ” | | | |
| ૫૧૯ | सुभाषकुमार जैन | ” | ૫૪૫ | જિતેન્દ્ર પ્રભુદાસ જૈન | વડોદરા |
| ૫૨૦ | विश्वश्री जैन | ” | ૫૪૬ | અશોક પ્રભુદાસ જૈન | ” |
| ૫૨૧ | जयश्री जैन | ” | ૫૪૭ | નિખિલ પ્રભુદાસ જૈન | ” |
| ૫૨૨ | જયેન્દ્ર શાંતિલાલ જૈન | અમદાવાદ | ૫૪૮ | મુકેશ જૈન | લાઠી |
| ૫૨૩ | શૈલેષ કાંતિલાલ જૈન | રાજકોટ | ૫૪૯ | દિપ્તીબેન જૈન | મુટેડી |
| ૫૨૪ | રાજેશ કાંતિલાલ જૈન | ” | ૫૫૦ | નગીનચંદ્ર જગજીવન જૈન | સોનગઢ |
| ૫૨૫ | કંચનબેન સોમચંદ જૈન | તલોદ | ૫૫૧ | પ્રફુલ્લા શાંતિલાલ જૈન | મુંબઈ-૨૨ |
| ૫૨૬ | વિજયકુમાર નગીનદાસ જૈન | જામનગર | ૫૫૨ | પ્રતિભા એસ. જૈન | ” |
| ૫૨૭ | મુકેશબાબુ હસમુખલાલ જૈન | રાજકોટ | ૫૫૩ | ગીતા. એસ જૈન | ” |
| ૫૨૮ | નૈનાબેન એચ. જૈન | ” | ૫૫૪ | ભાવના એસ. જૈન | ” |
| ૫૨૯ | દીપ્તિબેન એચ. જૈન | ” | ૫૫૫ | દીના એસ. જૈન | ” |
| ૫૩૦ | ભાવનાબેન એચ. જૈન | ” | ૫૫૬ | દીપકભાઈ કાન્તિલાલ જૈન | ચોટીલા |
| ૫૩૧ | શૈલેષ ડાહ્યાલાલ જૈન | અમદાવાદ | ૫૫૭ | દીપિકાબેન કાન્તિલાલ જૈન | ” |
| ૫૩૨ | ચંદ્રકાંત ડાહ્યાલાલ જૈન | ” | ૫૫૮ | ઉરેશ જયંતિલાલ જૈન | અંકલેશ્વર |
| ૫૩૩ | પ્રકાશકુમાર એમ. જૈન | વીંછીયા | ૫૫૯ | નિલેશ જયંતિલાલ જૈન | અંકલેશ્વર |
| ૫૩૪ | જશવંતકુમાર એમ. જૈન | વીંછીયા | ૫૬૦ | સૂર્યકાન્ત જૈન | પાટી |
| ૫૩૫ | પ્રવીણચંદ્ર ગુલાબચંદ જૈન | મુંબઈ-૨ | ૫૬૧ | કાંતિ એમ. જૈન | દામનગર |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૫૬૨ | રેખાબેન વૃજલાલ જૈન | મુંબઈ–૨૨ | ૫૯૪ | જયશ્રી મુકુન્દરાય જૈન | સોનગઢ |
| ૫૬૩ | રસ્મિકા વૃજલાલ જૈન | ” | ૫૯૫ | ઉષાબેન વાસુદેવ જૈન | ” |
| ૫૬૪ | અરૂલતા વૃજલાલ જૈન | ” | ૫૯૬ | જ્યોત્સના વાસુદેવ જૈન | ” |
| ૫૬૫ | સુરેશ રતિલાલ જૈન | જોરાવરનગર | ૫૯૭ | યશવીર વાસુદેવ જૈન | ” |
| ૫૬૬ | વીણા રતીલાલ જૈન | ” | ૫૯૮ | રવિન્દ્ર હિંમતલાલ જૈન | મોરબી |
| ૫૬૭ | પ્રવીણા જૈન | અમદાવાદ | ૫૯૯ | નિરંજનકુમાર શાંતિલાલ જૈન | મોશી( આફ્રિકા ) |
| ૫૬૮ | હસમુખ જૈન | ” | ૬૦૦ | કિરિટ કાંતિલાલ જૈન | થાન |
| ૫૬૯ | દીલીપ જૈન | ” | ૬૦૧ | જયશ્રી એન. જૈન | વીંછીયા |
| ૫૭૦ | ઉમેશ જૈન | ” | ૬૦૨ | આશા એન. જૈન | ” |
| ૫૭૧ | પ્રફુલ્લા જૈન | ” | ૬૦૩ | ચારૂલત્તા નરોતમદાસ જૈન | ” |
| ૫૭૨ | કિરણ જૈન | ” | ૬૦૪ | કમલેશ એન. જૈન | ” |
| ૫૭૩ | પારસ જૈન | ” | ૬૦૫ | રાજેશ એન. જૈન | ” |
| ૫૭૪ | મહેશકુમાર ભોગીલાલ જૈન | વીંછીયા | ૬૦૬ | ભરત કાંતિલાલ જૈન | જામનગર |
| ૫૭૫ | યશવંત જયંતિલાલ જૈન | ” | ૬૦૭ | દર્શના કાંતિલાલ જૈન | ” |
| ૫૭૬ | બિપિનચંદ્ર જગજીવન જૈન | ” | ૬૦૮ | રજનીકાન્ત પારસમલ જૈન | રાજકોટ |
| ૫૭૭ | પ્રમોદ ભોગીલાલ જૈન | ” | ૬૦૯ | વિનોદ જૈન | ભાવનગર |
| ૫૭૮ | વિદ્યુત જૈન | રાજકોટ | ૬૧૦ | પ્રમોદ જૈન | ” |
| ૫૭૯ | દિવ્યા જૈન | ” | ૬૧૧ | સુમન જૈન | ” |
| ૫૮૦ | હર્ષા મણિલાલ જૈન | પોરબંદર | ૬૧૨ | નલીની જૈન | રાજકોટ |
| ૫૮૧ | સાધના મણિલાલ જૈન | ” | ૬૧૩ | દિલીપ જૈન | ” |
| ૫૮૨ | ભરત હિંમતલાલ જૈન | મુંબઈ | ૬૧૪ | ભદ્રેશ જૈન | ” |
| ૫૮૩ | નિરંજન હિંમતલાલ જૈન | ” | ૬૧૫ | સોનલ રમણીકલાલ જૈન | અમરાપુર |
| ૫૮૪ | કિરિટ ચીમનલાલ જૈન | મુંબઈ | ૬૧૬ | ગીતા રમણીકલાલ જૈન | ” |
| ૫૮૫ | અરૂણા ચીમનલાલ જૈન | ” | ૬૧૭ | ચેતન રમણીકલાલ જૈન | ઘાટકોપર |
| ૫૮૬ | બળદેવ કનૈયાલાલ જૈન | અમદાવાદ | ૬૧૮ | કુમકુમ રમણીકલાલ જૈન | ” |
| ૫૮૭ | પ્રકાશ કનૈયાલાલ જૈન | ” | ૬૧૯ | અતૂલ રમણીકલાલ જૈન | ” |
| ૫૮૮ | ચેતન કનૈયાલાલ જૈન | ” | ૬૨૦ | ગીરીશ ચુનીલાલ જૈન | પ્રાંતીજ |
| ૫૮૯ | કિરણબેન ચુનીલાલ જૈન | ” | ૬૨૧ | સરોજ છોટાલાલ જૈન | ફત્તેપુર–મોટા |
| ૫૯૦ | અશોક ચુનીલાલ જૈન | સોનગઢ | ૬૨૨ | શૈલેશ કાન્તિલાલ જૈન | રાજકોટ |
| ૫૯૧ | સુખદેવ ચુનીલાલ જૈન | ” | ૬૨૩ | રાજેશ કાંતિલાલ જૈન | ” |
| ૫૯૨ | રેખાબેન મુકુન્દરાય જૈન | ” | ૬૨૪ | દીલીપ નૌતમલાલ જૈન | ” |
| ૫૯૩ | યોગેન્દ્ર મુકુન્દરાય જૈન | ” | | | |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬૨૫ | પંકજ નૌતમલાલ જૈન | રાજકોટ | ૬૪૮ | तुप्ति जैन | खंडवा |
| ૬૨૬ | નરેન્દ્ર ત્રિકમદાસ જૈન | વઢવાણ | ૬૪૯ | હસમુખલાલ અમૃતલાલ જૈન | લીંબડી |
| ૬૨૭ | વંદના પ્રવીણચંદ્ર જૈન | કેશોદ | ૬૫૦ | પ્રફુલ્લ પી. જૈન | મુંબઈ–૨ |
| ૬૨૮ | રાજુલ પ્રવીણચંદ્ર જૈન | " | ૬૫૧ | ધૈર્યબાળા પી. જૈન | મુંબઈ–૪ |
| ૬૨૯ | વિનોદકુમાર દેવસી જૈન | જામનગર | ૬૫૨ | ભરત પી. જૈન | " |
| ૬૩૦ | દીપકકુમાર હસમુખલાલ જૈન | સુરેન્દ્રનગર | ૬૫૩ | દીલીપ વેલજી જૈન | કાકાભાઈ-સિંહણ |
| ૬૩૧ | મુકેશકુમાર મણીલાલ જૈન | મદ્રાસ | ૬૫૪ | અજય નંદલાલ જૈન | અમદાવાદ |
| ૬૩૨ | કમલેશ નાગરદાસ જૈન | કલકત્તા | ૬૫૫ | બીપીન નંદલાલ જૈન | " |
| ૬૩૩ | શીલાબેન સુરેશચંદ્ર ઝવેરી | " | ૬૫૬ | હસમુખ રમણીકલાલ જૈન | જામનગર |
| ૬૩૪ | જયોત્સ્ના કેશવલાલ જૈન | જામનગર | ૬૫૭ | વિજય શશીકાન્ત જૈન | ભાવનગર |
| ૬૩૫ | નિરંજન કાન્તિલાલ જૈન | મુંબઈ–૨ | ૬૫૮ | ઈલા શશીકાન્ત જૈન | " |
| ૬૩૬ | દીપક કાન્તિલાલ જૈન | " | ૬૫૯ | દર્શના શશીકાન્ત જૈન | " |
| ૬૩૭ | ચેતના કાન્તિલાલ જૈન | " | ૬૬૦ | જયેશકુમાર બળવંતરાય જૈન | સુરત |
| ૬૩૮ | દીપક ભોગીલાલ જૈન | વડોદરા | ૬૬૧ | વિજયકુમાર બળવંતરાય જૈન | " |
| ૬૩૯ | રાજેન્દ્ર ભોગીલાલ જૈન | " | ૬૬૨ | દીપક ભોગીલાલ જૈન | વડોદરા |
| ૬૪૦ | ભરત છોટાલાલ જૈન | લાઠી | ૬૬૩ | રાજેન્દ્ર ભોગીલાલ જૈન | " |
| ૬૪૧ | દુષ્યંત જૈન | જલગાંવ | ૬૬૪ | સુભાષ વજુભાઈ જૈન | રાજકોટ |
| ૬૪૨ | કૌશિક જૈન | " | ૬૬૫ | જ્યોતીન્દ્ર નંદલાલ જૈન | વઢવાણ |
| ૬૪૩ | કલ્પના દલસુખરાય જૈન | સાવરકુંડલા | ૬૬૬ | જયશ્રીબેન નરોતમદાસ જૈન | વીંછીયા |
| ૬૪૪ | ભરત દલસુખરાય જૈન | " | ૬૬૭ | યશવંત જયંતિલાલ જૈન | " |
| ૬૪૫ | મીતા દલસુખરાય જૈન | " | ૬૬૮ | હાર્દિકા ચીમનલાલ જૈન | " |
| ૬૪૬ | विशाल जैन | खंडवा | ૬૬૯ | મીના ચીમનલાલ જૈન | " |
| ૬૪૭ | कल्पना जैन | " | ૬૭૦ | રાજુ ચીમનલાલ જૈન | " |

## આત્મધર્મના વિકાસ માટે તથા બાલવિભાગ માટે આવેલ રકમોની સાભાર યાદી.

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૨૫–૦૦ | દામોદરદાસ હંસરાજ મોદી | અમદાવાદ | ૨૫–૦૦ | સ્વ. જયાબેન હા. છોટાલાલ મોહનલાલ કામદાર | અમદાવાદ |
| ૨૫–૦૦ | રવિચંદ વિકમચંદ સંઘવી હા. શ્રી નવલચંદભાઈ | કલકત્તા | ૨૫–૦૦ | મંજુલાબેન ભાઈલાલભાઈ | કલકત્તા |
| ૫૧–૦૦ | બાબુભાઈ માણેકલાલ શાહ | મુંબઈ | ૨૫–૦૦ | કાળીદાસ હકમચંદ કામદાર | બોટાદ |
| ૩૧–૦૦ | મરઘાબેન મણીલાલ શાહ તથા અમૃતલાલ દામોદરદાસ શાહ ધ્રાંગધ્રાવાળા | મુંબઈ | ૧–૦૦ | એક મુમુક્ષુ | મોરબી |
| | | | ૫૧–૦૦ | ત્રંબકલાલ મુળજીભાઈ ભાયાણી | લાઠી |
| | | | ૩૫–૦૦ | શ્રી વૃજલાલ મગનલાલ શાહ હા. અનંતરાય વૃજલાલ શાહ | જલગાંવ |
| ૫૧–૦૦ | હેમકુંવરબેન કામાણી | જમશેદપુર | | | |

( વિશેષ આવતા અંકે )

આ ઉપરાંત આત્મધર્મના બાલવિભાગના સભ્યોને રૂા. ૩૭૫ ) ની કિંમતના દર્શનકથાના પુસ્તકો મુંબઈના ભાઈશ્રી જગદીશચંદ્ર ચીમનલાલ મોદી તરફથી તેમની સ્વર્ગસ્થ પુત્રીની સ્મૃતિમાં ભેટ આપવામાં આવ્યા છે તે બદલ તેમને ધન્યવાદ.

**પરદેશનો પત્ર**

આફ્રિકા–મોમ્બાસાથી ભાઈશ્રી ભગવાનજીભાઈ–જેઓ ત્યાંના મુમુક્ષુમંડળના ઉત્સાહી પ્રમુખ છે, તેઓ આત્મધર્મ પ્રત્યે પ્રમોદ વ્યક્ત કરતાં લખે છે કે–"આત્મધર્મમાં હાલમાં નવા નવા વિષયો ઉમેરીને જે રસમય બનાવી રહ્યા છો તે વાંચતાં ઘણો જ આનંદ આવે છે. અમો અહીં હજારો માઈલ દૂર બેઠા ગુરુદેવના તાજા પ્રવચનોનો સાર વાંચીને સાક્ષાત્ રૂબરૂ જ સાંભળતા હોઈએ તેવા ભાવ ઊછળે છે; તે ઉપરાંત બાલવિભાગ અને ખાસ કરીને પ્રશ્નોતરના રહસ્ય નવીન જ લાગે છે. જાણે કે ગુરુદેવના અંતરંગસ્વભાવના ભાવોનું ઘોલન કરીને પી રહ્યા હોય, એવા લખાણ વાંચતા તૃપ્તિ જ થતી નથી. તમે ભાગ્યશાળી છો કે આવા રહસ્યોનું ઘોલન કરીને સત્યપુરુષની વાણીનું અમૃત પી રહ્યા છો. અમને જલદી દેશમાં આવીને ગુરુદેવના સત્સમાગમનો લાભ લેવાની તીવ્ર ઝંખના રહ્યા કરે છે."

**( લેખ મોકલનાર બંધુઓને- )**

બહારથી કેટલાક ભાઈઓના લેખો–કાવ્યો વગેરે મળ્યા છે, ને બીજા કેટલાક હજી લખીને મોકલવાનું જણાવે છે. આવેલા લખાણોમાંથી જે ઉપયોગી હતું તે લીધું છે; બાકીનું આત્મધર્મની શૈલીને અનુરૂપ ન હોવાથી છોડી દીધું છે. લખાણ મોકલનારા બંધુઓની આત્મધર્મ પ્રત્યેની લાગણી બદલ આભાર.

**ભુપેન્દ્ર અમુલખ જૈન ( જોરાવરનગર )**

આપનો પત્ર મળ્યો; આપે લખેલ "પત્ર યોજના" લક્ષમાં છે; પરંતુ બાળવિભાગ સંપૂર્ણ વ્યવસ્થિત થઈ જાય ત્યાર પછી જ નવી યોજના હાથમાં લઈ શકાય. બાલવિભાગની હજી તો શરૂઆત જ ગણાય. ગુરુદેવના જન્મોત્સવ સંબંધી આપે ભક્તિ–ભાવના વ્યક્ત કરી તે યોગ્ય છે. જન્મોત્સવ આનંદથી ઉજવાઈ રહ્યો છે.

( સૂચનાઃ કેટલા ભાઈઓ પત્રના જવાબ માટે સાથે ટિકિટ બીડે છે; તે મોકલવાની જરૂર નથી. જવાબ લખવા જેવા દરેક પત્રનો જવાબ ( પોસ્ટેજ મોકલ્યા વગર પણ ) લખાય જ છે.

**જ્યોતીન્દ્ર જૈન ( વઢવાણ )**

**તમારા ગાયનનો રાગ આત્મધર્મમાં ન ચાલે.**

**"એકડેએક...." વિભાગ હવે પછી આપશું.**

**ભીમસેન સોનગઢમાં આવ્યા હશે ?**

જી હા; કેમકે તેઓ મુનિ થયા પછી શત્રુંજય ઉપર પધાર્યા હતા ત્યારે તેમના પુનિત પગલાંથી અમારા સોનગઢનું ક્ષેત્ર પણ પાવન થયું હશે; શત્રુંજય જવાનો રસ્તો સોનગઢથી જ પસાર થાય છે; એટલે પાંચ પાંડવ મુનિવરોના પુનિત પગલા સોનગઢની ભૂમિમાં થયા હશે.–તે ભીમ વગેરે પાંચે ભગવંતોને નમસ્કાર.




卐 આ લખાય છે ત્યારે સોનગઢમાં પૂ. ગુરુદેવની ૭૭મી જન્મજયંતિના ઉત્સવની અનેકવિધ ઉલ્લાસકારી તૈયારીઓ ચાલી રહી છે. આ જન્મોત્સવના ઉલ્લાસપ્રસંગે પૂ. બેનશ્રી ચંપાબેન અને પૂ. બેન શાન્તાબેન તરફથી સિદ્ધચક્રમંડલવિધાન ઘણા ભક્તિભાવથી રાખવામાં આવેલ, તે ચૈત્ર વદ ૮ થી શરૂ કરીને અમાસે આનંદપૂર્વક પૂર્ણ થયું. સોનગઢમાં આ ચોથી વખત સિદ્ધચક્રવિધાન થયું. સિદ્ધચક્રવિધાનનું પૂજન કરતી વખતે સિદ્ધભગવંતોના ગુણોની હારમાળાથી સાધકોનું હૃદય એવું પ્રસન્ન થતું હતું કે જાણે સિદ્ધભગવંતોની વચ્ચે જ બેઠાં હોય.....ને સિધ્ધોને નજરે નીહાળતાં હોય !

卐 ચૈત્ર સુદ દસમે માનસ્તંભની પ્રતિષ્ઠાનો વાર્ષિક દિવસ ઉજવાયો હતો; તથા ચૈત્ર સુદ તેરસે મહાવીર જયંતિનો કલ્યાણકદિવસ પણ આનંદથી ઊજવાયો હતો. તે દિવસનું પ્રવચન શ્રી હીરાભાઈના મકાનમાં હતું–જ્યાં ગુરુદેવ પહેલા રહેતા અને સં. ૧૯૯૧ માં ચૈત્ર સુદ તેરસે જ્યાં પરિવર્તન કરીને શુદ્ધ દિગંબર જૈન આમ્નાય પ્રસિદ્ધ કરી હતી.

卐 સોનગઢમાં જન્મજયંતિ બાદ–વૈશાખ સુદ ૪ તા. ૨૪–૪–૬૬ ને રવિવારના રોજ પૂ. ગુરુદેવ રાજકોટ પધારશે. ત્યાં તા. ૧–૫–૬૬ ના રોજ માનસ્તંભ અને સમવસરણ મંદિરનો વાર્ષિક–પ્રતિષ્ઠા દિન છે. રાજકોટ ૧૫ દિવસ રહી તા. ૯–૫–૬૬ ને સોમવારે ગુરુદેવ સોનગઢ પધારશે.

વીંછીયા (સૌરાષ્ટ્ર) માં ફાગણ સુદ સાતમે જિનમંદિરની પ્રતિષ્ઠાની વર્ષગાંઠ ઉત્સાહપૂર્વક ઉજવાઈ હતી. તથા અષ્ટાહ્નિકામાં સિદ્ધચક્રવિધાન આનંદપૂર્વક થયું હતું. આ ઉપરાંત રાજકોટમાં ફાગણ સુદ ૧૨, મોરબીમાં ચૈત્ર સુદ ૨ અને વાંકાનેરમાં ચૈત્ર સુદ ૧૩ વગેરે સ્થળે જિનમંદિરની વર્ષગાંઠના દિવસો આનંદપૂર્વક ઉજવાયા હતા.




(ગતાંકના વૈરાગ્ય સમાચારમાં મુરબ્બીશ્રી વીરજીભાઈની ઉમર ૯૫ (પંચાણુ) વર્ષને બદલે ભૂલથી ૫૯ છપાઈ ગયેલ છે તે સુધારીને વાંચવા વિનંતિ છે.)

卐 અમદાવાદના ભાઈશ્રી છોટાલાલ મોહનલાલ કામદારના ધર્મપત્ની શ્રી જયાબહેન વીરમગામ મુકામે ચૈત્ર સુદ એકમના રોજ એકાએક સ્વર્ગવાસ પામ્યા છે. આ દિવસે જ તેમનો જન્મદિવસ હતો; ને સ્વાધ્યાય કરતાં કરતાં હૃદયરોગનો હૂમલા થતાં તેમનો સ્વર્ગવાસ થઈ ગયો. તેઓ ભદ્રપરિણામી હતા ને સત્સંગની તેમને ભાવના હતી.

卐 લાઠીના ભાઈશ્રી ત્રંબકલાલ મૂળજીભાઈ ભાયાણી તા. ૧૨–૩—૬૬ ના રોજ ભાવનગર મુકામે ૪૬ વર્ષની વયે સ્વર્ગવાસ પામ્યા છે.

卐 ચંગા (જામનગર) ના ભાઈશ્રી રાજપાલ લખમશી નાઈરોબી–આફ્રિકામાં તા. ૧૨–૩–૬૬ ના રોજ હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા છે. આફ્રિકામાં પણ તેઓ દર્શન–સ્વાધ્યાયમાં નિયમિત ભાગ લેતા. દેશમાં આવીને સત્સંગની તેમને અભિલાષા હતી.

卐 ગારીયાધારના ભાઈશ્રી મણિલાલ પોપટલાલના ધર્મપત્ની શ્રી શાંતાબેન સોનગઢમાં ફાગણ વદ ૧૨ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. તેઓ સોનગઢ રહીને સત્સંગનો લાભ લેતા હતા, ને તત્ત્વ સમજવાનો ઉત્સાહ બતાવતા હતા.

卐 વીંછીયાના ભાઈશ્રી પાનાચંદ છગનલાલ ડગલી ચૈત્ર સુદ ત્રીજના રોજ સ્વર્ગવાસ પામ્યા છે. થોડા જ સમય પહેલાં આટકોટમાં ગુરુદેવના દર્શનથી તેઓને ઉલ્લાસ થયો હતો.

સ્વર્ગસ્થ આત્માઓ ધર્મપ્રેમમાં આગળ વધીને આત્મહિત સાધો.

* * *

卐 (અશુદ્ધી) આત્મધર્મ અંક ૨૭૦ પાનું ૧૮ બીજી કોલમ બીજી લાઈનમાં "અનુભવી" છપાયું છે ત્યાં "અનુજીવી" વાંચવું.

પાનું ૧૯ પહેલી કોલમ લાઈન ૯ અને ૧૧માં 'અભયત્વ' ને બદલે 'અભવ્યત્વ' વાંચવું.

રજીસ્ટ્રેશન ઓફ ન્યુઝ પેપર્સ ( સેન્ટ્રલ રૂલ્સ ૧૯૫૬ અન્વયે ) "આત્મધર્મ" સંબંધમાં નીચેની વિગતો પ્રગટ કરવામાં આવે છે.

| | | | |
|---|---|---|---|
| ૧. | પ્રસિદ્ધિ સ્થળ | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ |
| ૨. | પ્રસિદ્ધિ ક્રમ | : | દરેક અંગ્રેજી મહિનાની વીસમી તારીખ |
| ૩. | મુદ્રકનું નામ | : | અનંતરાય હરિલાલ શેઠ |
| | ક્યા દેશના | : | ભારતીય |
| | ઠેકાણું | : | આનંદ પ્રિન્ટીંગ પ્રેસ, ભાવનગર. |
| ૪. | પ્રકાશકનું નામ | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી જગજીવન બાવચંદ દોશી |
| | ક્યા દેશના | : | ભારતીય |
| | ઠેકાણું | : | સોનગઢ ( સૌરાષ્ટ્ર ) |
| ૫. | તંત્રી | : | જગજીવન બાવચંદ દોશી |
| | ક્યા દેશના | : | ભારતીય |
| | ઠેકાણું | : | સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ. |
| ૬. | સામાયિકના માલિકનું નામ | : | શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ |

આથી અમો જાહેર કરીએ છીએ કે ઉપર આવેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે. તા. ૧-૪-૬૬

**જગજીવન બાવચંદ દોશી**

**શ્રી દિ. સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી**

卐

**પૂ. ગુરુદેવના ૭૭મા**

**જન્મોત્સવ-પ્રસંગે**

**આત્મધર્મનો**

**૭૭ પાનાનો આ અંક**

**પ્રસિદ્ધ કરતા આનંદ થાય છેઃ-**

**૬૬ પાનાં નંબરવાળા**

**( નં. ૫ થી ૭૦ )**

**૮ પાનાં શરૂમાં નંબર વગરના**

**( ટાઈટલ વગેરે )**

**૨ આર્ટ-રંગીન**


**એમ પાનાં ૭૬ આપે જોયા.....ને હવે**

**૭૭મું પાનું પાછળ જુઓ**

卐

આ અંકનું ૭૭મું પાનું )

# જાુગ જાુગ જીવો કહાન હમારા



દિલ ભવિજનનું હિત ધરનારા.....જાુગ જાુગ જીવો કહાન હમારા....
જડ ચેતન ભિન્ન બતાવનારા....જાુગ જાુગ જીવો કહાન હમારા.....
મુમુક્ષુને મોક્ષમાર્ગ દેખાડી, દિનરાતની તેં પરવા ન કરી;
નિજ સ્વરૂપના સાધનહારા, જાુગ જાુગ જીવો કહાન હમારા...
વૈશાખ સુદ બીજ મંગલ આવી, ગુરુ-જન્મોત્સવ વધામણા લાવી;
દિવ્ય દુદુંભી વાજાં વાગ્યા.... જાુગ જાુગ જીવો કહાન હમારા....
પંચમકાળમાં ભૂલા પડેલા....ભવિજનને માર્ગદર્શન મળીયા;
ભવઅંત પામશું તમને ભજતાં....જાુગ જાુગ જીવો કહાન હમારા...
મોતીચંદભાઈના કૂળદીપક છો, ઉજમબાના લાડીલા નંદ છો;
અમ સેવકના જીવન-આધારા, જાુગ જાુગ જીવો કહાન હમારા....

( જયશ્રીબેન જૈનઃ વીંછીયા )




( વૈ. સુદ બીજ ૭૬મા જન્મોત્સવ પ્રસંગે રાજકોટમાં
ભજવાયેલ નાટકમાંથી )

૧. શિવરમણી રમનાર તું, તૂંહી દેવનો દેવ;
પરમ બ્રહ્મ પરમાતમા; કરે સર્વ તુજ સેવ.
૨ દિવ્યસ્વરૂપ ઘટમાં વસે, આનંદનું એ ધામ;
જગમાં સૌથી શ્રેષ્ઠ છે, ચેતન એનું નામ.
૩ જ્ઞાન–સુખનો પિંડ છે, અંતર આતમરામ;
એક જ અનુભવ એહનો, બીજું છે નહિ કામ.
૪ સિદ્ધ બુદ્ધ અરહંત છે, પરમેષ્ઠી સુખકાર;
યોગી એને અનુભવે, પામે ભવનો પાર.
૫ આતમને જે અનુભવે વાહ, વાહ, એ સંત!
એવા સંતને સેવતાં ભવના આવે અંત.
૬. આત્મ સ્વરૂપને સાધવા મારો આ અવતાર;
પદ ત્રિલોકી પામીને કરું જગત ઉદ્ધાર.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ અનંતરાય હરિલાલ શેઠઃ આનંદ પ્રિન્ટીંગ પ્રેસઃ ભાવનગર

# મોક્ષાર્થી

જે જીવ મોક્ષાર્થી થયો છે.....મુમુક્ષુતામાં જેણે પગલાં માંડયા છે.....અનાદિ સંસારથી ભિન્નદશા તરફ જેણે પોતાનું મુખ ફેરવ્યું છે.....મહા ઉદ્યમપૂર્વક શીઘ્ર મોક્ષપદ સાધવા માટે જે કટિબદ્ધ થયો છે. આત્મતત્ત્વની રુચિ વડે મુમુક્ષુતાની ભૂમિકામાં આવીને જેણે સંસારના સાધારણ જીવો કરતાં એક પ્રકારની વિશિષ્ટતા પ્રગટ કરી છે, જગતના પદાર્થો કરતાં પોતાનું ચૈતન્યપદ જેને અતિશય વહાલું લાગ્યું છે, આધ્યાત્મિક સન્તોની ચરણસેવામાં જેનું ચિત્ત અતિશયપણે લાગેલું છે, જ્ઞાની પુરુષોનાં વચનોવડે જે પોતાના આત્મામાં ઝડપથી નવા નવા અપૂર્વ સંસ્કાર સીંચતો જાય છે, નિજ આત્મહિત સાધવાની મહાનમાં મહાન જવાબદારીના ભાનમાં જે સદા જાગૃત વર્તે છે, જેનું ચિત્ત સંસારથી વિરક્ત થઈને આત્મિક સાધના પ્રત્યે ઉત્સાહિત વર્તે છે, એવો આ મોક્ષાર્થી પોતાની નવીન કાર્યભૂમિકામાં પરમ પ્રીતિથી વર્તતો થકો, પોતાના આત્મવિશ્વાસ અને આત્મઉલ્લાસપૂર્વક ગુરુચરણમાં નિજકાર્યને શીઘ્ર સાધે છે.

卐